દરરોજ સવારે સુરત થી પ્રસિદ્ધ થતું

RNI No. GUJGUJ/2023/87728

www.mumbaitarang.com

દૈનિક

# મુંબઈ તરંગ

™

વર્ષ - 2 · અંક - 192 · બુધવાર : 23 એપ્રિલ 2025 · તંત્રી : દિલીપ નાનજીભાઈ પટેલ · પાનાં 8 · ₹3/-

**આજ નો સુવિચાર**

માર્ગમાં સંકટો નડ્યા તેમાં, દુનિયાને રસ નથી, તમે નાવ કિનારે લાવ્યા કે નહિ તેમાં રસ છે.

**અક્ષય કુમારે ઓફિસ વેચી, સૈફે દોહામાં ઘર ખરીદ્યું; આમિરે ૯ કરોડ ફ્લેટમાં રોક્યા**




## સંક્ષિપ્ત સમાચાર

### પોપ ફ્રાન્સિસના નિધન પર ભારતમાં ત્રણ દિવસનો રાજકીય શોક જાહેર

રોમન કેથોલિક ચર્ચના પ્રથમ લેટિન અમેરિકન પોપ ફ્રાન્સિસનું લાંબી બીમારી બાદ સોમવાર સવારે એટલે કે ઈસ્ટર મંડેના દિવસે નિધન થઈ ગયું. તેઓ 88 વર્ષના હતા અને આ વર્ષે ડબલ નિમોનિયાથી પીડિત થયા બાદ 38 દિવસો સુધી દાખલ રહ્યા હતા. પોપ ફ્રાન્સિસના નિધન પર દુનિયાભરના દિગ્ગજોએ દુ:ખ વ્યક્ત કર્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ દુ:ખ વ્યક્ત કર્યું. વડાપ્રધાન મોદીએ આ દરમિયાન કહ્યું હતું કે, પોપ ભારતીયોને લઈને ખાસ સ્નેહ રાખતા હતા. આ વચ્ચે પોપના નિધન પર ભારતમાં ત્રણ દિવસનો રાજકીય શોક જાહેર કરાયો છે.

ગૃહ મંત્રાલયે પોપ ફ્રાન્સિસના નિધન પર સન્માન તરીકે ત્રણ દિવસનો રાજકીય શોક જાહેર કર્યો. પોપ ફ્રાન્સિસના સન્માનમાં સમગ્ર ભારતમાં ત્રણ દિવસીય રાજકીય શોક મનાવાશે. 22 અને 23 એપ્રિલે બે દિવસીય રાજકીય શોક રહેશે. આ સિવાય અંતિમ સંસ્કારના દિવસે એક દિવસનો રાજકીય શોક રહેશે. રાજકીય શોક દરમિયાન સમગ્ર ભારતમાં તે તમામ ઈમારતો પર રાષ્ટ્રીય ધ્વજ અડધો ઝૂકેલો રહેશે, જ્યાં નિયમિત રીતે રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવામાં આવે છે, અને કોઈ સત્તાવાર મનોરંજન નહીં થાય.વેટિકન સિટીમાં પોપ ફ્રાન્સિસના નિધનની જાહેરાત સોમવારે સવારે જ કરવામાં આવી છે. દુનિયાના નેતાઓએ દુ:ખ વ્યક્ત કર્યું છે.

## કોર્ટે રાહુલ ગાંધીની નાગરિકતા મામલે કેન્દ્ર પાસે દસ દિવસમાં રિપોર્ટ માંગ્યો




લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીની નાગરિકતાને લઈને દાખલ કરવામાં આવેલી અરજીને લઈને અલ્હાબાદ હાઈકોર્ટની લખનઉ બેંચે કડક વલણ અપનાવ્યું છે. હાઈકોર્ટે કેન્દ્ર સરકારને દસ દિવસની અંદર નાગરિકતા અંગે સ્પષ્ટ અહેવાલ આપવાનો આદેશ આપ્યો છે.

કર્ણાટકના ભાજપ કાર્યકર્તા એસ વિગ્નેશ શિશિર દ્વારા દાખલ કરવામાં આવેલી જાહેર હિતની અરજી પર જસ્ટિસ એ.આર. મસૂદી અને જસ્ટિસ રાજીવ સિંહની ડિવિઝન બેન્ચે આ આદેશ આપ્યો છે. આ પહેલાની સુનાવણી દરમિયાન ડેપ્યુટી સોલિસિટર જનરલ એસબી પાંડેએ કોર્ટને જણાવ્યું કે, સંબંધિત મંત્રાલયે યુકે સરકારને કથિત બ્રિટિશ નાગરિકતા વિશે વિગતો માંગવા પત્ર લખ્યો છે. તેથી સરકારને ફરિયાદ પર નિર્ણય લેવા માટે સમયની જરૂર છે. અરજદારે દલીલ કરી હતી કે, તેમની પાસે બ્રિટિશ સરકારના તમામ દસ્તાવેજો અને કેટલાક ઈ-મેલ છે જે સાબિત કરે છે કે, રાહુલ ગાંધી બ્રિટિશ નાગરિક છે.

## જમ્મુ કાશ્મીરમાં મોટો આતંકી હુમલો, 26ના મોતની આશંકા, આજે રાત્રે જ PM મોદી પરત ફરશે

જમ્મુ અને કાશ્મીરના અનંતનાગ જિલ્લાના પહલગામમાં મંગળવારે મોટો આતંકવાદી હુમલો થયો હતો. આતંકવાદીઓએ પર્યટકો અને સ્થાનિકોને નિશાન બનાવીને ફાયરિંગ કર્યું હતું. 26ના મોતની આશંકા છે. જો કે, સત્તાવાર રીતે 16ના મોતની પુષ્ટિ કરાઈ છે. મૃતકોમાં બે વિદેશી નાગરિક પણ છે. ઘટનામાં 10થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ છે. બે લોકોની હાલત ગંભીર જણાવાય રહી છે. તેમાંના ત્રણ સ્થાનિક અને બાકીના ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક, તમિલનાડુ, ઓડિસા સહિત અન્ય રાજ્યોના નાગરિક છે. પહેલગામા હુમલામાં 5 થી 6 આતંકવાદીઓ હતા. આતંકવાદી સંગઠન TRF એ






આ હુમલાની જવાબદારી સ્વીકારી છે. આ લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલું આતંકવાદી સંગઠન છે. બીજી તરફ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ જમ્મુ કાશ્મીરના શ્રીનગર પહોંચ્યા છે. જ્યાં તેઓ ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી. આવતીકાલે તેઓ ઘાયલોની મુલાકાત કરશે. આજે રાત્રે જ પરત ફરશે વડાપ્રધાન મોદી સાઉદી અરેબિયાના બે દિવસના પ્રવાસે ગયેલા વડાપ્રધાન મોદીએ પ્રવાસને ટુંકાવ્યો છે. આતંકવાદી હુમલાની ઘટના બનતા વડાપ્રધાન મોદી આજેજ જેદ્દાથી પરત ફરી રહ્યા છે. તેઓ આજે રાત્રિ ભોજનમાં સામેલ ન થયા. પહલગામ આતંકી હુમલાની ટ્રમ્પ-પુતિને કરી નિંદા પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાને લઈને અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પોસ્ટ કરી હતી. તેમણે લખ્યું કે, 'કાશ્મીરમાંથી ખૂબ જ ચિંતાજનક સમાચાર મળ્યા છે. આવા સમયે આતંકવાદ સામે અમેરિકા ભારતની સાથે મજબૂત રીતે ઉભું છે. અમે મૃતકોના આત્મા માટે અને ઘાયલોના સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરીએ છીએ. વડાપ્રધાન મોદી અને ભારતના અવિશ્વસનીય લોકોને અમારો સંપૂર્ણ ટેકો અને સહાનુભૂતિ છે. અમારા હૃદયથી તમારા બધા સાથે છીએ.' રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને પણ પહલગામ હુમલામાં થયેલા આતંકવાદી હુમલાની નિંદા કરી છે. UEA અને ઈરાને પણ આતંકી હુમાલની નિંદા કરી છે. PDP ચીફ મહેબુબા મુફ્તીએ કહ્યું છે કે, 'ચેમ્બર એન્ડ બાર એસોસિએશન જમ્મુએ પ્રવાસીઓ પર થયેલા ભયાનક આતંકવાદી હુમલાના વિરોધમાં આવતીકાલે પૂર્ણ બંધનું આહ્વાન કર્યું છે. હું તમામ કાશ્મીરીઓને અપીલ કરું છું કે તેઓ પહલગામમાં થયેલા ક્રૂર હુમલામાં માર્યા ગયેલા નિર્દોષ લોકોના સન્માનમાં આ બંધનું સમર્થન કરે. આ માત્ર નક્કી કરાયેલા લોકો પર હુમલો નથી. આ આપણા સૌ પર હુમલો છે. અમે દુ:ખ અને આક્રોશમાં એક સાથે છીએ અને નિર્દોષ લોકોના નરસંહારની નિંદા કરવા માટે બંધનું પુરજોશમાં સમર્થન કરે છે.'

## ભારત પણ ટેરિફના રસ્તે : ચીનનું ડમ્પિંગ રોકવા સ્ટીલ પર 12 ટકા ટેરિફ લાદશે

ચીન અને અન્ય દેશોમાંથી સસ્તી આયાતમાં વધારાને અટકાવવા એટલે કે ભારતમાં ડમ્પિંગને રોકવા માટે ભારત સ્ટીલની આયાત પર હંગામી ધોરણે ૧૨ ટકા ટેરિફ લાદવા વિચારણા કરી રહ્યું છે. આ ટેરિફને સેફગાર્ડ ડ્યુટી તરીકે પણ ઓળખવામાં આવે છે.

કેન્દ્ર સરકાર આ ટેરિફ લાદવાની તૈયારીમાં હોવાનું એક સરકારી સૂત્રએ જણાવ્યું હતું.


ભારત વિશ્વનો બીજા નંબરનો સૌથી મોટો સ્ટીલ ઉત્પાદક દેશ છે.

આ અધિકારીએ પોતાની ઓળખ નહીં આપવાની શરતે કહ્યું હતું કે, સરકાર શક્ય એટલી વહેલી તકે આ હંગામી-કામચલાઉ ટેરિફ લાગુ કરી શકે છે.

ભારત વર્ષ ૨૦૨૪-૨૫માં સતત બીજા વર્ષે ફિનિશ્ડ સ્ટીલનો નેટ આયાતકાર રહ્યો હતો.

સરકારના પ્રોવિઝનલ આંકડા મુજબ શિપમેન્ટ ૯૫ લાખ મેટ્રિક ટનની નવ વર્ષની ઊંચી સપાટીએ પહોંચ્યું હતું.

ગત મહિને ડિરેક્ટર જનરલ ઓફ ટ્રેડ રેમેડીઝ (ડીજીટીઆર)એ સસ્તી આયાતને રોકવાના પ્રયાસના



ભાગરૂપ ૨૦૦ દિવસ માટે કેટલાક સ્ટીલ ઉત્પાદનો પર ૧૨ ટકા ટેરિફની ભલામણ કરી હતી.

ગત વર્ષે ડિસેમ્બરમાં થયેલી તપાસ બાદ આ નિરંકુશ આયાતથી ભારતના સ્ટીલ ઉદ્યોગને નુકશાન થયું છે કે એ જાણીને આ ભલામણ કરવામાં આવી હતી.

આ ટેમ્પરરી ટેરિફ ૧૨ ટકા હશે એ સ્પષ્ટ છે અને વહેલી તકે નિર્ણય લેવાય એવી અપેક્ષા હોવાનું અને ડીજીટીઆરની ભલામણમાં આગળ વધવાની યોજના હોવાનું આ બિન-રિપોર્ટેડ યોજના વિશે સૂત્રએ જણાવ્યું હતું.

જો કે હજુ સુધી આ મામલે નિર્ણય લેતા નાણા મંત્રાલયે હજુ કોઈ નિર્ણય કે સંકેત આપ્યો નથી.

માર્ચમાં પૂરા થયેલા નાણાકીય વર્ષના પ્રથમ ૧૦ મહિનામાં ચીન, દક્ષિણ કોરિયા અને જાપાનથી ભારતની ફિનિશ્ડ સ્ટીલની આયાત રેકોર્ડ ઊંચી સપાટીએ પહોંચી છે.

ચીન, દક્ષિણ કોરિયા અને જાપાનથી થતી આયાત ભારતની કુલ ફિનિશ્ડ સ્ટીલની આયાતમાં ૭૮ ટકા હિસ્સો ધરાવે છે.

સસ્તા સ્ટીલનો પુરવઠો ખડકાવાના કારણે ભારતની નાની મિલોને કામગીરી ઘટાડવા અને નોકરીઓમાં કાપ મૂકવાની ફરજ પડી છે. ભારત આયાત રોકવા માટે પગલાં લેવાનું વિચારી રહેલા દેશોની વધતી જતી યાદીમાં જોડાયું છે. સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (સેઈલ) અને આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ ઈન્ડિયા સાથે, તેના અગ્રણી સ્ટીલ ઉત્પાદક સંગઠન, જેમાં જેએસડબલ્યુ સ્ટીલ અને ટાટા સ્ટીલનો સમાવેશ છે, તેમણે આયાત પર ચિંતા વ્યક્ત કરી છે અને નિયંત્રણો લાદવાની હાકલ કરી છે.

## ઈડી છેતરપિંડીના પીડિતોને રૂ. 15000 કરોડની સંપત્તિ પરત કરશે

ઈડીએ લગભગ ૧૫૦૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન સમગ્ર દેશમાં રિયલ એસ્ટેટ, પોંઝી અને અન્ય છેતરપિંડીના શિકાર લોકોને પરત કરવામાં આવશે તેમ અધિકારીઓએ એક નિવેદનમાં જણાવ્યું છે. દસ્તાવેજો પરથી જાણવા મળ્યું છે કે સંઘીય તપાસ એજન્સીએ મની લોન્ડરિંગ વિરોધી કાયદા હેઠળ ઉપલબ્ધ સંપત્તિઓને પરત કરવાની આ જોગવાઈને ગયા વર્ષથી અમલમાં મુકવાનંએ શરૂ કરી દીધું છે જેથી એ સુનિશ્ચિત કરી શકાય કે નાણાકીય અપરાધમાં છેતરપિંડીનો શિકાર થયેલ કાયદેસરના માલિકો અને યોગ્ય દાવેદારોને તેમનો હક પરત મળે.અત્યાર સુધી આ જોગવાઈ હેઠળ કુલ ૩૧,૯૫૧ કરોડ રૂપિયાની સંપત્તિ ૨૦૧૯-૨૧ની વચ્ચે ભાગેડુ આર્થિક અપરાધી વિજય માલ્યા અને નીરવ મોદીથી સંબધિત ત્રણ મની લોન્ડરિંગ કેસો તથા નેશનલ સ્પોટ એક્સચેન્જ લિમિટેડ (એનએસઈએલ) કેસમાં છેતરપિંડીના શિકાર લોકોને પરત કરવામાં આવી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ગયા વર્ષે જૂનમાં ઈડી ડાયરેક્ટર રાહુલ નવીને મની લોન્ડરિંગના એ તમામ કેસોની વ્યાપક સમીક્ષા કરી હતી જ્યાં છેતરપિંડીના શિકાર લોકોને તેમની સંપત્તિ પરત કરવામાં આવી શકે છે. આંકડા અનુસાર ઓગસ્ટ, ૨૦૨૪થી એપ્રિલ, ૨૦૨૫ સુધી ઈડીએ ૧૫,૨૬૧.૧૫ કરોડ રૂપિયા (નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫) અને ચાલુ નાણાકીય વર્ષ (૨૦૨૫-૨૬) દરમિયાન ૧૪૮૮ કરોડ રૂપિયાની સંપત્તિ બહાલ કરી હતી.

## ચૂંટણી પંચે સમજૂતી કરી લીધી છે : મહારાષ્ટ્રની ચૂંટણી અંગે રાહુલનો આરોપ

કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ અમેરિકામાં મહારાષ્ટ્ર ચૂંટણીનો સંદર્ભ આપતા આરોપ મૂક્યો છે કે ચૂંટણી પંચે સમજૂતી કરી લીધી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સિસ્ટમમાં કેટલીક ખામીઓ છે.

ઉલ્લેખનીય છે કે રાહુલ ગાંધી શનિવારે અમેરિકા પહોંચ્યા હતાં. તેમણે રવિવારે એક કાર્યક્રમને સંબોધિત કરતા આ આરોપ મૂક્યા હતાં. તેમણે જણાવ્યું હતું કે ચૂંટણી પંચે જારી કરેલા આંકડા અનુસાર સાંજે ૫.૩૦ થી ૭.૩૦ વાગ્યા સુધીમાં ૬૫ લાખ મતદારોએ મતદાન કર્યુ હતું. આટલા સમયમાં આટલી મોટી સંખ્યામાં લોકોનું મતદાન કેન્દ્ર પહોંચી વોટ નાખવો શક્ય નથી.

એક મતદારને મતદાન કરવામાં લગભગ ૩ મિનિટ લાગે છે. આ સમયને આધારે ગણતરી કરવામાં આવે તો મતદારોની લાઈન મોડી રાતે બે વાગ્યા સુધી લાગેલી રહેવી જોઈએ પણ




વાસ્તવમાં આટલા મોડે સુધી લાઈનો લાગી ન હતી.

રાયબરેલીથી કોંગ્રેસના સાંસદે જણાવ્યું હતું કે જ્યારે અમે તેમને વીડિયોગ્રાફી માટે જણાવ્યું તો તેમણે ઈનકાર કર્યો અને તેમણે કાયદો પણ બદલી નાખ્યો જેથી અમને વીડિયોગ્રાફીની મંજૂરી આપવામાં ન આવે.

ગાંધીએ જણાવ્યું હતું કે આ અમારા માટે સ્પષ્ટ છે કે ચૂંટણી પંચે સમજૂતી કરી લીધી છે અને સિસ્ટમમાં કેટલીક ખામીઓ છે. મેં અનેક વખત આ વાત જણાવી છે.

ચૂંટણી પંચ વિરુદ્ધ આ ટિપ્પણી કરવા બદલ ભાજપે રાહુલ ગાંધીને દેશદ્રોહી ગણાવ્યા છે. ભાજપે કોંગ્રેસ સાંસદ પર નેશનલ હેરાલ્ડ કેસમાં ઈડીની કાર્યવાહી અંગે ચૂંટણી પંચ પર ગુસ્સો કાઢવાનો આરોપ મૂક્યો હતો.

રાહુલ ગાંધીની ટિપ્પણી પર નિશાન સાધતા ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા સંબિત પાત્રાએ જણાવ્યું હતું કે રાહુલ ઈડીની નેશનલ હેરાલ્ડ કેસમાં કાર્યવાહીને કારણે ચૂંટણી પંચ પર ગુસ્સો કાઢી રહ્યાં છે. આમ કરવાથી કંઈ પણ પ્રાપ્ત થશે નહીં.

ભાજપ સાંસદે જણાવ્યું હતું કે ઈડી તમને છોડશે નહીં કારણકે એજન્સીઓ તથ્યોના આધારે કામ કરે છે.

તમને અને તમારી માતાને અપરાધથી કમાવેલ આવકની સાથે પકડવામાં આવશે અને જેલ મોકલવામાં આવશે.

પાત્રાએ જણાવ્યું હતું કે તમે દેશદ્રોહી છો ફક્ત એટલા માટે નહીં કરે વિદેશી ધરતી પર ભારતીય સંસ્થાઓ અને ભારતીય લોકતંત્રનું અપમાન કર્યુ છે પણ એટલા માટે પણ કે તમે અને તમારી માતાએ નેશનલ હેરાલ્ડ કેસમાં દેશના કરોડો રૂપિયાના ઉચાપત કરી છે.

## ઈડી ૨૦૨૫-૨૬માં છેતરપિંડીના પીડિતોને રૂ. ૧૫૦૦૦ કરોડની સંપત્તિ પરત કરશે

Directorate of Enforcement

ઈડીએ લગભગ ૧૫૦૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન સમગ્ર દેશમાં રિયલ એસ્ટેટ, પોંઝી અને અન્ય છેતરપિંડીના શિકાર લોકોને પરત કરવામાં આવશે તેમ અધિકારીઓએ એક નિવેદનમાં જણાવ્યું છે.

દસ્તાવેજો પરથી જાણવા મળ્યું છે કે સંઘીય તપાસ એજન્સીએ મની લોન્ડરિંગ વિરોધી કાયદા હેઠળ ઉપલબ્ધ સંપત્તિઓને પરત કરવાની આ જોગવાઈને ગયા વર્ષથી અમલમાં મુકવાનું શરૂ કરી દીધું છે જેથી એ સુનિશ્ચિત કરી શકાય કે નાણાકીય અપરાધમાં છેતરપિંડીનો શિકાર થયેલ કાયદેસરના માલિકો અને યોગ્ય દાવેદારોને તેમનો હક પરત મળે.

અત્યાર સુધી આ જોગવાઈ હેઠળ કુલ ૩૧,૯૫૧ કરોડ રૂપિયાની સંપત્તિ ૨૦૧૯-૨૧ની વચ્ચે ભાગેડુ આર્થિક અપરાધી વિજય માલ્યા અને નીરવ મોદીથી સંબધિત ત્રણ મની લોન્ડરિંગ કેસો તથા નેશનલ સ્પોટ એક્સચેન્જ લિમિટેડ (એનએસઈએલ) કેસમાં છેતરપિંડીના શિકાર લોકોને પરત કરવામાં આવી છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ગયા વર્ષે જૂનમાં ઈડી ડાયરેક્ટર રાહુલ નવીને મની લોન્ડરિંગના એ તમામ કેસોની વ્યાપક સમીક્ષા કરી હતી જ્યાં છેતરપિંડીના શિકાર લોકોને તેમની સંપત્તિ પરત કરવામાં આવી શકે છે.

આંકડા અનુસાર ઓગસ્ટ, ૨૦૨૪થી એપ્રિલ, ૨૦૨૫ સુધી ઈડીએ ૧૫,૨૬૧.૧૫ કરોડ રૂપિયા (નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫) અને ચાલુ નાણાકીય વર્ષ (૨૦૨૫-૨૬) દરમિયાન ૧૪૮૮ કરોડ રૂપિયાની સંપત્તિ બહાલ કરી હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ઈડી પ્રમુખે તાજેતરમાં એજન્સીના તમામ ક્ષેત્રીય કાર્યાલયોને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ૧૫૦૦૦ કરોડ રૂપિયાની સંપત્તિની બહાલી માટે ચિહ્નિત કેસો પર સક્રિય રીતે કામ કરવા માટેના નિર્દેશ જારી કર્યા છે.

## તંત્રી લેખ

### દિલ્હીમાં ભાજપે ખેલ પાડયો, સીએમ પછી હવે મેયર પણ એમના

નવી દિલ્હી : દિલ્હીમાં મેયરની ચૂંટણી ૨૫ એપ્રિલે થવાની છે. મેયરની ચૂંટણી માટે નામાંકન પત્ર ભરવાના છેલ્લા દિવસે કોઈપણ પક્ષે ઉમેદવાર ઉભા રાખ્યા નહોતા. આમ આદમી પાર્ટીએ પણ મેયરની ચૂંટણી નહીં લડવાનું નક્કી કર્યું છે. આમ આદમી પાર્ટીના નેતાઓ મેયરની ચૂંટણીથી કેમ દુર રહ્યા એની સમજ લોકોને પડતી નથી. દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી આતિશી અને ભૂતપૂર્વ મંત્રી સૌરભ ભારદ્વાજે પત્રકારોને પક્ષના નિર્ણયની જાણ કરી હતી. સૌરભ ભારદ્વાજના કહેવા પ્રમાણે આપના કોર્પોરેટરોને ડરાવવામાં આવ્યા છે અને એમને લાલચ આપીને ભાજપ પોતાની તરફ કરવાની કોશિષ કરે છે. આવા કારણોસર મેયર તરીકે કોઈ ઉમેદવાર ઉભા નહીં રાખવાની જાહેરાત કરવામાં આવી હતી. બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવા સુપ્રીમ કોર્ટમાં અરજી સુપ્રીમ કોર્ટમાં એક અરજી કરીને પશ્ચિમ બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવાની માંગણી કરવામાં આવી છે. સિનિયર વકીલ વિષ્ણુ શંકર જૈન અરજીકર્તા તરફથી દલીલ કરશે. વકફ સુધારણા કાયદાની સામે દેખાવો કરનારાઓએ બંગાળમાં હિંસા ફેલાવી હતી જેને કારણે ઘણા લોકો વિસ્થાપીત થઈ ગયા છે. અરજી દાખલ કરનારે એવી પણ માંગણી કરી છે કે બંગાળમાં પેરામિલિટરી ફોર્સ મૂકવામાં આવે તેમ જ રીટાયર્ડ જજની અધ્યક્ષતામાં ત્રણ સભ્યોની કમીટી બનાવીને હિંસાની તપાસ થાય. આ અરજી પર બેન્ચે કોમેન્ટ કરતા કહ્યું હતું કે, 'તમે ઈચ્છો છો કે અમે રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવાનો હુકમ રાષ્ટ્રપતિને કરીએ? આમ પણ અમારા પર રાષ્ટ્રપતિના કામમાં દખલ કરવાનો આરોપ કેટલાક લોકો લગાડી રહ્યા છે.' 'કોંગ્રેસનું સત્ય ભાજપના જૂઠાણા', 57 કોંગ્રેસી નેતાઓનું 57 શહેરોમાં આંદોલન નેશનલ હેરલ્ડ કેસથી ભડકેલા કોંગ્રેસના ૫૭ નેતાઓ ૫૭ શહેરોમાં પ્રેસ કોન્ફરન્સ કરશે. કોંગ્રેસના મીડિયા સેલના પ્રમુખ પવન ખેડાના કહેવા પ્રમાણે આ આંદોલન પાછળનો હેતુ લોકો સમક્ષ ભાજપના જૂઠાણાનો પર્દાફાસ કરવાનો છે. ખેડાએ નેશનલ હેરલ્ડ પ્રકાશનને સ્વતંત્રતા સંગ્રામનું જીવતું સ્મારક ગણાવ્યું હતું. ઈડીએ નેશનલ હેરલ્ડ કેસમાં મનીલોન્ડરીંગ બાબતે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી સામે ચાર્જશીટ દાખલ કરી છે. આ મામલે સરકારનો વિરોધ કરવા માટે કોંગ્રેસના મહાસચિવો અને પ્રભારીઓની બેઠક દિલ્હી ખાતે મળી હતી. ચાર્જશીટ સંદર્ભે વળતી લડાઈ આપવા રણનીતિ તૈયાર કરવામાં આવી હતી. કોંગ્રેસના નેતાઓએ કંઈ જ ખોટુ કર્યું નથી અને કોંગ્રેસ પૂરી તાકાતથી ભાજપ સામે લડત આપશે. પી ચીદમ્બરમ દિલ્હીમાં પ્રેસ કોન્ફરન્સ કરશે જ્યારે શશી થરૂર લક્ષદ્વિપ ખાતે પત્રકારોને સંબોધશે. રાજ ઠાકરે- ઉદ્ધવ ઠાકરેનો મિલાપ અઘરો રાજ ઠાકરેની એક મુલાકાત અને ઉદ્ધવ ઠાકરેના નિવેદનોને કારણે મહારાષ્ટ્રમાં એવી ચર્ચા ચાલી રહી છે કે, રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે ફરીથી એક થઈ રહ્યા છે. બાલા સાહેબ ઠાકરેની હયાતીમા જ ઉદ્ધવ ઠાકરેથી નારાજ થઈને રાજ ઠાકરેએ મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાની સ્થાપના કરી હતી. રાજકીય રીતે મનસે કાઠુ કાઢી શક્યો નથી. રાજ ઠાકરેની વારંવાર બદલાતી રાજકીય વિચારધારાને કારણે રાજને દરેક ચૂંટણીમાં પછડાટ મળી રહી છે. રાજકીય નીરિક્ષકોનું માનવું છે કે મનસે સાથેના જોડાણથી શિવસેના (ઉદ્ધવ ઠાકરે)ને કોઈ દેખીતો ફાયદો થાય એમ નથી. -દિલીપ નાનજીભાઈ પટેલ

# પોષક તત્વોનો ભંડાર 'નાળિયેર પાણી':શરીરમાં ઈલેક્ટ્રોલાઈટ્સનું સંતુલન જાળવી ગરમી સામે રક્ષણ પૂરું પાડે છે, જાણો કેટલી માત્રામાં પીવું સલામત

ઉનાળામાં નાળિયેર પાણી કોઈ વરદાનથી ઓછું નથી. તે ન માત્ર તરસ છીપાવે છે પરંતુ અનેક જરૂરી પોષક તત્વોનું પાવરહાઉસ પણ છે. નારિયેળ પાણી પોતાની અનોખી મીઠાસ અને અદ્ભુત હાઈડ્રેટિંગ ગુણોના કારણે એક ટ્રેન્ડી પીણું બની ગયું છે. તે તમામ મિનરલ્સ અને ઈલેક્ટ્રોલાઈટ્સથી ભરપૂર છે, જે હાર્ટથી લઈને કિડની સુધી, સમગ્ર શરીર માટે ફાયદાકારક છે.નેશનલ લાઈબ્રેરી ઓફ મેડિસિનમાં પ્રકાશિત થયેલા એક અભ્યાસ મુજબ, નાળિયેર પાણી શરીરને ડિહાઈડ્રેશનથી બચાવે છે. જર્નલ ઓફ ફાર્માસ્યુટિકલ રિસર્ચ ઈન્ટરનેશનલ (JPRI)માં પ્રકાશિત થયેલા એક અભ્યાસ મુજબ, નાળિયેર પાણી 'પોષક તત્વોનો ભંડાર' હોય છે. તે શરીરને અંદરથી મજબૂત બનાવે છે, સાથે જ ત્વચા અને વાળ માટે પણ ફાયદાકારક છે. તેમાં એન્ટી-બેક્ટેરિયલ, એન્ટી-ફંગલ, એન્ટી-વાયરલ, એન્ટી-ડાયાબિટીક, એન્ટીઓક્સીડેન્ટ અને એન્ટી ઈન્ફ્લેમેટરી ગુણો છે.તો ચાલો, આજે 'કામના સમાચાર'માં નાળિયેર પાણી પીવાના ફાયદાઓ વિશે વાત કરીએ. સાથે એ પણ જાણીશું કે- શું વધુ પડતું નાળિયેર પાણી પીવાથી નુકસાન થઈ શકે?કોણે નાળિયેર પાણી ન પીવું જોઈએ?નિષ્ણાતઃ ડૉ. અમૃતા મિશ્રા, ન્યૂટ્રિશનિસ્ટ, નવી દિલ્હીપ્રશ્ન- નાળિયેર પાણીમાં કયા પોષક તત્વો રહેલા છે?જવાબઃ યુનાઈટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રિકલ્ચર (USDA) અનુસાર, નારિયેળ પાણીમાં પોટેશિયમ, સોડિયમ, મેગ્નેશિયમ, કેલ્શિયમ, ફોસ્ફરસ, ઝિંક, મેંગેનીઝ અને કાર્બોહાઈડ્રેટ્સ સહિત ઘણા પોષક તત્વો જોવા મળે છે, જે શરીર માટે ખૂબ જ જરૂરી છે. નીચે આપેલા ગ્રાફિકમાં એક કપ એટલે કે 240 ગ્રામ નારિયેળ







પાણીનું પોષણ મૂલ્ય જાણો-પ્રશ્ન- ગરમીમાં નાળિયેર પાણી કેવી રીતે રક્ષણ આપે છે?જવાબઃ નાળિયેર પાણી ઉનાળા માટે એક ઉત્તમ સુપરડ્રિંક છે. તડકામાં પરસેવાથી શરીરમાં સોડિયમ, પોટેશિયમ અને મેગ્નેશિયમ જેવા મહત્વપૂર્ણ ઈલેક્ટ્રોલાઈટ્સનું નીકળી જાય છે. નારિયેળ પાણી આ ઈલેક્ટ્રોલાઈટ્સનો કુદરતી અને સમૃદ્ધ સ્ત્રોત છે, જે શરીરના ઈલેક્ટ્રોલાઈટ સંતુલન જાળવવામાં મદદ કરે છે.નારિયેળ પાણીમાં લગભગ 95% પાણી હોય છે, જે ઉનાળામાં ડિહાઈડ્રેશન અટકાવવામાં અસરકારક છે. તેમાં નેચરલ શુગર હોય છે, જે તાત્કાલિક ઊર્જા આપે છે. તેની તાસીર ઠંડી હોય છે, જે ઉનાળામાં શરીરને અંદરથી ઠંડક આપે છે અને તાજગીનો અનુભવ કરાવે છે. આ એક કુદરતી પીણું છે, જેમાં કોઈ આર્ટિફિશયલ કલર, સ્વાદ કે પ્રિઝર્વેટિવ્સ નથી હોતા, જે તેને ઉનાળા માટે એક સ્વસ્થ વિકલ્પ બનાવે છે.પ્રશ્ન- નાળિયેર પાણી પીવાથી શું ફાયદા થાય?જવાબઃ નારિયેળ પાણીમાં રહેલું પોટેશિયમ બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવામાં અને હૃદયનું સ્વાસ્થ્ય સારું રાખવામાં મદદરૂપ થાય છે. તેમાં એન્ટી-ઑક્સિડન્ટ્સ હોય છે, જે શરીરને ફ્રી રેડિકલથી થતાં નુકસાનથી બચાવવામાં મદદ કરે છે. નાળિયેર પાણી શરીરમાંથી ઝેરી તત્વો (ટોક્સિન્સ) બહાર કાઢે છે, જેનાથી પથરી થવાનું જોખમ ઓછું થાય છે.તે પેટ માટે હળવું છે અને પાચન સુધારવામાં મદદ કરી શકે છે. તેમાં હાજર ઈલેક્ટ્રોલાઈટ્સ અને કાર્બોહાઈડ્રેટ્સ શરીરને કસરત પછી ઝડપથી સ્વસ્થ થવામાં મદદ કરે છે. નાળિયેર પાણી આપણા સ્વાસ્થ્ય માટે બીજું કઈ રીતે ફાયદાકારક છે? નીચે આપેલા ગ્રાફિક પરથી સમજીએ-પ્રશ્ન- શું કાચું નારિયેળ ખાવાથી પણ સ્વાસ્થ્ય સારું રહે છે?જવાબઃ ન્યુટ્રિશનિસ્ટ ડૉ. અમૃતા મિશ્રા કહે છે કે, હા, કાચું નારિયેળ ખાવું પણ સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે. તે ઘણા પોષક તત્વોથી ભરપૂર છે. તેમાં ટ્રાઈગ્લિસરાઈડ્સ હોય છે, જે સરળતાથી પચી જાય છે અને તાત્કાલિક ઊર્જા (ઈન્સ્ટન્ટ એનર્જી) આપે છે. કાચા નારિયેળમાં સારી માત્રામાં ફાઈબર હોય છે, જે પાચનતંત્રને સ્વસ્થ રાખવામાં અને બ્લડ શુગર લેવલને નિયંત્રિત કરવામાં મદદ કરે છે.તેમાં થોડી માત્રામાં પાણી પણ હોય છે, જે શરીરને હાઈડ્રેટ રાખે છે. જોકે, કાચા નારિયેળમાં કેલરી અને ચરબીનું પ્રમાણ વધુ હોય છે, તેથી તેનું સેવન મર્યાદિત માત્રામાં કરો.પ્રશ્ન- વધુ પડતું નારિયેળ પાણી પીવાથી શું નુકસાન થાય?જવાબઃ સામાન્ય રીતે, નાળિયેર પાણી પીવું સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે, પરંતુ વધુ પડતું પીવાથી કેટલીક સંભવિત આડઅસરો થઈ શકે છે. નારિયેળ પાણીમાં પોટેશિયમનું પ્રમાણ વધુ હોય છે. તેવામાં જે લોકોને કિડની સંબંધિત સમસ્યાઓ છે, તેમણે વધુ માત્રામાં નારિયેળ પાણી પીવાનું ટાળવું જોઈએ અને ડૉક્ટરની સલાહ લેવી જરૂરી છે.કેટલાક લોકોને વધુ પડતું નારિયેળ પાણી પીવાથી પાચન સંબંધી સમસ્યાઓ થઈ શકે છે. નારિયેળ પાણીમાં નેચરલ શુગર હોય છે. વધુ પડતું પીવાથી બ્લડ શુગર લેવલ વધી શકે છે. કેટલાક લોકોને નાળિયેર પાણીથી એલર્જી પણ હોઈ શકે છે.પ્રશ્ન- દિવસમાં કેટલું નારિયેળ પાણી પીવું સલામત છે?જવાબઃ વ્યક્તિના સ્વાસ્થ્ય અને શારીરિક ક્ષમતા પર આધાર રાખે છે. સામાન્ય રીતે સ્વસ્થ વ્યક્તિ માટે દિવસમાં 1-2 ગ્લાસ નાળિયેર પાણી પીવું સલામત અને ફાયદાકારક માનવામાં આવે છે.પ્રશ્ન- શું ડાયાબિટીસના દર્દીઓ નાળિયેર પાણી પી શકે?જવાબઃ ડૉ. અમૃતા મિશ્રા કહે છે કે, ડાયાબિટીસના દર્દીઓ મર્યાદિત માત્રામાં નાળિયેર પાણી પી શકે છે. જોકે, તેમણે પોતાના બ્લડ શુગરનું નિરીક્ષણ કરતા રહેવું જોઈએ. ડાયાબિટીસના દર્દીઓએ નાળિયેર પાણી પીતા પહેલા એક વાર ડૉક્ટરની સલાહ લેવી જોઈએ.પ્રશ્ન- કોણે નાળિયેર પાણી ન પીવું જોઈએ?જવાબઃ આમ તો નાળિયેર પાણી બધા માટે સલામત છે પરંતુ કેટલાક લોકોએ તેને પીવાનું ટાળવું જોઈએ. નારિયેળ પાણીમાં પર્યાપ્ત માત્રામાં પોટેશિયમ હોય છે, જે કિડનીના રોગથી પીડિત લોકો માટે સમસ્યાઓનું કારણ બની શકે છે. જેમને નાળિયેર પાણીથી એલર્જી હોય તેમણે તે બિલકુલ ન પીવું જોઈએ.આ ઉપરાંત, સગર્ભા અને સ્તનપાન કરાવતી સ્ત્રીઓ અને જે વ્યક્તિ કોઈપણ દવા લઈ રહી છે અથવા જેમણે તાજેતરમાં સર્જરી કરાવી છે.

# સફળતાનાં તાળાંની ચાવી 'લોજિક!':સક્સેસનાં મૂળ મંત્ર: ટાઈમ અને ટીમ મેનેજમેન્ટ, પ્રોબ્લેમ સોલ્વિંગ સ્કિલ; જાણો તાર્કિક વિચારસરણી કેવી રીતે વધારશો

તમારે એક મહત્ત્વપૂર્ણ ઓફિસે ઈમેલ મોકલવાનો છે. તમે તમારું લેપટોપ ચાલુ કર્યું, પણ એ ખૂલતું નથી. હવે તમે શું કરશો?તમને તરત જ વિચાર આવશે કે લેપટોપમાં બેટરી પૂરી થઈ ગઈ હશે.તમે લેપટોપ પ્લગ ઈન કરશો અને એને ચાલુ કરશો.જો લેપટોપ હજુ પણ ચાલુ નહિ થાય તો તમે ચેક કરશો કે પાવર આવી રહ્યો છે કે નહીં.જો પાવરને લગતી સમસ્યા હશે તો તમે તરત જ સ્વિચ બોર્ડ તરફ નજર કરશો અને એની ચકાસણી કરશોઈમેલ મોકલવાની ઉતાવળમાં ગભરાવા અને ગુસ્સે થવાને બદલે તમે જે પગલાં લીધાં છે એને તાર્કિક વિચારસરણી (લોજિકલ થિંકિંગ) કહેવામાં આવે છે. જ્યારે પણ આપણને કોઈ સમસ્યાનો સામનો કરવો પડે છે ત્યારે આપણે તરત જ એના વિશે તાર્કિક રીતે વિચારીએ છીએ અને એનો ઉકેલ શોધી કાઢીએ છીએ.પણ શું આ તાર્કિક વિચારસરણી હંમેશાં આટલી સરળ હોય છે? શું ઘણીવાર એવું નથી બનતું કે તાર્કિક રીતે વિચારવાને બદલે આપણે ભાવનાત્મક, નર્વસ, ડર લાગે છે અને અંતે આપણે આપણું પોતાનું કામ બગાડીએ છીએ? આ તાર્કિક વિચારસરણી જીવનમાં સફળતા અને નિષ્ફળતા વચ્ચેનો તફાવત છે.આ નવી કોલમ ₹સક્સેસ મંત્રા₹માં આપણે સફળતાના આવા જ કોઈ વિષય વિશે વાત કરીશું.આજનો વિષય છે- ₹ લોજિક એટલે કે તર્ક₹.અને આપણે જે પ્રશ્નનો જવાબ શોધવા જઈ રહ્યા છીએ એ છે કે તર્ક અને સફળતા વચ્ચે શું સંબંધ છે?અહીં આપણે સફળતાના લાક્ષણિક દુન્યવી અર્થ એટલે કે પ્રોફેશનલ સક્સેસ વિશે વાત કરી રહ્યા છીએ. તો ચાલો આ સફળતાને તર્ક સાથે જોડવા માટે એક તાર્કિક ચાર્ટ બનાવીએ-પ્રોફેશનલ સક્સેસ માટે મહત્ત્વપૂર્ણ બધી બાબતોનો મૂળ તર્ક છે. ચાલો સમજીએ કે કેવી રીતેપ્રોફેશનલ સક્સેસ માટે મૂળભૂત રીતે 3 બાબત જરૂરી છે-ટાઈમ મેનેજમેન્ટપ્રોબ્લેમ સોલ્વિંગ સ્કિલટીમ મેનેજમેન્ટચાલો... સમજીએ કે આ ત્રણ બાબત તર્ક સાથે કેવી રીતે સંબંધિત છે-ટાઈમ મેનેજમેન્ટ અને તાર્કિક વિચારસરણી તમે જોયું હશે કે ઘણીવાર લોકો પોતાનું કામ છેલ્લી ઘડી સુધી મુલતવી રાખે છે અને પછી કામ પૂર્ણ કરવા માટે આખી રાત જાગતા રહે છે. શું આ વલણની સમસ્યા છે કે તાર્કિક વિચારસરણીનો અભાવ છે? અથવા કદાચ બંને.તર્ક કહે છે કે જો તમે સમયસર કામ પૂર્ણ કરો છો તો...એ ખૂબ જ સરળ વાત છે. આ બધી બાબતો આ રીતે થાય એ માટે આપણે આપણા મનને તાર્કિક રીતે વિચારવા અને કાર્ય કરવા માટે તાલીમ આપવી જરૂરી છે.પ્રોબ્લેમ સોલ્વિંગ સ્કિલ અને તાર્કિક વિચારસરણી સફળતાનું બીજું મોટું પગલું સમસ્યા હલ કરવાની કુશળતા છે. જીવનમાં ઘણીવાર કોઈને કોઈ સમસ્યા કોઈપણ જાણ વગર સામે આવે છે. તો તમે શું કરશો? એના માટે પણ તાર્કિક વિચારસરણી ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.એક નાના ઉદાહરણથી સમજો.તમે 400 કિલોમીટર દૂર બીજા શહેરમાં કાર ચલાવી રહ્યા છો. રસ્તામાં તમારી ગાડીનું ટાયર પંચર થઈ ગયું. તમે એવા હાઈવે પર એકલા છો, જ્યાં કોઈ માણસનો પત્તો નથી, મિકેનિકની




વાત તો છોડી દો. જ્યારે તમે તમારી કાર તપાસો છો ત્યારે તમને ખબર પડે છે કે સ્પેર વ્હીલમાં હવા નથી.તમે કહેશો આ કોઈની પણ સાથે થઈ શકે છે. આનો તાર્કિક વિચારસરણી સાથે શું સંબંધ છે?કંઈક જોડાણ છે. ચાલો સમજીએ કે કેવી રીતે.તાર્કિક રીતે વિચારનાર મગજ ધારે છે કે હાઈવે પર ટાયર પંચર થઈ શકે છે. ટાયર ગમે ત્યારે અને ગમે ત્યાં પંચર થઈ શકે છે.ગાડી બગડી શકે છે.તેથી તાર્કિક મગજ કેટલીક સામાન્ય સમસ્યાઓના ઉકેલો પોતાની સાથે રાખશે.400 કિમી લાંબી મુસાફરી પહેલાં તે સ્પેર વ્હીલ, પંચર રિપેર ટૂલ્સ, ટો સર્વિસ નંબર વગેરે પોતાની સાથે રાખશે.એ સમસ્યાઓ ઊભી થાય એની રાહ જોશે નહીં. તે માનશે કે સમસ્યા ગમે ત્યારે ઊભી થઈ શકે છે અને એને ઉકેલવા માટે સંપૂર્ણ તૈયારી હોવી જોઈએ.આને સમસ્યાનું નિરાકરણ તાર્કિક મગજ કહેવાય છે. ઓફિસના કામમાં ભલે કોઈ સમસ્યા હોય, પણ એનો ઉકેલ કોઈપણ શોધી શકે છે, પરંતુ તાર્કિક મગજ એ છે જે સંભવિત સમસ્યાઓના ઉકેલો અગાઉથી ધ્યાનમાં રાખે છે. એ તેના માટે અગાઉથી તૈયારી કરે છે.ટીમ મેનેજમેન્ટ અને લોજિકલ થિંકિંગવ્યાપક રીતે કહીએ તો ટીમ મેનેજમેન્ટના ત્રણ અર્થ છે-ટીમના સભ્યોની શ્રેષ્ઠ કુશળતા ઓળખવી.તેમને એવું કામ આપો, જેમાં તેઓ શ્રેષ્ઠ હોય. એનો અર્થ એ કે તેમને તેમનું શ્રેષ્ઠ પ્રદર્શન કરાવવું.ટીમમાં પોતાનું, આદર અને જોડાણની ભાવના પેદા કરવી.આ ત્રણ બાબત ભાવનાત્મક લાગે છે, પણ આ શુદ્ધ તર્કનો વિષય છે. તાર્કિક મગજ સમજે છે કે-ટીમની ઉત્પાદકતા વધારવા માટે બેટ્સમેનને બેટિંગનું કામ અને બોલરને બોલિંગનું કામ સોંપવું જરૂરી છે. મતલબ કે જે કોઈ કામમાં નિષ્ણાત છે. તો આ તાર્કિક મગજ શું કરશે. તે તર્ક સાંભળશે.એક અસુરક્ષિત, અતાર્કિક મગજ એનાથી વિપરીત વિચારશે. તેને ડર હશે કે કોઈનું પ્રદર્શન બહુ સારું નહીં હોય.તાર્કિક મગજ જાણે છે કે દરેક ક્રિયા માટે એક વિરુદ્ધ અને સમાન પ્રતિક્રિયા હોય છે. જો તમે દીવાલ પર બોલ ફેંકશો તો એ પાછો આવશે. ટીમને આદર મળશે અને બદલામાં તેમને આદર મળશે. ટીમ ડર અનુભવશે અને બદલામાં ડર મેળવશે.તાર્કિક મગજ એ પણ જાણે છે કે જ્યારે લોકો તેમના કાર્ય માટે ઓળખાય છે અને પુરસ્કાર મેળવે છે ત્યારે તેઓ શ્રેષ્ઠ પ્રદર્શન કરે છે.એ એટલું જ સરળ છે. તાર્કિક મગજ દરેક વસ્તુ વચ્ચે તાર્કિક જોડાણ શોધે છે. જે મન તાર્કિક રીતે વિચારી શકતું નથી એ ભય, અસુરક્ષા, એકલતા અને ગુસ્સો જેવી લાગણીઓથી પ્રેરિત હોય છે.તાર્કિક વિચારસરણી માટે મગજને કેવી રીતે તાલીમ આપવી?હવે આપણે સમજીએ કે તાર્કિક રીતે વિચારવાની આદત કેવી રીતે વિકસાવવી. આ કરવાની 4 રીતો છે-માઈન્ડ મેપિંગડિસિઝન ટ્રીરૂટ કોઝન એનાલિસિસસોક્રેટિક મેથડમાઈન્ડ મેપિંગઆ એક વિઝ્યુઅલ તકનીક છે. આમાં સમસ્યા, એનો સંભવિત ઉકેલ અને એનું પરિણામ એક નકલમાં લખો. જ્યારે પણ તમને નિર્ણય લેવામાં મુશ્કેલી પડે ત્યારે આ તકનીકનો ઉપયોગ કરો. ધારો કે તમને 50,000 રૂપિયાની જરૂર છે તો આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે તમે કાગળ પર માઈન્ડ મેપિંગ કેવી રીતે કરશો-ડિસિઝન ટ્રીકોઈપણ નિર્ણય લેતાં પહેલાં એક નિર્ણય વૃક્ષ બનાવો અને એનાં પોઝિટિવ-નેગેટિવ પરિણામો કાગળ પર દોરો. આ તમારા મનમાં છૂટાછવાયા વિચારોને એકસાથે જોડીને સમજવામાં મદદ કરશે. ઉદાહરણ તરીકે, જો તમારે તમારી નોકરી બદલવી પડે અને તમે નિર્ણય લેવામાં અસમર્થ હોવ, તો ડિસિઝન ટ્રી વૃક્ષ બનાવો-રૂટ કોઝન એનાલિસિસ આ તર્કશાસ્ત્રમાં પણ વપરાતી પદ્ધતિ છે. આમાં આપણે સમસ્યાના મૂળ સુધી જવાનો અને એનાં મૂળ કારણોને સમજવાનો પ્રયાસ કરીએ છીએ. ઉદાહરણ તરીકે, ધારો કે તમને ડાયેરિયા થયો છે તો દવા લેવી એ એના ઉપચારની એક પ્રક્રિયા છે, પણ એવું વિચારવું કે મેં ગઈકાલે રસ્તા પર પાણીપૂરી ખાધી હતી, જેના કારણે આ ચેપ લાગ્યો, એ મૂળ કારણનું વિશ્લેષણ છે.સોક્રેટિક મેથડ આ પદ્ધતિને પ્રખ્યાત ગ્રીક ફિલસૂફ સોક્રેટિસના નામ પરથી સોક્રેટિક પદ્ધતિ કહેવામાં આવે છે. આમાં આપણે પ્રશ્નો પૂછીએ છીએ. ઘણા બધા પ્રશ્નો, જેનો કોઈ અંતિમ જવાબ નથી. પરિસ્થિતિને દરેક ખૂણાથી જોવાથી અને એને લગતા પ્રશ્નો પૂછવાથી આપણને મોટું ચિત્ર સમજવામાં મદદ મળે છે.

## વડોદરાના ઐતિહાસિક માંડવી દરવાજાની મુલાકાતે મેયર, મ્યુ. કમિશનર, સ્થાયી અધ્યક્ષ પહોંચ્યા



ગાયકવાડી જમાનાની ઐતિહાસિક અને હેરિટેજ માંડવી દરવાજાના કાંગરા કરી ખરતા પાલિકાના મેયર, સ્થાયી અધ્યક્ષ અને મ્યુ. કમિશનરે આજે મુલાકાત લઈ માંડવી દરવાજાના ખરતા પોપડા અંગે જાત માહિતી મેળવી ચર્ચા વિચારણા કરી હતી. ઉલ્લેખનીય છે કે શહેરની ધરોહર સમાન ઐતિહાસિક માંડવી દરવાજાના કાંગરા કરી રહ્યા છે ત્યારે શહેરીજનોમાં અનેક જાતની વાતો શરૂ થઈ છે ત્યારે માંડવી દરવાજાનું રીપેરીંગ કામ પણ તંત્ર દ્વારા શરૂ કરી દેવાયું છે.જ્યારે બીજી બાજુ ચિંતિત રાજવી પરિવારના રાધિકા રાજેએ ગાયકવાડ કેટલાક પુરાતત્વવિદોને સાથે લઈને માંડવી દરવાજાની મુલાકાત લઈને ચર્ચા વિચારણાઓ કરી હતી. દરમિયાન પાલિકા મેયર પિન્કીબેન સોની, સ્થાયી સમિતિ અધ્યક્ષ શીતલ મિસ્ત્રી સહિત મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુએ રીપેરીંગ થઈ રહેલા માંડવી દરવાજાની મુલાકાત લઈને જરૂરી ચર્ચા વિચારણાઓ કરી હતી.

## નર્મદા નદીમાં ડૂબી ગયેલા અમરેલીના વેપારીની લાશ 24 કલાક બાદ મળી



વડોદરા જિલ્લામાં પવિત્ર યાત્રાધામ ચાણોદ ખાતે મલ્હારરાવ ઘાટ પર નર્મદા નદીમાં સ્નાન કરતા ડૂબી ગયેલા અમરેલીના આધેડનો મૃતદેહ નાંદેરિયા ખાતેથી મળ્યો હતો. અમરેલીના વિજયભાઈ બાબુભાઈ રાઠોડ ઉંમર 43 ગઈકાલે સવારે મલ્હારરાવ ઘાટે સ્નાન કરતા હતા ત્યારે એકાએક નર્મદા નદીના વહેણમાં તણાવવા લાગ્યા હતા અને નદીમાં પાણીમાં ગરક થઈ ગયા હતા. ડભોઈ તાલુકાના તીર્થ સ્થાન ચાણોદ ખાતે અમરેલીથી સપરિવાર ધાર્મિક વિધિ માટે બાબુભાઈ વાલજીભાઈ રાઠોડ તેમજ તેમના પત્ની રંજનનાબેન બાબુભાઈ રાઠોડ અને પુત્ર વિજય ઉંમર 43 સાથે 13 જેટલા પરિવારજનો આવેલ હતા તેઓ ફર્નિચરના ધંધા સાથે સંકળાયેલ હતા. દરમિયાન ઘટનાના 24 કલાક બાદ આજે તેમની લાશ મળી આવી હતી.

## બીજાનું અનુકરણ ન કરો,મન કહે તે કરો, વડોદરાની હર્ષિતાએ UPSC માં દેશમાં બીજો ક્રમ મેળવી ઈતિહાસ રચ્યો





યુપીએસસીના આજે જાહેર થયેલા પરિણામમાં સમગ્ર ભારતમાં બીજો ક્રમ મેળવનાર હર્ષિતા ગોહેલ વડોદરાની રહેવાસી છે. તેણે એમ.એસ યુનિવર્સિટીની કોમર્સ ફેક્લ્ટીમાંથી 2020 માં ડિગ્રી મેળવી હતી. સાથે સાથે વડોદરામાંથી સીએની પરીક્ષા પણ પાસ કરી હતી. યુપીએસસીની પરીક્ષામાં પણ તેણે ઝળહળથી સફળતા મેળવી પોતાનું સ્વપ્ન સાકાર કર્યું છે. વડોદરાના ગોત્રી વિસ્તારમાં રહેતી હર્ષિતા ગોહિલે યુપીએસસી માટે અમદાવાદની સ્પીપામાં તૈયારી કરી હતી. એક ઈન્ટરવ્યૂમા તેણે કહ્યું હતું કે રિઝલ્ટ જાહેર થયા પછી મને વિશ્વાસ નહોતો થતો કે મને આખા ભારતમાં બીજો ક્રમ મળ્યો છે. મારા પરિવારનું નામ રોશન કરવાનો મને ગર્વ છે. તેણે કહ્યું હતું કે મેં જ્યારે સીએની ડીગ્રી લીધી ત્યાં સુધી યુપીએસસી પરીક્ષા અંગે વિચાર્યું ન હતું. એ પછી મારા પિતાની પ્રેરણાથી મેં સિવિલ સર્વિસનો અભ્યાસ કરવાનો નક્કી કર્યું હતું. પરીક્ષામાં સફળતા માટે સાતત્યપૂર્ણ તૈયારી જરૂરી છે. ક્યારેક એવો સમય પણ આવતો હોય છે કે જ્યારે વાંચવાનું મન ના થાય. તે વખતે આત્મવિશ્વાસ અને મનોબળ જરૂરી હોય છે. બીજાનું અનુકરણ કરવાનો કે તેની પાછળ ભાગવાનો કોઈ અર્થ નથી તમારે તમારા મનની વાત સાંભળવી જોઈએ. હર્ષિતાએ કહ્યું હતું કે મેં સોશિયલ મીડિયા બંધ નહોતું કર્યું. એવું નથી કે સોશિયલ મીડિયા મૂકતાં જ કરે છે તેના પર ઉપયોગી માહિતી પણ ઉપલબ્ધ હોય છે અવાજે એક એકાઉન્ટના કારણે મને પ્રિલિમ પરીક્ષામાં મદદ મળી હતી. તમારું જો તમારા મન પર નિયંત્રણ હોય તો સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવામાં વાંધો નથી પણ જો તમે એવું લાગતું હોય કે સોશિયલ મીડિયા ધ્યાન ભટકાવે છે.

## હિંમતનગર શામળાજી હાઈવે પર રિક્ષા- કન્ટેનર વચ્ચે અકસ્માત, બેનાં મોત



હિંમતનગર શામળાજી હાઈવે પર એક કન્ટેનરે રિક્ષાને ટક્કર મારતાં અકસ્માત સર્જાયો હતો. હાઈવેના નવીનીકરણ કામગીરી ચાલી રહી ત્યાં ઘટના બની છે. કન્ટેનરની ટક્કરે રિક્ષા ખાડામાં પડી જતા રિક્ષામાં બેઠેલા 2 લોકોના મોત થયા હતા જ્યારે એક વ્યક્તિની ઈજા પહોંચી હતી. મળતી માહિતી પ્રમાણે હાલમાં હિંમતનગર શામળાજી હાઈવેની નવીનીકરણ કામગીરી ચાલી રહી છે. ત્યારે આજે એક કન્ટેનરે રિક્ષાને ટક્કર મારી હતી. કન્ટેનરની ટક્કરે રિક્ષા હાઈવે પર પાણીની લાઈન માટે ઊભા કરવામાં આવેલા સળિયા પર પલટી ખાઈ ગઈ હતી. જેથી રિક્ષામાં સવાર બે લોકોના ઘટના સ્થળે જ મોત નીપજ્યાં હતા. જ્યારે અન્ય એક વ્યક્તિને ભારે ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. અકસ્માતમાં બેના મોત, એક ઈજાગ્રસ્ રિક્ષામાં ત્રણ મુસાફરો સવારી કરી રહ્યા હતા.

આ ત્રણ મુસાફરોમાંથી વાવડી ગામના કાજલબેન કાલુસિંહ મકવાણા (30 વર્ષ) અને એક 40 વર્ષીય અજાણ્યા પુરુષનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે સોનલબેન સંજયભાઈ મકવાણા (30 વર્ષ, રહે. વાવડી) ને ગંભીર ઈજાઓ થતાં હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. આ અંગે ગાંભોઈ પોલીસ સ્ટેશનના PI એન.એન.રબારીના જણાવ્યા પ્રમાણે ટ્રક કન્ટેનર અને રિક્ષા અકસ્માતમાં રિક્ષા ચાલક સુરેશસિંહ બાલુસિંહ મકવાણા (40 વર્ષ) હિંમતનગરના હાથરોલ ગામના રહેવાસી છે.

## જામનગર શહેરમાં મહાનગર પાલિકા દ્વારા રૂ.49.17 લાખના ખર્ચે પ્રિ-મોન્સુન સફાઈ કામગિરીનો થશે પ્રારંભ

જામનગર મહાનગરપાલિકા દ્વારા આગામી ચોમાસાને ધ્યાને લઈને અમુક વિસ્તારમાં કેનાલ-નદીના પ્રવાહની પ્રિ-મોન્સુન સફાઈ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

ત્યારે ચાલુ માસના અંતથી શહેરમાં વરસાદી પાણી લાવતી દરેડથી પવનચક્કી-રણમલ તળાવ સુધીની કેનાલ તેમજ પાણીના જાવકની જુદા-જુદા વોર્ડમાં આવેલી ઓપન કેનાલોની સફાઈ રૂ.49.17 લાખના ખર્ચે શરૂ કરવામાં આવશે. આ સમગ્ર કામની ટેન્ડર પ્રક્રિયા પુરી થઈ છે. સ્ટેન્ડિંગ કમિટીની મંજુરી બાદ કામની તે કામની સોંપણી કર્યા બાદ તુરતજ પ્રિ-મોન્સૂન કામગીરી શરૂ થઈ જશે.

શહેરમાં બે વર્ષ પહેલાં જયાં વરસાદ રોકાઈ ગયાના બે દિવસ પછી પણ ધરોમાં પાણી ભરાયેલા રહ્યા હતા. તે મોહનનગર, નારાયણનગર વિસ્તારને પ્રાથમિકતા આપીને આ વિસ્તારની ઉપરવાસ તેમજ તેના નીચાણના વિસ્તારોમાં નદીના પ્રવાહ માર્ગની સફાઈ થણા દિવસોથી ચાલુ છે. ત્યારે કોર્પોરેશનના સોલીડવેસ્ટ વિભાગ દ્વારા આગામી દિવસોમાં રણમલ તળાવમાં રંગમતી નદીના પાણી લાવતી ફીડીંગ કેનાલના ખુલ્લા ભાગોની સફાઈ કરવામાં આવશે.



આ ઉપરાંત પાણીના જાવક માર્ગોની સફાઈનું આયોજન જોઈએ તો કિર્તિપાનથી આંબાવાડી પાછળથી પટેલપાર્ક, પંપ હાઉસથી પટેલપાર્ક, મહાવીરનગર, ખાનગી સ્કુલ પાછળથી મારુ કંસારા હોલ તરફ,

દિગ્વિજય પ્લોટ શેરી નંબર-49ના છેડેથી રામનગર ઢાળીયાથી ગોકુનગરથી એરફોર્સ-2, મયૂરપાર્કથી વિશાલ હોટેલ થઈ સુપર ફનીચરથી ચેમ્બર કોલોની, ખંભાળીયા રોડ ઓવર બ્રિજથી દવા બજાર કોલોનીથી સાતનાલા તેમજ સોનલનગર, 1404 આવાસો તરફ, એરફોર્સ-1થી ઢીંચડા તરફ અને ઉપરાંત ગેલેક્સી સિનેમાથી વેલનાથનગરથી સ્મશાન તરફ, વોર્ડ નંબર-10માં બચુનગર,

ધુંવાવ નાકા, સુભાસ બ્રિજ તરફની કેનાલ, સાત રસ્તા સર્કલથી ખોડીયાર મંદિર થઈને ઝગડીયાના નાલાથી પોલીસ હેડક્વાર્ટર્સ પાછળના વિસ્તારમાં કેવડી નદી તરફ સહિતના વિસ્તારોમાં સફાઈ કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

## વડોદરાના ફતેગંજ પો.સ્ટે.થી છાણી-રામા કાકા ડેરી સુધીના હંગામી દબાણનો સફાયો



વડોદરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા ફતેગંજ પોલીસ સ્ટેશનથી છાણી-રામા કાકા ડેરી સુધીના રોડને બંને બાજુએ આવેલા હંગામી દબાણોનો સફાયો તંત્ર દ્વારા કરવામાં આવ્યો હતો. કામગીરી વખતે કેટલીય જગ્યાએ તું તું મૈં મૈં સહિત ઘર્ષણ જેવા પ્રયાસો થયા હતા. પરંતુ તૈનાત પોલીસ કાફલાએ મામલો સંભાળી લીધો હતો. ઉલ્લેખનીય છે કે શહેરના વિવિધ વિસ્તારોમાં જાહેર તથા આંતરિક રોડ રસ્તે બિલાડીના ટોપની જેમ ઠેર-ઠેર લારી ગલ્લાના દબાણો થયા છે ત્યારે પશ્ચિમ વિસ્તારમાં આવેલ ફતેગંજ પોલીસ સ્ટેશનથી છાણી રામાકાકા ડેરી સુધી ઠેર-ઠેર ખાણીપીણી અને ચાની લારીઓ, શેરડીના કોલા અને કેરી રસના તંબુઓ, તથા ઓટો ગેરેજના ગલ્લાના દબાણો રોડ રસ્તાની બંને બાજુ હોવાના કારણે રસ્તા સાંકડા થઈ જવાથી અકસ્માતનો ભય સતત રહેતો હતો અને ક્યારેક નાના મોટા અકસ્માતો પણ થતા હતા. જેથી આ અંગેની ફરિયાદો મળતા પાલિકા તંત્રના આદેશ મુજબ દબાણ શાખાએ આ વિસ્તારના તમામ હંગામી દબાણો હટાવીને, કેટલાક બનાવવામાં આવેલા કાચા શેડ તોડી નાખી રોડ રસ્તા ખુલ્લા કર્યા હતા. જોકે કામગીરી વખતે કેટલીક જગ્યાએ તું તુ મૈં મૈં થતા સ્થાનિક પોલીસ કાફલાએ મામલો સંભાળી શાંત પાડ્યો હતો. દબાણ શાખાની ટીમે કાર્યવાહી દરમિયાન કુલ ચાર ટ્રક જેટલો માલ સામાન કબજે કર્યો હતો.

## ગુજરાત સરકારે ખેડૂતોને ખેતી વિષયક વીજ જોડાણના નિયમોમાં કર્યા ફેરફાર, સેલ્ફ ડિક્લેરેશન માન્ય ગણાશે



ગુજરાતના ખેડૂતોને પડતી મુશ્કેલીઓ અને તેમની માંગણીઓને રાજ્ય સરકાર દ્વારા સંતોષવામાં આવી છે. રાજ્ય સરકારે ખેડૂતોને ખેતી વિષયક વીજ જોડાણ વધુ સરળતાથી પૂરા પાડવા ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈએ ખેડૂતોના હિતમાં વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. શું હતી જોગવા હાલની જોગવાઈ મુજબ ખેતી વિષયક નવું વીજ જોડાણ મેળવવા માટે 7-12ના ઉતારામાં એક કરતા વધારે સહ માલિકના નામ હોય તો નોટરાઈઝ્ડ સ્ટેમ્પ પેપર પર સહ માલિકનું સંમતિ પત્રક મેળવવાની રહે છે. જેના કારણે ખાસ કરીને આદિજાતિ વિસ્તારોમાં વધુ વારસદારો હોવાથી આંતરિક વહેચણી કરેલી હોય પરંતુ મહેસૂલી નોંધ ન હોવાને કારણે ખેતી વિષયક નવું વીજ જોડાણ મેળવવા માટે મુશ્કેલીઓ પડતી હતી. સેલ્ફ ડિક્લેરેશન માન્ય ગણાશે ખેડૂતો તેમજ આદિવાસી વિસ્તારના ધારાસભ્યઓની રજૂઆતોને ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા આ જોગવાઈમાં સુધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તે મુજબ હવેથી સહ માલિકના સંમતિ પત્રકને બદલે હવેથી અરજદાર દ્વારા નોટરાઈઝ્ડ સ્ટેમ્પ પેપર પર અપાયેલ સેલ્ફ ડિક્લેરેશન ગ્રાહ્ય રહેશે. ક્યા ડોક્યુમેન્ટ હોવા જરૂરી આ ઉપરાંત નિયમોમાં એક નવો સુધારો કરવામાં આવ્યો છે. જે મુજબ 7-12ના ઉતારામાં એક કરતા વધારે સહ માલિકના નામ હોય તો દરેક સહ માલિકને તે સર્વે નંબર/જમીનના ક્ષેત્રફળને ધ્યાને લીધા વગર વીજ જોડાણ આપવામાં આવશે. વીજ જોડાણ મેળવવા માટે અરજદારનું નામ 7-12 ઉતારામાં નોંધાયેલું હોવું જોઈએ, પાણીનો સ્ત્રોત/ કુવો/ બોર અલગ હોવો જોઈએ. અરજી સાથે અરજદાર દ્વારા સંપૂર્ણ જમીનનો સહભાગીદારોની અલગ સીમાઓ તથા હદબંધી દર્શાવતો સ્પષ્ટ નકશો રજૂ કરવાનો રહેશે. સહ માલિકો પોતાના નામે એક સર્વે નંબરમાં માત્ર એક જ વીજ જોડાણ મેળવવા પાત્ર રહેશે. આમ, ધારાસભ્યો તેમજ ખેડૂતોની રજૂઆતોને ગ્રાહ્ય રાખતા રાજ્ય સરકારે ખેડૂત હિતલક્ષી નિર્ણય કર્યો છે.

## ગેસ બિલના નાણાં બાકી હોવાના બહાને વડોદરાના પૂર્વ મામલતદાર સાથે ઠગાઈનો પ્રયાસ

ગેસ બિલ ભરવામાં આવ્યું નથી જેથી તમારું કનેક્શન કાપી નાખવા આવશે. આવો મેસેજ પૂર્વ નાયબ મામલતદારને ઈંગ્લિશમાં વડોદરા ગેસ ઓફિસના નામથી કરીને ઠગાઈ કરવાનો પ્રયાસ સાયબર ક્રાઈમ ઠગે કર્યો હતો. આ બાબતે અપડેટ રાખો જોયા વગર ગેસ કનેક્શન બંધ કરવાની ધમકી આપો છો, ગુજરાતી છો હિન્દીમાં કેમ વાત કરો છો તેમ કહેતા સાયબર ગઠીયાએ ગાળાગાળી કરી હોવાની વિગતો જાણવા મળી છે. ઉલ્લેખનીય છે કે, નિઝામપુરા વિસ્તારમાં રહેતા પૂર્વ તલાટી-ડેપ્યુટી મામલતદાર દિનેશભાઈને તેમના મોબાઈલ પર ઈંગ્લિશમાં વોટ્સએપ આવ્યો હતો. જેમાં વડોદરા ગેસ લિમિટેડના નામે ગેસ ગ્રાહક નંબર લખીને જણાવ્યું હતું .

## સચિન તેંડુલકરના સાસુની અમદાવાદ સ્થિત NGOનું ફોરેન્સિક ઓડિટ કરાશે, ગેરરીતિની શક્યતા




કેન્દ્રીય ગૃહ મંત્રાલયે અમદાવાદમાં રજિસ્ટર્ડ ઓફિસ ધરાવતી બિન સરકારી સંસ્થા (NGO) ગિવ ફાઉન્ડેશનનાં ખાતાંનું ફોરેન્સિક ઓડિટ કરવા આદેશ આપ્યો છે. અમદાવાદના થલતેજમાં રજિસ્ટર્ડ ઓફિસ ધરાવતા ગિવ ફાઉન્ડેશનનાં ડિરેક્ટર્સમાં ક્રિકેટર સચિન તેંડુલકરનાં સાસુ અન્નાબેલ આનંદ મહેતા પણ છે. અન્નાબેલ આનંદ મહેતા 2010થી ગિવ ફાઉન્ડેશનનાં ડિરેક્ટર છે. ગિવ ફાઉન્ડેશન ગિવ ઈન્ડિયા તરીકે પણ ઓળખાય છે. વિદેશથી મળેલા દાનનો ગેરકાયદે કામમાં ઉપયોગ થવાની શક્યતા બાદ ગૃહ મંત્રાલયનો આદેશગૃહ મંત્રાલય દ્વારા ભાગ્યે જ કોઈ એનજીઓના ફોરેન્સિક ઓડિટનો આદેશ અપાય છે. એ જોતાં ગિવ ઈન્ડિયા સામે ગંભીર પ્રકારની ફરિયાદો થઈ હોવાની અથવા વિદેશમાંથી મળેલા દાનનો ગેરકાયદેસર કામોમાં દુરૂપયોગ કરાયો હોવાની વાત ધ્યાન પર આવી હોવાની શક્યતા છે. 00:00/01:37ગૃહ મંત્રાલય પોતાની રીતે પણ તપાસ શરૂ કરી શકે છે પણ મોટા ભાગના કિસ્સામાં સેન્ટ્રલ એજન્સીઓ દ્વારા ગેરરીતિની શક્યતા ધ્યાનમાં આવતાં ઓડિટના આદેશ અપાય છે. ગિવ ઈન્ડિયા અથવા ગિવ ફાઉન્ડેશનની રજિસ્ટર્ડ ઓફિસ અમદાવાદમાં થલતેજના ઈન્દ્રપ્રસ્થ ટાવરમાં આવેલી છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કંપની બોરકર અને મજુમદારને ગૃહ મંત્રાલય દ્વારા ફોરેન્સિક ઓડિટ કરવા માટે નિયુક્ત કરવામાં આવ્યા છે. સીએ કંપની 2019-20, 2020-21 અને 2021-22 એમ ત્રણ નાણાંકીય વર્ષમાં ગિવ ફાઉન્ડેશનને મળેલી વિદેશી દાનની રકમ અને આ ભંડોળનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવ્યો તેની તપાસ કરશે.સીએ કંપનીને ફોરેઈન કન્ટ્રિબ્યુશન રેગ્યુલેશન એક્ટ (એફસીઆરએ)ની કલમ 20 હેઠળ એનજીઓ સાથે સકળાયેલાં લોકો પાસેથી માહિતી માગવાની સા‌‌ા અપાઈ છે. જ્યારે કલમ 30 હેઠળ ખાતાં તપાસવાની સત્તા અપાઈ છે. બહુ ઓછા કેસોમાં આ કલમો લગાવાય છે એ જોતાં ગિવ ફાઉન્ડેશન દ્વારા મોટા પાયે ગરબડો કરાઈ હોવાની શક્યતા નકારી શકાય નહીં.

## જામનગરના એરપોર્ટ માર્ગે રિક્ષાને આઈસર ટ્રક ચાલકે હડફેટ લેતાં એકનું મૃત્યુ : એકને ઈજા થતાં સારવારમાં




જામનગર-ખંભાળિયા માર્ગે એરપોર્ટ નજીક આજે વહેલી સવારે પસાર થતી એક રિક્ષાને આઈસર ટ્રક ચાલકે ઠોકર મારતા અકસ્માત થયો હતો. જેમાં એકનું મૃત્યુ થયું હતું. અને તેમની સાથેના આધેડને ઈજા પહોંચી હતી.

આથી તેમને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયા છે.

જામનગરના નીલકમલ સોસાયટીમાં રહેતા હૈદરભાઈ મીનસરીયા અને પ્રવીણભાઈ ભવાનભાઈ રાઠોડ બન્ને રીક્ષા લઈને જામનગર બાયપાસ નજીક એરપોર્ટ માર્ગેથી પસાર થતા હતા ત્યારે એક આઈસર ટ્રક ચાલકે ઠોકર મારતા અકસ્માત થયો હતો.

જેમાં પ્રવીણભાઈ રાઠોડને માથામાં ગંભીર ઈજા થતા તેમનું સ્થળ પર જ મૃત્યુ થયું હતું.

જયારે તેમની સાથેના હૈદરભાઈને ઈજા થતા સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયા હતા.

આ બનાવ અંગે હૈદરભાઈ પંજુભાઈ મિનસારિયાએ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા આઈસર ટ્રક ચાલક સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## જામનગરના સીટી બી.ડિવિઝન પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફ દ્વારા ગાંધીનગર રોડ પરની સોસાયટીમાં ફૂટ પેટ્રોલિંગ કરાયું



જામનગરના સીટી બી. ડિવિઝનના પી.આઈ પી.પી.ઝા અને તેઓની સમગ્ર ટીમ દ્વારા ગઈકાલે રાત્રે આકસ્મિક રીતે બ્રુક બોન્ડ ગ્રાઉન્ડ પાસેના માર્ગથી ગાંધીનગરના રોડ તેમજ બેડી બંદર રોડ સહિતના માર્ગો પર ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું, તેમજ આસપાસના વિસ્તારમાં કેટલાક રહેણાંક મકાનોમાં પણ ચેકિંગની કાર્યવાહી કરવામાં આવી હતી. ત્યારબાદ બ્રુક બોન્ડ રોડ ઉપરાંત ડીકેવી સર્કલ સહિતના જુદા-જુદા માર્ગો પર પોલીસ દ્વારા સઘન વાહન ચેકિંગ કરવામાં આવ્યું હતું, મોડી રાત્રે પોલીસની ઓચિંતી કામગીરીને લઈને અનેક વાહનચાલકો સામે જુદા જુદા ટ્રાફિક નિયમન ભંગ બદલ દંડકીય કાર્યવાહી કરવામાં આવી હતી. જ્યારે કેટલાક ટુવ્હીલર સહિતના વાહનો ડીટેઈન કરવાની પણ કાર્યવાહી હાથ ધરાઈ હતી.

# ગુજરાતમાં વક્ફ સંપત્તિઓની આવક 20 કરોડથી ઘટીને ઝીરો થઈ!




કેન્દ્ર સરકારે વક્ફ એક્ટમાં કરેલા સુધારાના કારણે વક્ફ સંપત્તિઓનો મુદ્દો ચર્ચામાં છે. ત્યારે એક રસપ્રદ વાત એ છે કે, ગુજરાતમાં છેલ્લાં ત્રણ વર્ષમાં વક્ફ સંપત્તિઓમાંથી કોઈ આવક જ નથી થતી. 6 વર્ષ પહેલાં જ ગુજરાતની વક્ફ સંપિાઓમાંથી થયેલી આવક 19.78 કરોડ રૂપિયા હતી પણ સરકારી ડેટા પ્રમાણે છેલ્લાં 3 નાણાંકીય વર્ષમાં આ આવક શૂન્ય થઈ ગઈ છે.અગાઉ 6 વર્ષ પહેલાં 19.78 કરોડ હતી વક્ફ એસેટ્સ મેનેજમેન્ટ સિસ્ટમ ઓફ ઈન્ડિયા (WAMSI) વેબસાઈટના ડેટા પ્રમાણે, ગુજરાતમાં કુલ 45,358 વક્ફ સંપત્તિ છે. આ પૈકી 39940 અચલ સંપિા એટલે કે ઈમ્મૂવેવલ પ્રોપર્ટી છે, જ્યારે 5,480 ચલ એટલે કે મૂવેબલ સંપિા છે. વેબસાઈટ પર અપાયેલી માહિતી પ્રમાણે, છેલ્લાં 15 નાણાંકીય વર્ષમાં એટલે કે 2010-11થી 2024-25 દરમિયાન ગુજરાતમાં વક્ફ સંપિાઓની સંખ્યામાં કોઈ ફેરફાર થયો નથી. પરંતુ વક્ફ સંપિાઓમાંથી થતી આવકમાં બહુ મોટો ફેરફાર થયો છે. 10 વર્ષ પહેલાં ગુજરાતમાં વક્ફ સંપત્તિઓમાંથી 7,66,38,172 રૂપિયાની આવક થતી હતી અને 2018-19માં તો આ આવક વધીને 19.78 કરોડ રૂપિયા પર પહોંચી હતી. છેલ્લાં ત્રણ વર્ષમાં આ આવક ઘટીને ઝીરો પર આવી ગઈ છે. આ વેબસાઈટ ભારત સરકારના લઘુમતી બાબતોના મંત્રાલય દ્વારા સંચાલિત છે અને તેમાં દેશનાં દરેક રાજ્યમાં વક્ફ સંપિાઓને લગતી તમામ વિગતો ઉપલબ્ધ છે. દરેક રાજ્યના ક્યા તાલુકામાં કેટલી વક્ફ સંપિાઓ છે અને ક્યા પ્રકારની સંપિાઓ છે તેની વિગતો આ વેબસાઈટ પર ઉપલબ્ધ છે. આ આધારભૂત સાાવાર ડેટા છે તેથી તેની વિગતો વિશે કોઈ શંકા કરી શકાય તેમ નથી. આ પણ વાંચો: અમદાવાદમાં અસામાજિક તત્ત્વો બન્યા બેફામ, જુહાપુરામાં છરી અને લાકડી વડે છુટ્ટા હાથની મારામારીવર્ષ 2019-20માં વક્ફ સંપત્તિઓમાંથી કુલ 4,94,54,311 રૂપિયા એટલે કે લગભગ 4.94 કરોડની આવક થઈ હતી. 2020-21માં આવક ઘટીને 4,53,11,463 રૂપિયા થઈ. 2021-22માં આવક ઘટીને 36,130,212 રૂપિયા થઈ. કોરોનાના કારણે આવકમાં ઘટાડો થયાનું મનાય છે, પરંતુ આશ્ચર્યજનક વાત હવે આવે છે. વક્ફ એસેટ્સ મેનેજમેન્ટ સિસ્ટમ ઓફ ઈન્ડિયા (W A M S I) વેબસાઈટના ડેટા પ્રમાણે, છેલ્લાં ત્રણ નાણાંકીય વર્ષથી ગુજરાતમાં વક્ફ સંપત્તિઓમાંથી થતી નેટ ઈન્કમ ડીકલેર્ડ એટલે કે જાહેર કરાયેલી ચોખ્ખી આવક ઝીરો છે. વક્ફ બોર્ડની વેબસાઈટ ખોલો તો કાયદા વિભાગની ખૂલે છે!ગુજરાતમાં વક્ફ બોર્ડ અસ્તિત્વમાં છે પણ તેની વેબસાઈટ પર કોઈ માહિતી જ નથી. ગુગલ પર સર્ચ કરો તો ગુજરાત સ્ટેટ વક્ફ બોર્ડની સત્તાવાર વેબસાઈટ હોવાનું દેખાય છે. તેના પર ક્લિક કરો એટલે ગુજરાત સ્ટેટ વક્ફ બોર્ડની વેબસાઈટ ખૂલે છે ખરી પણ હોમ પેજ પર ગુજરાતમાં વક્ફ બોર્ડના ટૂંકા ઈતિહાસ સિવાય બીજી કોઈ વિગત નથી મળતી. હોમ પેજ પર બીજાં સેક્શન પર ક્લિક કરો તો ગુજરાત સરકારના કાયદા વિભાગની વિગતો આવે છે. વક્ફ બોર્ડની ઓફિસ ક્યાં છે, કોણ કોણ હોદ્દેદારો છે, ફોન નંબર કે ઈમેલ આઈડી શું એવી પ્રાથમિક માહિતી પણ વેબસાઈટ પર નથી. ડિજિટલ ઈન્ડિયાની વાતો વચ્ચે સરકારી વિભાગની આ હાલત દયનિય કહેવાય.

## વડોદરામાં કલ્યાણનગરના વુડાના મકાન પાસે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા આઠ પકડાયા



વડોદરા સયાજીગંજ પી.આઈ. ઝેડ.એન.ઘાસુરાની સીધી દોરવણી હેઠળ પો. સ્ટે. વિસ્તારમા નાઈટ પેટ્રોલીગમા સર્વેલેન્સ સ્કોડના પો.સ.ઈ. તથા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા. દરમ્યાન બાતમી મળેલ કે ₹કલ્યાણનગર વુડાના મકાન સી/4 પાસે આવેલ કપાઉંન્ડ હોલ નજીક પાર્કીંગની ખુલ્લી જગ્યામા કેટલાક ઈસમો પાના તથા રૂપિયા વડે હારજીતનો જુગાર રમે છે". બાતમીવાળી જગ્યાએ રેઈડ કરતા કપાઉન્ડ હોલ નજીક પાર્કીંગની ખુલ્લી જગ્યામા ગોળ કુંડાળુ વળી પાના વડે રૂપિયાનો હારજીતનો જુગાર રમી રમાડતા હોય જે તમામને પકડી સયાજીગંજ પો.સ્ટે. ખાતે જુગારધારા કલમ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ છે. પકડાયેલ આરોપીઓમાં ઈમ્તીયાજ વાહીદમીયા શેખ (રહે.બ્લોક નં સી/01 મકાન સી/03 રાજીવગાધી આવાસ યોજના કલ્યાનગર), હનીફ મકીર મંસુરી (રહે-સી/01 મકાન નં 07 રાજીવગાધી આવાસ યોજના કલ્યાનગર), સમીર સલીમ શેખ (રહે. બ્લોક નં સી/4 મકાન નં 76 રાજીવગાધી આવાસ યોજના કલ્યાનગર), હુસેન જાફર શેખ (રહે. બ્લોક નં એ/4 મકાન નં 80 રાજીવગાધી આવાસ યોજના કલ્યાનગર), ઈરફાન ગુલામહુસેન શેખ (રહે. મેમણ કોલોની મકાનનં 327 મદીના એપાર્મેટ આજવા રોડ), ગ્યાસુદ્દીન નજીર બેલીમ (રહે. પાંચ નંબરની કોલોની મકાન નં 119 કમાટીપુરા), જુનેદ બશીર બેલીમ (રહે. સી/38 આલ્ફા સોસાયટી ગોરવા), ધ્રુવ મહેશ કહાર (રહે. મકાન નં 497 આનંદનગર સોસાયટી કારેલીબાગ) નો સમાવેશ થાય છે. આરોપીઓ પાસેથી રૂપીયા 55,090નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

## વડોદરાની ગોલ્ડન ચોકડી પાસે વાનમાં ભરેલા જુદા-જુદા ડ્રમમાંથી દારૂની 622 બોટલ મળી



: વડોદરાની ગોલ્ડન ચોકડી પાસેથી પોલીસે ગઈ રાત્રે જુદા જુદા ડ્રમમાં ભુસાની અંદર ભરેલી દારૂની બોટલો કબજે કરી હતી. ગોલ્ડન ચોકડી પાસે હરણી પોલીસ વાહનો ચેક કરતી હતી તે દરમિયાન એક વાનમાં 11 જેટલા નાના ડ્રમ જોવા મળ્યા હતા. પોલીસે પૂછપરછ કરતા વાનના ચાલકે ગલ્લા તલ્લા કર્યા હતા. જેથી ડ્રમ ખોલીને ચેક કરતા અંદર ભરેલા ભૂસામાંથી રૂ.એક લાખ ઉપરાંતની કિંમતની દારૂની 622 બોટલ મળી આવી હતી. પોલીસે વાનના ચાલક જીતેન્દ્ર જાટ (હાલ રહે.પીટીસી ટ્રાન્સપોર્ટ,ગોલ્ડન ચોકડી પાસે ની ઓફિસમાં, વડોદરા મૂળ રહે બુલંદ શહેર યુપી) ની ધરપકડ કરી પૂછપરછ હાથ ધરી છે.

## અમદાવાદના બોપલ-ઘુમા નજીક બોલેરો પીકઅપે-ટુ વ્હીલરને મારી ટક્કર, મહિલાનું મોત



અમદાવાદમાં સતત અકસ્માતોની વણઝાર વધતી જાય છે. ત્યારે અમદાવાદ બોપલ-ઘુમા નજીક એક મહિલા ટુ-વ્હીલર પર પોતાના પુત્રને સ્કુલેથી લઈને પરત ફરી રહી હતી, તે દરમિયાન એક બોલેરો પીકઅપ ચાલકે અડફેટે લેતાં મહિલાનું ઘટનાસ્થળે મોત નીપજ્યું છે. અકસ્માતની જાણ થતાં આસપાસમાંથી લોકોનું ટોળું એકઠું થઈ ગયું હતું, અને પોલીસ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી. હાલ મૃતકના મૃતદેહને સોલા સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર બપોરના સુમારે બોપલ ઘુમા રોડ પર એક બોલેરો પીકઅપ ચાલકે ગફલતભર્યું ડ્રાઈવિંગ કરી ટુ-વ્હીલર ચાલક મહિલાને અડફેટે લીધી હતી. બોલેરો પીકઅપની ટક્કર વાગતાં મહિલા 25થી 30 ફૂટ હવામાં દડાની માફક ફંગોળાતા મહિલાનું માથું ફાટી જવાથી ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. મૃતક પલકબેન શાસ્ત્રી પોતાના પુત્રને સ્કુલેથી લઈને ઘરે પરત ફરી રહ્યા હતા, તે દરમિયાન અકસ્માત સર્જાયો હતો. ઘટનાસ્થળે હાજર લોકોએ આક્ષેપ કર્યો હતો કે બોલેરો ચાલક નશાની હાલતમાં હતો. બોલેરો ચાલકે પુરપાટ ઝડપે વાહન હંકારી ટુ-વ્હીલર ચાલકને અડફેટે લીધી હતી. અકસ્માત સર્જ્યા બાદ બોલેરો ચાલક ઘટનાસ્થળે ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

## અમરેલીમાં ખાનગી વિમાન દુર્ઘટનાગ્રસ્ત, એકનું મોત



અમરેલીના ગીરિયા રોડ પર શાસ્ત્રીનગરમાં ખાનગી કંપનીનું વિમાન ક્રેશ થતાં મોટી દુર્ઘટના સર્જાઇ છે. વિમાનમાં સવાર એક વ્યક્તિનું મોત થયું છે. વિમાન દુર્ઘટનાની જાણકારી મળતા જ પોલીસ કાફલો તથા ફાયર વિભાગના જવાનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. વિમાન કેવી રીતે ક્રેશ થયું તે અંગે તપાસ શરૂ મળતી માહિતી અનુસાર, રહેણાંક વિસ્તારમાં ખાનગી કંપનીનું વિમન ક્રેશ થયા પછી બ્લાસ્ટ થયો હતો, જેના કારણે આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો.

ફાયર વિભાગની ટીમ અને પોલીસ તંત્ર સહિતનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને બચાવની કામગીરી હાથ ધરી હતી. આ દુર્ઘટનામાં એક જ વ્યક્તિનું મૃત્યુ નીપજ્યું છે. આ વિમાન ક્રેશના કારણો અંગે તપાસ શરૂ કરવામાં આવી છે, અને અધિકારીઓ ઘટનાની વિગતવાર તપાસ કરી રહ્યા છે.

## ગૃહમંત્રીની ઉત્તરવાહિની પરિક્રમાને કારણે વાહનોની એન્ટ્રી બંધ કરાતાં અનેક ભક્તો અટવાયા




ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ કાર્યકરો સાથે શનિવારે મધરાતે ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા કરી હતી.જેની વ્યવસ્થા માટે પોલીસ વિભાગે સાંજથી જ વાહનોની એન્ટ્રી બંધ કરી દેતાં અનેક ભક્તોને પરત ફરવું પડયું હતું.16 કિમીની ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા સંપન્ન થવામાં હવે માત્ર એક સપ્તાહનો સમય બાકી રહ્યો છે અને અનેક રાજ્યોમાંથી હજારો ભક્તો નર્મદાની પરિક્રમા કરી રહ્યા છે, ત્યારે ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ પણ શનિવારે રાતે બે વાગે રામપુરા ખાતેથી પગપાળા પરિક્રમા કરી હતી.પરંતુ મંત્રીની વ્યવસ્થા સંભાળવા માટે પોલીસ તંત્રએ સાત કલાક પહેલાં એટલે કે સાંજે સાત વાગ્યાથી જ વાહનોની એન્ટ્રી બંધ કરી દેતાં અનેક ભક્તોને નિરાશ થવું પડયું હતું.તો કેટલાક ભક્તો વાહનો લઈ પરત ફર્યા હતા.ગૃહમંત્રીની વ્યવસ્થા કરવામાં વ્યસ્ત તંત્રની જડતાને કારણે દિવસમાં એક વાર પગપાળા અને એકવાર વાહનમાં પરિક્રમા કરતા સાંવરીયા મહારાજના વાહનને પણ તિલકવાડામાં એન્ટ્રી આપવામાં આવી નહતી અને તેને કારણે તેમને પણ નિયમ તોડીને રૂટ બદલાની ફરજ પડી હતી. ગૃહમંત્રીએ પરિક્રમા કરતાં જ બોટના ગંદા-ગોબરાં જેકેટ્સ નવાનકોર બની ગયાંગૃહમંત્રીએ નર્મદા પરિક્રમા કરતાં જ પરિક્રમાવાસીઓ માટે નદી ઓળંગવા માટે બોટમાં રાખેલા લાઈફ જેકેટ્સ બદલાઈ ગયા હતા.હરણી બોટકાંડ બાદ લાઈફ જેકેટ્સ ફરજિયાત બનાવવામાં આવ્યા છે. પરંતુ ઉત્તરવાહિની પરિક્રમા દરમિયાન બોટમાં રાખવામાં આવેલા જેકેટ્સ ખૂબ જ ગંદા અને દુર્ગંધ મારતા હોવા છતાં ભક્તોને પહેરવા પડે છે. રવિવારે ગૃહમંત્રીએ પરિક્રમા કરતાં તેમની ટીમ માટે નવાનકોર જેકેટ્સ ફાળવવામાં આવ્યા હતા.ગૃહમંત્રીએ પરિક્રમાવાસીઓની માફી માંગી....ગૃહરાજ્ય મંત્રીએ તેમની પરિક્રમા દરમિયાન ભક્તોને તકલીફ થઈ હોય તો માફી માંગી કહ્યું છે કે,મુખ્યમંત્રીએ મને પરિક્રમાની વ્યવસ્થા જોવાનું કહ્યું છે.જે જોયા બાદ હવે રિવ્યૂ બેઠક લેવાનો છું. જેથી આગામી વર્ષે ચાર ગણી વ્યવસ્થા વધારી શકાય.

## અમદાવાદમાં અસામાજિક તત્ત્વો બન્યા બેફામ, જુહાપુરામાં છરી અને લાકડી વડે છુટ્ટા હાથની મારામારી



રાજ્યમાં વધતા જતા અસામાજિક તત્ત્વોના ત્રાસને ઓછો કરવા અને કાબૂમાં કરવા માટે ગુજરાતની પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. આમ છતાં પોલીસ અસામાજિક તત્ત્વો પર લગામ કસવામાં નિષ્ફળ નીવડી છે. અમદાવાદના જુહાપુરામાં અસામાજિક તત્ત્વોએ ફરી એકવાર હિંસક રીતે ઉત્પાત મચાવ્યો હોવાના વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયા છે. વીડિયો કેટલાક અસામાજિક તત્વો લાકડી અને છરી સાથે જોવા મળે છે અને સ્થાનિકોમાં ભયનો માહોલ ઉભો કર્યો હતો. અસામાજિક તત્ત્વોએ જુહાપુરા વિસ્તારને બાનમાં લેતાં સ્થાનિક રહીશો ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. કોઈ અંગત અદાવતમાં આ હુમલો કરવામાં આવ્યો હોવાનું અનુમાન છે. આ ઘટનાનો વીડિયો વાયરલ થતાં આ મામલે વેજલપુર પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. રખિયાલમાં અસામાજિક તત્ત્વોએ તલવારો સાથે મચાવ્યો આતંક અમદાવાદની રખિયાલની એક સોસાયટીમાં 14 એપ્રિલ, સોમવારની રાતે અસામાજિક તત્ત્વોએ ફરી એકવાર હિંસક રીતે ઉત્પાત મચાવ્યો હોવાના વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતો. જેમાં અજિત મિલ ચાર રસ્તા પાસે આવેલી રહેણાક મકાનમાં 7થી 8 લોકોનું ટોળું તલવાર, લાકડી, ધોકા અને પાઈપો સહિતના ઘાતકી હથિયારો સાથે આવી પહોંચ્યું હતું અને રીતસરનો ઉત્પાત મચાવ્યો હતો. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં રખિયાલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. પ્રાપ્ત જાણકારી અનુસાર ઘટનાના આરોપી અને ફરિયાદી વચ્ચે ઘણાં સમયથી વિવાદ ચાલી રહ્યો હતો. એક સામાજિક પ્રસંગમાં બોલાચાલી થતાં આરોપી તલવાર તથા છરા જેવા ધારદાર હથિયારો સાથે સલમાનના ઘર પર હુમલો કર્યો હતો.

## વડોદરામાં દોડકા ખાતે પાણીની લાઈન લીકેઝનું સમારકામ નિર્ધારિત સમય કરતા વહેલા પૂર્ણ થતા લોકોને રાહત



દોડકા ફ્રેંચવેલ નજીક પાણીની મુખ્ય લાઈનમાં ભંગાણ સર્જાયું હોય કોર્પોરેશનના કર્મીઓએ સતત 15 કલાક સુધી ખડેપગે રહી કામગીરી નિર્ધારિત સમય કરતા વહેલી પૂર્ણ કરી હતી. શહેરને પીવાનું પાણી પહોંચાડતી દોડકા ફ્રેંચવેલની મુખ્ય લાઈનમાં ગતરોજ ભંગાણ સર્જાતા પાણીનો વેડફાટ થઈ રહ્યો હોય કોર્પોરેશને યુદ્ધના ધોરણે સમારકામની કામગીરી હાથ ધરી હતી. રવિવારે રાત્રે 11 કલાકે શરૂ થયેલ કામગીરી સોમવારે બપોરે 2 વાગ્યે પૂર્ણ થઈ હતી. પાણીની લાઈનમાં ક્રેક હોય વેલ્ડીંગ કરી લીકેજ બંધ કર્યું હતું. સતત 15 કલાક સુધી ખડેપગે રહી કોર્પોરેશનના કર્મીઓએ કામગીરી નિર્ધારિત સમય કરતા વહેલા પૂર્ણ કરી પાણી પુરવઠો પૂર્વવત કર્યો હતો. શહેરનાં પૂર્વ, ઉત્તર તથા દક્ષિણ વિસ્તારનાં પાણી વિતરણ કરતા મથકો ખાતેથી સોમવારે સવારે અને સાંજના ઝોનમાં પાણી કાપ મુકાયો હતો. અને કામગીરી પૂર્ણ થયા બાદ મંગળવારે પાણી વિતરણ હળવા દબાણથી ઓછા પ્રમાણમાં વિતરણ કરાશે તેમ જણાવ્યું હતું. પરંતુ, કામગીરી વહેલી પૂર્ણ થતા કેટલાક વિતરણ મથકો ખાતેથી સાંજે પાણી વિતરણ કરાયું હતું.

## જામનગર નજીક ગઈકાલે ઉર્ષ મુબારકના કાર્યક્રમની સાથે ઘોડા તેમજ ઊંટગાડીની રેસ યોજાઈ



જામનગર તાલુકાના ઢીંચડામાં યા શાહ મુરાદશાહ પીર બુખારી વલીની દરગાહ શરીફમાં ગઈકાલે ઉર્ષ મુબારક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગઈકાલે બપોરે 2.30 વાગ્યે ઘોડા રેસ તેમજ ઉંટ ગાડીની રેસ યોજાઇ હતી.

જુદી-જુદી ત્રણ પ્રકારની ઘોડા રેસમાં કુલ 47 ઘોડા જોડાયા હતા. તેમાં સૌથી મોટા ઘોડાની રેસમાં પપ્પુ કાસમ ખફીનો પિસ્તોલ નામક ઘોડો પ્રથમ ક્રમાંકે વિજેતા બન્યો હતો, જ્યારે હાજી ભા આયુબનો રાઈફલ નામનો ઘોડો બીજા સ્થાને પહોંચ્યો હતો. જે બંનેનો પાઘડી પહેરાવીને સન્માન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ બીજા રાઉન્ડમાં નાના ઘોડામાં જાફરભાઈ કોટાઈનો રોકેટ નામક ઘોડો પ્રથમ સ્થાને, જ્યારે ઈકબાલભાઈ મસિતિયાવાળાનો રોઝો નામનો ઘોડો બીજા સ્થાને રહ્યો હતો. ઉપરાંત ત્રીજા નાના વછેરા ઘોડાની રેસમાં ઈકબાલભાઈ મસીતીયા વાળાનો 222 નંબરનો ઘોડો પ્રથમ સ્થાને, પપ્પુભાઈ અખાણીનો 47 નંબરનો ઘોડો બીજા સ્થાને રહ્યો હતો. જે તમામ વિજેતાઓને પણ પાઘડી પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતું. જ્યારે આરબી ઘોડાની રેસમાં એકમાત્ર હનીફભાઈ બેડીવાળાની અરબી ઘોડી પ્રથમ સ્થાને રહી હતી, અને તેમનું પણ પાઘડી પહેરાવીને સન્માન થયું હતું. આ ઉપરાંત ઊંટ ગાડીની રેસમાં ચાર ઊંટગાડી જોડાઈ હતી. જેમાં અબ્દુલભાઈ ઉંમર ભાઈની ઊંટગાડી પ્રથમ સ્થાને, જ્યારે કરીમભાઈ બેડેશ્વર વાળાની ઊંટગાડી બીજા સ્થાને રહી હતી. જે બંનેને પણ પાઘડી પહેરાવી બહુમાન કરાયું હતું. ત્યારબાદ રાત્રિના કવ્વાલીનો કાર્યક્રમ યોજાયો હતો.

## દાહોદના NTPC સોલાર પ્લાન્ટમાં ભયાનક આગ, 400 કરોડ રૂપિયાનો સામાન બળીને ખાખ



દાહોદના ભાટીવાડા ખાતે રાષ્ટ્રીય થર્મલ પાવર કોર્પોરેશન (NTPC)કંપનીના નિર્માણાધીન 70 મેગાવોટના સોલાર પ્લાન્ટમાં સોમવારે (21મી એપ્રિલ) રાત્રે ભીષણ આગ લાગી હતી. દાહોદના ચાર અને ઝાલોદના એક ફાયર ફાઈટરે આખી રાત સતત પાણીનો મારો ચલાવીને આગ પર માંડ માંડ કાબૂ મેળવ્યો છે. આ આગની ઘટનાએ પ્લાન્ટના 95 ટકા સાધનોને બળીને રાખ કરી દીધા છે. આગની આ ઘટનામાં 400 કરોડનું નુકસાન થયું હોવાનો અંદાજ છે. આગ ક્યા કારણે લાગી તેનું કારણ હજી અકબંધ મળતી માહિતી અનુસાર, આગ સોમવારે રાત્રે 9 વાગ્યાની આસપાસ શરૂ થઈ હતી. પવનની ગતિને કારણે આગ ઝડપથી ફેલાઈ, જેના પરિણામે પ્લાન્ટમાં રાખવામાં આવેલા સોલાર પેનલ, ટ્રાન્સફોર્મર, કેબલ અને અન્ય સાધનો બળીને ખાખ થઈ ગયા. NTPCના કર્મચારીઓ ઘટનાસ્થળે તાત્કાલિક પહોંચી ગયા હતા, પરંતુ આગની તીવ્રતા એટલી હતી કે તેને કાબૂમાં લેવું અશક્ય બન્યું. દાહોદ અને આસપાસના જિલ્લાઓમાંથી ફાયર બ્રિગેડની ટીમો બોલાવવામાં આવી હતી. આ આગ ક્યા કારણે લાગી તેનું કારણ હજી અકબંધ છે. પરંતુ આગ એટલી ભયાનક હતી કે તેને ઓલવવામાં મુશ્કેલી બની હતી. ત્યારે દાહોદના ચાર અને ઝાલોદના એક ફાયર ફાઈટરે આખી રાત સતત પાણીનો મારો ચલાવીને આગ પર માંડ માંડ કાબૂ મેળવ્યો છે. પ્રાથમિક અંદાજ મુજબ આગથી 400 કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. મશીનરી અને સાધનોને ભારે નુક્સાન પહોંચ્યું છે. આગનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી. NTPC અને પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

હિંમતનગરમાં પ્લાસ્ટિકનું રિસાયકલિંગ કરતી ફેક્ટરીમાં આગ ઉલ્લેખનીય છે કે, સાબરકાંઠાના હિંમતનગરમાં ગાંભોઈથી ભીલોડા હાઈવે પર ગામડી ગામ પાસે સ્થિત એક પ્લાસ્ટિકની ફેક્ટરીમાં સોમવારે મોડી રાત્રે અચાનક આગ લાગી હતી. પ્લાસ્ટિકનું રિસાયકલિંગ કરતી ફેક્ટરીમાં અચાનક આગ લાગતાં હિંમતનગર ફાયર બ્રિગેડને જાણ કરાઈ હતી.

## અમારી સુરક્ષા અમારા હાથમાં, સુભાનપુરામાં તસ્કરોના ભયથી લોકોનો રાત્રી પહેરો



વડોદરા શહેરમાં ચુસ્ત પોલીસ પેટ્રોલિંગના દાવાઓ વચ્ચે સુભાનપુરા વિસ્તારમાં બેખૌફ તસ્કરોથી ભયભીત સોસાયટીના રહીશો રાત્રી પહેરો કરવા મજબૂર બન્યા છે. સુભાનપુરામાં પંચરત્ન એપાર્ટમેન્ટ પાસેની માતૃછાયા સોસાયટીમાં રવિવારે મોડીરાત્રે તસ્કરો ત્રાટક્યા હતા. સોસાયટીના બંધ મકાનના મુખ્ય દરવાજાનો નકુચો તોડી ઘરમાં પ્રવેશી તિજોરીના લોક તોડી ચોરીનો પ્રયાસ કર્યો હતો. જો કે, સ્થાનિક રહીશોની સતર્કતાએ ચોરીનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો હતો. સ્થાનિક રહીશોનું કહેવું છે કે, મોઢે રૂમાલ બાંધેલ બાઈક સવાર બે તસ્કરોએ છરા જેવું હથિયાર બતાવી નાસી છુટતા સોસાયટીના લોકોએ બાઈકો દોડાવી લક્ષ્મીપુરા સુધી પીછો કર્યો હતો પરંતુ, તસ્કરો અંધારાનો લાભ ઉઠાવી નાસી છૂટવામાં સફળ રહ્યા હતા, આ વિસ્તારમાં અગાઉ ત્રણથી ચાર વખત ચોરીની ઘટનાઓ ઘટી ચૂકી છે, વિસ્તારમાં પોલીસ પેટ્રોલિંગ વધારવું જોઈએ. તસ્કરોના ભયથી સોસાયટીના 100 જેટલા લોકો લાકડીઓ સાથે રાત્રી પહેરો આપે છે.

## વડોદરામાં હરણી પોલીસે ટેમ્પાના ચોરખાનામાંથી 27 લાખનો ગાંજો પકડ્યો, ડ્રાઈવર ફરાર



વડોદરામાં નશીલા પદાર્થો કબજે કરવા પોલીસ દ્વારા મિશન ક્લિન ચાલી રહ્યું છે. જે અંતર્ગત હરણી પોલીસે 27 લાખનો ગાંજો ઝડપી પાડ્યો છે.હરણી નજીક અમદાવાદ સુરત હાઈવે પર આવેલી કમ્ફર્ટ ઈન હોટલ પાસે ગાંજાનું મોટું કનસાઈનમેન્ટ આવનાર હોવાની વિગતો મળતા ડીસીપી પન્ના મોમાયાએ હરણી પોલીસના પીઆઈ અને ટીમને એલર્ટ કર્યા હતા. પોલીસે હોટલની આસપાસ જુદા જુદા વાહનો ચેક કરતા એક ટેમ્પામાંથી ડ્રાઈવર સાઈડની પાછળ બનાવેલું ચોરખાનું મળી આવ્યું હતું. પોલીસ તેમાંથી 45 પેકેટો કબજે કર્યા હતા.પોલીસે ફોરેન્સિક નિષ્ણાતોની મદદ લેતા લીલા રંગનો માદક પદાર્થ ગાંજો હોવાનું જણાઈ આવ્યું હતું. આ ગાંજાનું વજન 270 કિલોગ્રામ થયું હતું. જેની બજારમાં કિંમત 27 લાખ જેટલી થાય છે. પોલીસે આસપાસમાં તપાસ કરતા ડ્રાઈવર મળી આવ્યો હતો. જેથી રૂ 8 લાખની કિંમતનો ટેમ્પો અને ગાંજો મળી કુલ 35 લાખનો મુદ્દા માલ કબજે કરી ટેમ્પાના ડ્રાઈવર તેમજ માલિકની શોધખોળ હાથ ધરી છે.

## જામનગર પાલિકા સંચાલિત વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટ પખવાડિયાથી બંધ થતાં શહેરનો એકત્ર કચરો ફરી ડમ્પીંગ સાઈટ પર ઠાલવવા કામગીરી



જામનગર મહાનગર પાલિકાની ગુલાબનગર વિસ્તારમાં આવેલી ડમ્પીંગ સાઈટ ઉપર પડેલા વર્ષો જુના 1.30 લાખ ટન કચરાને પ્રોસેસ કરીને દુર કરવાની પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે. ત્યારે જ શહેરમાં કચરો બાળીને વીજળી પેદા કરતા પ્લાન્ટમાં ટેકનિકલ ખરાબી આવ્યા બાદ પખવાડિયાથી શહેરનો એકઠો થતો ઘન કચરો ફરી ગુલાબનગર ડમ્પીંગ સાઈટ ઉપર નાખવાનું શરુ કરાયું છે. જ્યાં સુધી કચરો બાળીને વીજળી પેદા કરવાનો પ્લાન્ટ કાર્યરત થયો ન હતો.

ત્યાં સુધી એટલે કે, ગણા વર્ષોમાં શહેરમાંથી એકઠો થતો તમામ કચરો મ્યુ. કોર્પો.ની ગુલાબનગર ડમ્પીંગ સાઈટ ઉપર ઠલવાતો રહેવાને કારણે આ વિસ્તારમાં કચરાના બે થી ચાર માળ ઉંચા ગંજ ખડકાયા હતા. આ ગંજમાં અવાર-નવાર ક્યાંકને ક્યાંકથી સળગતો કચરો આવી જવાને કારણે ડમ્પીંગ સાઈટ ઉપરથી ઉઠતા ધુમાડા આસપાસની સોસાયટીઓમાં પ્રદુષણનું અને હેરાનગતિનું કારણ બન્યા હતા. આ ત્રાસથી કાયમી મુક્તિ મળે તે માટે તંત્રએ ગત મહિનાઓથી અહીં રૂ.9.37 કરોડના ખર્ચે કચરાનું પ્રોસેસીંગ કરીને ડમ્પીંગ સાઈટની જગ્યાને ખુલ્લા મેદાન જેવી કરી નાંખવાની કામગીરી કરવામાં આવી રહી છે. આ કામગીરી મહદઅંશે પુર્ણતાને આરે છે. ત્યારે જ છેલ્લા 15 દિવસથી વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટ ટેકનિકલ ખરાબીને કારણે બંધ હોવાથી હાલ જે સાઈટ કચરા મુક્ત થવાની હતી. તે સાઈટ ઉપર જ ફરી દૈનિક 100 ટન જેટલો કચરો ઠલવાવા લાગ્યો છે. આગામી દિવસોમાં આ કચરાને પુનઃ દુર કરવા તંત્રને કામગીરી કરવી પડશે. આ કચરો દૂર કરવા માટે કોર્પોરેશન ફરીને કામગીરી શરૂ કરશે, તેમ માનવામાં આવી રહ્યું છે.

## વી. એસ.હોસ્પિટલના ડોકટરો માનવતા ભૂલી ગયાં, ક્લિનિકલ રીસર્ચ દરમિયાન ત્રણ લોકોનાં મોતનો મ્યુ.બોર્ડમાં આક્ષેપ




અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત વી.એસ.હોસ્પિટલમાં ફરજ બજાવતા ડોકટરોએ માનવતા ભૂલી ક્લિનિકલ રીસર્ચ માટે મંજૂરી આપતા ત્રણ લોકોના મોત થયા હોવાનો કોંગ્રેસના રાજશ્રી કેસરીએ કરતા મ્યુનિ.બોર્ડ બેઠકમાં કર્યો હતો.તેમણે મ્યુનિસિપલ કમિશનરને મૃતક પૈકી એકના પરિવારને લઈ મળવા માટે સમય માંગ્યો હતો. આ કોર્પોરેટરે ક્લિનિકલ રીસર્ચના કારણે થયેલા ત્રણ પૈકી એક દર્દીનું મોત વી.એસ.હોસ્પિટલમાં થયુ હોવાનુ મિડીયા સાથેની વાતચીતમાં કહ્યું હતું. વી.એસ.હોસ્પિટલના ડોકટરો દ્વારા કરવામાં આવેલા એમ.ઓ.યુ. પ્રમાણે તત્કાલિન સુપ્રિટેન્ડન્ટ,ડીન સહિતના ડોકટરોએ ક્લિનિકલ રીસર્ચ માટે ટકાવારી લીધી હોવાનો આક્ષેપ કરતા બોર્ડ બેઠકમાં સન્નાટો છવાઈ ગયો હતો. મ્યુનિ.બોર્ડ બેઠક અગાઉ વિપક્ષ કોંગ્રેસના કોર્પોરેટરોએ ક્લિનિકલ ટ્રાયલના નામે કરોડો રુપિયાનો ભ્રષ્ટાચાર
કરાયો,વી.એસ.હોસ્પિટલે જીવતા માણસને પ્રયોગ શાળા બનાવી, 'હું છું વી.એસ.હોસ્પિટલનો ભ્રષ્ટાચારી ડોકટર' જેવા બેનરો સાથે ઉગ્ર સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન કર્યુ હતું. ઝીરો અવર્સની ચર્ચા દરમિયાન વિપક્ષ નેતા શહેજાદખાન પઠાણે, બાલવાટીકા સાથે 68 વર્ષથી સંકળાયેલા ચાચા નહેરુના નામને દુર કરવાના નિર્ણયને બદલાની ભાવના તરીકે ગણાવ્યો હતો. વી.એસ.હોસ્પિટલમાં 500 દર્દીઓ ઉપર 58 ક્લિનિકલ ટ્રાયલ થાય ત્યાં સુધી મ્યુનિસિપલ તંત્ર કે સત્તાધારી પક્ષને ખબર જ ના હોય એ માની શકાય એવી બાબત નથી.ઈકબાલ શેખે વી.એસ.હોસ્પિટલના ચેરમેન હોવાના કારણે મેયરે નૈતિક જવાબદારી સ્વીકારી રાજીનામુ આપવુ જોઈએ એવી રજૂઆત કરતા મેયરે તેમને બેસી જવા કહ્યું હતું. ચાંદખેડા વોર્ડના કોર્પોરેટર રાજશ્રી કેસરીએ બોર્ડ બેઠકમાં રજૂઆત કરવા માટે નામ નોંધાવ્યુ હોવા છતાં અધ્યક્ષ સ્થાનેથી મેયરે તેમને બોલવાની તક ના મળે એ માટે છેક સુધી પ્રયાસ કર્યા હતા.

## વડોદરામાં ત્રિમાસિક સફાઈ સ્વચ્છતા ઝુંબેશ ઉપાડવામાં આવશે




વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં સ્વચ્છતા માટે સઘન સફાઈ ઝુંબેશ શરૂ કરવા આયોજન કરી રહી છે. શહેરમાં ત્રિમાસિક સફાઈ-સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવશે. કોર્પોરેશનમાં પદાધિકારીઓ અને અધિકારીઓ વચ્ચે ઉકત આયોજન માટે પૂર્વ વિચારણા કરવા બેઠકમાં વિવિધ મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી.

તારીખ 29 ના રોજ પરશુરામ જયંતિએ મહા સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવશે. કોર્પોરેશનની ત્રિમાસિક સ્વચ્છતા ઝુંબેશમાં સરકારી, અર્ધસરકારી સંસ્થાઓ એનજીઓ સામેલ કરવામાં આવશે. ત્રણ વર્ષ પહેલાં અમુક સ્વૈચ્છિક સંગઠનો દ્વારા સફાઈ અભિયાનની જે કામગીરી કરી હતી તેના પ્રતિનિધિઓને પણ બેઠકમાં બોલાવ્યા હતા. ત્રિમાસિક સફાઈ ઝુંબેશમાં વોર્ડ સ્તરે 1 થી 19 વૉર્ડમાં સફાઈ સેવકો વચ્ચે આંતરિક હરીફાઈ રાખીને ઉત્તમ કામગીરી કરનારને ઈનામ અને સર્ટિફિકેટ આપીને નવાજવામાં આવશે. આ ઉપરાંત શાળાના બાળકોને પણ સ્વયંભુ આ કામગીરી સાથે જોડવા અને તેઓમાં ઉત્સાહ જળવાઈ રહે તે માટે એક એપ બનાવવા અને તેના પર તસવીરો અપલોડ કરવા પણ સૂચનો મળ્યા છે. રાત્રી સફાઈ માટે હજી વધુ શું થઈ શકે તે માટે પણ વિચારણા કરવામાં આવશે. પરંતુ ભ્રષ્ટ અધિકારીઓ હપ્તા ઉઘરાવવામાં વ્યસ્ત છે તો ખનિજ માફિયાઓ બેફામ બની ખનીજ ચોરીમાં મસ્ત છે. ટૂંકમાં આ બધુ ભ્રષ્ટ અધિકારી અને ખનિજ માફિયાઓના મેળાપિપણામાં ચાલી રહ્યું છે.

## ગરીબોના દબાણો દૂર કરતી ગુજરાત સરકાર ભાડા પટ્ટાવાળા પર મહેરબાન, મહેસુલ વિભાગે જાહેર કર્યો ઠરાવ



ગુજરાત સરકાર દ્વારા એકબાજુ પૂરજોશમાં સરકારી જમીનો પર રહેલા ગરીબોના ઝુંપડા તોડવાની બુલડોઝર યોજના ચાલી રહી છે અને બીજી બાજુ રાજ્ય સરકારના કમાઉ દીકરા મહેસૂલ વિભાગે હવે ભાડાપટ્ટાની જમીનને કાયમી કરશે. આ ઠરાવ મુજબ સીટી સર્વે વિસ્તારના લાંબા અને ટુંકાગાળા માટે ભાડાપટ્ટે આપેલ જમીન માટે હાલના કાયદેસરના ધારક પાસેથી નીચે મુજબ રાહત કિંમત વસુલ લઈ જમીનનો કાયમી નિકાલ કરવાનો રહેશે. મહેસૂલ વિભાગના 6 જૂન 2023ના સંકલિત ઠરાવના ક્રમાંકઃ 18 અને 19 લાંબાગાળા તથા ટુંકાગાળા માટે ભાડાપટ્ટે આપવામાં આવતી સરકારી પડતર/ખરાબાની જમીન અંગેની જોગવાઈઓમાં સુધારાઓ કરવા બાબત ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ ગાંધીનગર દ્વારા 21 એપ્રિલ 2025ના રોજ અમદાવાદ, સુરત અને ભરૂચના સીટી સર્વે વિસ્તારોમાં લાંબાગાળા અને ટુંકાગાળા માટે પટ્ટેથી આપવામાં આવતી જમીનોનો પટ્ટો તાજો કરવા અથવા નિકાલ કરવા ઠરાવ કારવામાં આવ્યો છે. આ ઠરાવ મુજબ હવે અમદાવાદ, સુરત અને ભરૂચના સીટી સર્વે વિસ્તારોમાં લાંબાગાળા અને ટુંકાગાળા માટે પટ્ટેથી આપવામાં આવતી જમીનોનો પટ્ટો તાજો કરવા અથવા નિકાલ કરવા આગાઉના ઠરાવમાં જોગવાઈઓના અર્થઘટન તથા તેના અમલીકરણમાં મુશ્કેલી પ્રવર્તતી હતી. જેથી આ નવા સંકલિત ઠરાવની જોગવાઈઓ બાબતે વિગતવાર અભ્યાસ કરી તેમાં જરૂરી સૂચનો અને સુધારા માટે ભલામણ આપવામાં આવી છે, જેમાં ઉચ્ચ કક્ષાની સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિએ જોગવાઈઓમાં સુધારો કરવા સારું વિવિધ પાસાઓનો વિગતવાર અભ્યાસ કરી તથા તેની યોગ્ય સમીક્ષા કરીને સંપુર્ણ અહેવાલ 1 જાન્યુઆરી 2025ના રોજ સરકારને સુપ્રત કર્યો હતો. જેમાં આવેલી ભલામણો અન્વયે લાંબાગાળા તથા ટુંકાગાળા માટે ભાડાપટ્ટે આપવામાં આવેલ સરકારી પડતર/ખરાબાની જમીન અંગેની જોગવાઈઓમાં સુધારાઓ કરવા અંગેની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

આ સુધારામાં ૩૦ વર્ષ કે તેથી વધુના સમયગાળા માટે ભાડાપટ્ટે અપાયેલી જમીનમાં જેમાં તબદીલીપાત્ર હોય તથા પટ્ટાની અધિકૃત તબદીલી થઇ હોય તો અને જાહેર હરાજીથી એક કિંમતે આપેલ હોય તેમાં કિંમત પ્રવર્તમાન જંત્રી કિંમતના 15% જ્યારે માત્ર ભાડેથી જમીન આપેલી હોય તેવા કેસોમાં પ્રવર્તમાન જંત્રી કિંમતના 30% અને પટ્ટાના અનઅધિકૃતમાં તબદીલમાં પ્રવર્તમાન જંત્રી કિંમતના 25% (માત્ર ભાડેથી જમીન આપેલી હોય તેવા કેસોમાં જંત્રી કિંમતના 50% પ્રવર્તમાન )લેવાની રહેશે. આ ઉપરાંત 7 વર્ષથી વધુ અને ૩૦ વર્ષથી ઓછા સમયગાળા માટે ભાડાપટ્ટે અપાયેલી જમીનમાં અનધિકૃત તબદીલીમાં જાહેર હરાજીથી/એક કિંમત લઈને(ઉચ્ચક કિંમતે) ભાડાપટ્ટે આપેલ હોય તેવા કેસમાં પ્રવર્તમાન જંત્રી કિંમતના 20% અને માત્ર ભાડામાં 40% અને અનધિકૃત તબદીલીમાં જાહેર હરાજીથી/એક કિંમત લઈને(ઉચ્ચક કિંમતે) ભાડાપટ્ટે આપેલી હોય તેવા કેસમાં પ્રવર્તમાન જંત્રીકિંમતના ૩૦% અને માત્ર ભાડેથી આપેલ જમીન હોય તેવા કેસોમાં પ્રવર્તમાન જંત્રી કિંમતના 60% આપવાની રહેશે. આ ઠરાવ મુજબ સીટી સર્વે વિસ્તારમાં વખતોવખતની જોગવાઈ/નીતિ હેઠળ ભાડાપટ્ટે અપાયેલી જમીનોને આ યોજના લાગુ પડશે અને બાકી અન્ય કેસો જેવા કે, ફળઝાડ, કપાસ અને અન્ય વૃક્ષના ઉછેર માટે ભાડાપટ્ટે જમીન ફાળવણી, નવસાધ્ય કરવા આપેલ જમીન, ઝીંગા ઉછેર માટે ભાડાપટ્ટે જમીન ફાળવણી, મીઠા ઉદ્યોગ માટે ભાડાપટ્ટે જમીન ફાળવણી, રમતગમતના મેદાન માટે ભાડાપટ્ટે જમીન ફાળવણી, સોલાર, વીન્ડ, સોલાર-વીન્ડ હાઈબ્રીડ યોજના માટે ભાડાપટ્ટે જમીન ફાળવણી, ગ્રીન હાઈડ્રોજન માટે જમીન ફાળવણી જેવા કેસોમાં આ યોજના લાગુ પડશે નહી તથા મહેસૂલ વિભાગની પ્રવર્તમાન જોગવાઈઓ યથાવત રહેશે.

# બ્રાહ્મણ પર વિવાદિત ટિપ્પણી કરી અનુરાગ કશ્યપે થૂંકેલું ચાટ્યું, 'બ્રાહ્મણ સમાજે મને ઘણું આપ્યું છે' કહી માફી માંગી

બ્રાહ્મણો પર કરેલી વાંધાજનક ટિપ્પણીને કારણે ફિલ્મ મેકર અનુરાગ કશ્યપ વિવાદોમાં ઘેરાયેલા છે. તેમની વિરુદ્ધ ઈન્દોર, મુંબઈ, દિલ્હી અને જયપુર સહિત ઘણા શહેરોમાં ફરિયાદો નોંધાઈ છે. વિવાદ આગની માફક પ્રસરતા હવે ડિરેક્ટર-એક્ટરે થૂંકેલું ચાટ્યું છે અને સમગ્ર સમાજની માફી માંગી છે. અનુરાગ કશ્યપે આજે મંગળવારે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી અને લખ્યું, 'ગુસ્સામાં હું મારી મર્યાદા ભૂલી ગયો'.'બ્રાહ્મણ સમાજે મને ઘણું આપ્યું છે' અનુરાગ કશ્યપે માફી માંગતી ઈન્સ્ટાગ્રામ પોસ્ટ શેર કરી હતી. તેમણે લખ્યું કે- કોઈ એકને જવાબ આપવાના ચક્કરમાં હું મારી મર્યાદાનું ભાન ભૂલી ગયો અને સમગ્ર બ્રાહ્મણ સમુદાય વિશે ખરાબ બોલાય ગયું. આ સમાજ, જેના ઘણા લોકો મારા જીવનનો ભાગ રહ્યા છે અને હજુ પણ સાથે છે અને ઘણું યોગદાન આપે છે. આજે તે બધા મારાથી દુઃખી છે. મારા પરિવારને મારાથી દુઃખ થયું છે. ઘણા બુદ્ધિજીવીઓનો હું આદર કરું છું તેઓ મારા ગુસ્સા અને મારી વાણીથી દુઃખી થયા છે. આ પ્રકારની કોમેન્ટ કરી હું પોતે જ વિષયથી ભટકી ગયો હતો.'હું દિલથી માફી માંગુ છું' અનુરાગ કશ્યપે આગળ લખ્યું, 'હું આ સમાજની દિલથી માફી માંગુ છું જેમને હું આવું કહેવા માંગતો નહતો, પરંતુ કોઈની હલ્કી કોમેન્ટનો જવાબ આપતી વખતે ગુસ્સામાં મારાથી લખાઈ ગયું. હું મારા બધા મિત્રો, મારા પરિવાર અને સમાજની મારી બોલવાની રીત અને અપશબ્દો માટે માફી માંગુ છું. હું તેના પર કામ કરીશ જેથી આવું ફરી ન થાય. હું મારા



ગુસ્સા પર કામ કરીશ. જો મારે આ મુદ્દા વિશે વાત કરવી પડશે, તો હું યોગ્ય શબ્દોનો ઉપયોગ કરીશ. મને આશા છે કે તમે મને માફ કરશો.અનુરાગ કશ્યપના નિવેદન બાદ બ્રાહ્મણ સમાજની મહાબેઠક અનુરાગ કશ્યપનું નિવેદન બહાર આવ્યા પછી, ચાણક્ય સેના, સર્વ બ્રાહ્મણ મહાસભા, બ્રાહ્મણ સેવા સંઘ, અખિલ ભારતીય બ્રાહ્મણ મહાસભા, વિશ્વ બ્રાહ્મણ પરિષદ અને અખિલ ભારતીય બ્રાહ્મણ સંઘ જેવા ઘણા સંગઠનોએ એક સાથે બેઠક યોજી હતી. આ બેઠકની અધ્યક્ષતા સર્વ બ્રાહ્મણ મહાસભાના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ચાણક્ય સેનાના વડા પંડિત સુરેશ દ્વારા કરવામાં આવી હતી.સુરેશ મિશ્રાએ બેઠકમાં કહ્યું કે- અનુરાગ કશ્યપ જેવા લોકો, જેઓ બ્રાહ્મણો વિશે પાયાવિહોણી વાતો ફેલાવે છે અને સામાજિક અશાંતિને પ્રોત્સાહન આપે છે, તેમની સામે કડક કાર્યવાહી થવી જોઈએ. તેમણે કહ્યું કે- જે લોકો બ્રાહ્મણો વિરુદ્ધ વાત કરે છે તેમને જાહેરમાં શરમાવવા જોઈએ જેથી એક ઉદાહરણ સ્થાપિત થઈ શકે. તેમણે એવી પણ જાહેરાત કરી છે કે બ્રાહ્મણો પર વાંધાજનક ટિપ્પણી કરવા બદલ અનુરાગ કશ્યપનું મોઢું કાળુ કરનારને 1 લાખ રૂપિયાનું ઈનામ આપવામાં આવશે.સુરેશ મિશ્રાએ કહ્યું- એક લાખના ઈનામમાંથી 50 હજાર હું આપીશસુરેશ મિશ્રાએ કહ્યું- એક લાખના ઈનામમાંથી 50 હજાર હું આપીશશું છે સમગ્ર મામલો? ફિલ્મ 'ફુલે' 11 એપ્રિલે રિલીઝ થવાની હતી, જોકે, જાતિવાદના આરોપો બાદ ફિલ્મને મુલતવી રાખવી પડી. સેન્સર બોર્ડે પણ ફિલ્મમાં ઘણા ફેરફારો કરવાનો આદેશ કર્યો હતો. ફિલ્મના રિલીઝમાં વિલંબ અને CBFC દ્વારા ફેરફારોના સૂચનની વાત અનુરાગ કશ્યપના ગળે ના ઉતરી એટલે તેમણે કેન્દ્ર સરકાર, બ્રાહ્મણ સમુદાય અને સેન્સર બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન પર કેટલીક પોસ્ટ શેર કરી હતી. આ પછી અનુરાગ કશ્યપને સોશિયલ મીડિયા પર ટીકાઓનો સામનો કરવો પડ્યો. અનુરાગ પર નિશાન સાધતા એક યુઝરે કોમેન્ટ કરી હતી, જેના જવાબમાં અનુરાગ કશ્યપે ખૂબ ખરાબ ભાષા સાથે ગાળો લખી સમગ્ર સમાજ પર કોમેન્ટ કરી હતી.અનુરાગ કશ્યપે શેર કરેલી સ્ટોરીનો સ્ક્રિનશોટ વાઈરલઅનુરાગ કશ્યપે શેર કરેલી સ્ટોરીનો સ્ક્રિનશોટ વાઈરલમનોજ મુન્તાશીર પણ ગુસ્સે થયા અને અનુરાગ કશ્યપને ખુલ્લી ચેતવણી આપી.

## 'જવાન' ફેમ એક્ટ્રેસ આલિયા કુરેશીએ 'કિંગ ખાન' સાથેની કેટલીક યાદગાર ક્ષણો શેર કરી



શાહરુખ ખાન સાથે કામ કરવું એ દરેક અભિનેતાનું સ્વપ્ન હોય છે. સિંગર, એક્ટ્રેસ આલિયા કુરેશીને તેના પહેલા જ બ્રેકમાં 'કિંગ ખાન' સાથે કામ કરવાની તક મળી. આલિયાએ ડિરેક્ટર એટલી અને શાહરુખની બ્લોકબાસ્ટર ફિલ્મ 'જવાન'માં શાનદાર ભૂમિકા ભજવી હતી.આ એક્ટ્રેસ તેના ચાહકોમાં ઝલ્લી ઉપનામથી ફેમસ છે. આલિયાએ દિવ્ય ભાસ્કર સાથે તેની એક્ટિંગ સફર અને બોલિવૂડમાં તેના અનુભવો વિશે ખાસ વાતચીત કરી છે.'જવાન' ફિલ્મ માટે તમે ઓડિશન કેવી રીતે પાસ કર્યું? જ્યારે મેં અભિનય કરવાનું નક્કી કર્યું, ત્યારે મેં મારા દસ વર્ષ જૂના કોન્ટેક્ટ શોધવાનું શરૂ કરી દીધું છે. કેટલાક કાસ્ટિંગ ડિરેક્ટરો તે સમયે કાસ્ટિંગ પણ નહોતા કરતા. મેં બધાને કહ્યું કે- હું ભારત પાછી ફરી રહી છું. હું અભિનય કરવા માંગુ છું, જો તમારી પાસે કોઈ ઓડિશન હોય તો મને જણાવો. નાની-મોટી કોઈ પણ ભૂમિકા ભજવવા માટે હું તૈયાર છું.શાહરુખ સરની ફિલ્મ 'જવાન' માટે મને આ રીતે ઓડિશન મળ્યું. મેં ઓડિશન આપ્યું અને એક અઠવાડિયામાં ફોન આવ્યો. જ્યારે મને ફોન પર કહેવામાં આવ્યો કે તમારી પસંદગી થઈ ગઈ છે, ત્યારે મને માનવામાં જ નહોતું આવતું. મને લાગ્યું ઓડિશનના રાઉન્ડ-2 માટે મારી પસંદગી કરવામાં આવી હશે. જ્યારે મેં તેમની સાથે વાત કન્ફર્મ કરી, ત્યારે તેમણે કહ્યું કે- ઓડિશનને બદલે, મને ડાયરેક્ટ ફિલ્મ માટે જ પસંદ કરવામાં આવી છે. શાહરુખ ખાન સાથેની તમારી પહેલી મુલાકાત વિશે કહો .

## મંદિરના પૂજારી પાસેથી આશીર્વાદ લેતી તસવીરો સોશિયલ મીડિયા પર વાઈરલ



ગઈકાલે મુંબઈના સિદ્ધિવિનાયક મંદિરમાં એક્ટ્રેસ જેકલીન ફર્નાન્ડીઝ દર્શન માટે પહોંચી હતી. આ દરમિયાન અબજોપતિ ઈલોન મસ્કના માતા મેય મસ્ક પણ તેની સાથે જોવા મળ્યા હતા. આ પ્રસંગે જેકલીન ગોલ્ડન એથનિક સૂટમાં ખૂબ જ સુંદર લાગી રહી હતી. તેણે પોતાના માથા પર દુપટ્ટો પણ ઓઢ્યો હતો. બીજી તરફ મેય પણ યલો કલરના આઉટફીટમાં સુંદર લાગી રહ્યા હતા. મંદિરમાં પૂજા-અર્ચના કરતા અને મંદિરના પૂજારી પાસેથી આશીર્વાદ લેતી તસવીરો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહી છે.એક્ટ્રેસ જેકલીન ફર્નાન્ડીઝ, અનુષા દાંડેકર અને મેય મસ્કએક્ટ્રેસ જેકલીન ફર્નાન્ડીઝ, અનુષા દાંડેકર અને મેય મસ્કસિદ્ધિવિનાયક મંદિરની મુલાકાત લીધા પછી, જેક્લીને હિન્દુસ્તાન ટાઈમ્સ સાથે વાત કરતા કહ્યું- મારી મિત્ર મેય સાથે મંદિરમાં પૂજા કરવાનો અનુભવ ખૂબ જ સુંદર રહ્યો. જે (મેય) પોતાના પુસ્તક વિમોચન માટે ભારત આવી છે. આ પુસ્તકમાંથી મને ઘણું શીખવા મળ્યું છે. ખાસ કરીને તે બાબત કે સપનાની કોઈ ઉંમર નથી હોતી.મેય મસ્ક, ઈલોન મસ્કની માતા હોવા ઉપરાંત, એક લેખક અને ન્યુટ્રિશિયન છે. તે પોતાના પુસ્તક ₹અ વુમન મેક્સ અ પ્લાન₹ ના હિન્દી સંસ્કરણના લોન્ચ માટે ભારત આવી છે.


## ટાઈગર શ્રોફનો જીવ જોખમમાં છે!:પોલીસને ફોન કરનારે કહ્યું- તેને હત્યા કરવા માટે 2 લાખ મળ્યા છે; પોલીસે કહ્યું- આરોપી ખોટો છે

'એક્ટર ટાઈગર શ્રોફનો જીવ જોખમમાં છે.'- મુંબઈ પોલીસને આવા સમાચાર મળ્યા હતા.વાત એમ હતી કે, એક અજાણ્યા વ્યક્તિએ પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરીને જાણ કરી કે તેને એક્ટરને મારવા માટે 2 લાખ રૂપિયાનો કોન્ટ્રાક્ટ મળ્યો છે.સમાચાર મળતાં જ પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી અને ફોન કરનાર વ્યક્તિની ધરપકડ કરી.

તપાસમાં જાણવા મળ્યું કે ફોન પર આપવામાં આવેલી માહિતી ખોટી હતી.આરોપી મનીષ કુમાર સુજિન્દર સિંહે ખાર પોલીસ સ્ટેશનમાં ફોન કરીને પોલીસને જણાવ્યું હતું કે, ટ્રિગ સિક્યુરિટી કંપનીના કેટલાક લોકો ટાઈગરને મારવા માંગે છે. કંપનીએ તેને ટાઈગરને મારવા માટે 2 લાખ રૂપિયાનો કોન્ટ્રાક્ટ આપ્યો હતો.

પોલીસે આરોપી વિરુદ્ધ ખોટા સમાચાર ફેલાવવા બદલ કેસ નોંધ્યો છે અને વધુ વિગતો માટે તપાસ કરી રહી છે. આરોપી મૂળ પંજાબનો છે.

સમગ્ર ઘટના વિશે વાત કરતા, ડેપ્યુટી પોલીસ કમિશનર નિમિત ગોયલે જણાવ્યું હતું કે સોમવારે પોલીસને ફોન આવ્યો



હતો. સમાચાર મળતાં જ FIR નોંધવામાં આવી. ટીમે આરોપીને પકડી લીધો છે અને તપાસ બાદ આ સમાચાર ખોટા હોવાનું જાણવા મળ્યું છે.

આ સમગ્ર ઘટના પર ટાઈગર કે તેના પરિવાર તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નથી. એક્ટરના વર્કફ્રન્ટ વિશે વાત કરીએ તો, તે ટૂંક સમયમાં 'બાગી-4' માં જોવા મળશે. આ ફિલ્મ 5 સપ્ટેમ્બરના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે.આ પહેલા 14 એપ્રિલે સલમાન ખાનને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. ધમકી આપનાર વ્યક્તિની પોલીસે ધરપકડ કરી હતી. સલમાન માટે આ સંદેશ વડોદરા નજીકના એક ગામમાંથી મોકલવામાં આવ્યો હતો.મેસેજ મોકલનાર વ્યક્તિએ 14 એપ્રિલના રોજ મુંબઈના વર્લી વિસ્તારમાં સ્થિત ટ્રાન્સપોર્ટ વિભાગના સત્તાવાર વોટ્સએપ નંબર પર એક મેસેજ મોકલ્યો હતો,


જેમાં લખ્યું હતું કે સલમાન ખાનને તેના ઘરની અંદર મારી નાખવામાં આવશે અને તેની કારને બોમ્બથી ઉડાવી દેવામાં આવશે.

## ઈરફાન ખાનના પુત્ર બાબિલે આરોપનો આપ્યો જવાબ, કહ્યુ- તો આજે સંઘર્ષ ન કરતો હોત



દિવંગત એક્ટર ઈરફાન ખાનનો પુત્ર બાબિલ ખાન ઘણીવાર સોશિયલ મીડિયા પર તેના પિતાની યાદો શેર કરે છે. પરંતુ કેટલાક લોકોએ તેના પર આરોપ લગાવ્યા છે કે- તે તેમના પિતાના મૃત્યુની સહાનુભૂતિ પર કારકિર્દી બનાવી રહ્યો છે. હવે તેની નવી ફિલ્મ 'લોગઆઉટ'ના પ્રમોશન દરમિયાન, બાબિલે આ મુદ્દે જવાબ આપ્યો હતો.'ધ લલ્લાન્ટોપ'ને આપેલા ઈન્ટરવ્યૂમાં બાબિલે કહ્યું- કેટલાક લોકોએ કહ્યું કે હું બોલિવૂડમાં પ્રવેશવા માટે મારા પિતાના મૃત્યુની સહાનુભૂતિનો ઉપયોગ કરી રહ્યો છું. જો એવું થયું હોત, તો શું હું હજુ પણ દરરોજ ઓડિશન આપતો હોત? સત્ય એ છે કે તે સમયે અમારા પર વરસેલા બધા પ્રેમને પરત કરવાની મારી ફરજ હતી. મેં ફક્ત લોકોનો પ્રેમ શેર કર્યો જે અમને મળી રહ્યો હતો. મેં ફક્ત તે પ્રેમનો આદર કર્યો.એક્ટરે આગળ કહ્યું કે- જ્યારે તેના પિતાનું અવસાન થયું, ત્યારે તેની આખી દુનિયા બદલાઈ ગઈ. તે સમયે તે આ માટે તૈયાર નહોતો. તેણે કહ્યું- જ્યારે ઈરફાન ખાનના મૃતદેહને હોસ્પિટલમાંથી અંતિમ સંસ્કાર માટે લઈ જવામાં આવી રહ્યો હતો, ત્યારે કોવિડ હોવા છતાં લોકો રસ્તા પર ઉભા હતા. કેટલાક રડી રહ્યા હતા.આ અંગે તેણે કહ્યું- આ બધુ જોયા બાદ મને સમજાયું કે આ ફક્ત મારું દુઃખ નથી. આ કરોડો લોકોનું દુઃખ છે જેઓ પપ્પાને પ્રેમ કરતા હતા. મેં તેમના વિશે પોસ્ટ કરી કારણ કે મને લાગ્યું કે તેમને જીવંત રાખવાનો.

## યશ રાજની ઈન્ટેન્સ લવ સ્ટોરી 'સૈયારા'માં જોવા મળશે; 2025માં લોન્ચ થનારો બીજો સ્ટાર કિડ




વર્ષ 2025 માં, વધુ એક સ્ટાર કિડનો બોલિવૂડમાં પ્રવેશ થઈ રહ્યો છે. એક્ટ્રેસ અનન્યા પાંડેનો કઝિન અહાન પાંડે ટૂંક સમયમાં મોટા પડદા પર જોવા મળશે. અહાનને યશ રાજ ફિલ્મ્સ બેનર દ્વારા તેની ફિલ્મ 'સૈયારા' થી લોન્ચ કરવામાં આવી રહ્યો છે.નિર્માતાઓએ મંગળવારે આની જાહેરાત કરી. 'બિગ ગર્લ્સ ડોન્ટ ક્રાય' ફેમ અનિત પડ્ડા આ ફિલ્મમાં અહાન સાથે જોવા મળશે. અનિત પડ્ડા કાજોલ અને આમિર ખાન સાથે 'સલામ વેંકી'માં જોવા મળી છે. યશ રાજે પોતાના સોશિયલ મીડિયા પર એક નિવેદન બહાર પાડીને ફિલ્મને એક ઈન્ટેન્સ લવસ્ટોરી ગણાવી છે. મોહિત સુરી આ ફિલ્મનું દિગ્દર્શન કરી રહ્યા છે.આ જાહેરાત પછી, અનન્યા પાંડેએ એક ઈન્સ્ટાગ્રામ સ્ટોરી શેર કરી અને તેના ભાઈનું ફિલ્મોમાં સ્વાગત કર્યું. 'સૈયારા' 18 જુલાઈના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. પહેલી વાર મોહિત સુરી અને યશ રાજ સાથે કામ કરી રહ્યા છે. મોહિત સૂરી 'આશિકી-2', 'એક વિલન', 'મલંગ', 'મર્ડર-2', 'આવારાપન' જેવી રોમેન્ટિક ફિલ્મો માટે જાણીતો છે.નોંધનીય છે કે, અહાન એક્ટર ચિંકી પાંડેનો ભત્રીજો છે અને લાંબા સમયથી હેડલાઈન્સમાં છે. બહેન અલાનાના લગ્નમાં અનન્યા અને ચંકી પાંડે સાથેનો તેનો ડાન્સ વાયરલ થયો હતો.

## ટ્રેજેડી ક્વીન' મીના કુમારીની બાયોપિક બનાવી રહેલા ડિરેક્ટર સિદ્ધાર્થ મલ્હોત્રાએ કહ્યું, વણકહ્યાં સત્યો બહાર આવશે"



ડિરેક્ટર સિદ્ધાર્થ મલ્હોત્રા હાલમાં તેના બહુચર્ચિત પ્રોજેક્ટ, બોલિવૂડની 'ટ્રેજેડી ક્વીન' અને પ્રખ્યાત એક્ટ્રેસ મીના કુમારીની બાયોપિક,ને લઈને ચર્ચામાં છે. તાજેતરમાં દિવ્ય ભાસ્કર સાથે વાતચીત દરમિયાન સિદ્ધાર્થે આ ફિલ્મ વિશે ઘણી મહત્વપૂર્ણ વાતો શેર કરી.સિદ્ધાર્થના મતે, ₹આ ફિલ્મ સંપૂર્ણપણે મીના કુમારીની ડાયરી, તેમના પત્રો અને પર્સનલ નોટ્સ પર આધારિત હશે અને તેમાં ઘણા એવા પાસાઓ જાહેર કરવામાં આવશે, જે અત્યાર સુધી લોકો સમક્ષ જાહેર કરવામાં આવ્યા નથી.₹એક્ટ્રેસ મીના કુમારી પતિ કમાલ અમરોહી સાથે.એક્ટ્રેસ મીના કુમારી પતિ કમાલ અમરોહી સાથે.ફિલ્મ 'ટ્રેજિડી ક્વીન'ની ડાયરી અને પર્સનલ નોટ્સ પર આધારિત હશે સિદ્ધાર્થે કહ્યું, ₹આ ફિલ્મ પર છેલ્લા બે વર્ષથી સંશોધન ચાલી રહ્યું છે અને હવે સ્ક્રિપ્ટ તૈયાર છે. મીના કુમારી અને ડિરેક્ટર તથા મીના કુમારીના પતિ કમાલ અમરોહીનો પરિવાર આ પ્રોજેક્ટ સાથે સંકળાયેલો છે. સારેગામા પાસે તેમના ગીતો, અધૂરા પ્રોજેક્ટ્સ અને ડાયરીઓ છે. તેમના હસ્તલિખિત પત્રો, નોટ્સ- આ બધું અમારા સંશોધનનો ભાગ બન્યા. મીનાજી જે કંઈ જીવ્યાં અને અનુભવ્યાં, ફિલ્મમાં તે જ બતાવવામાં આવશે; એટલે કે, આ ફિલ્મ તેમની વાર્તા છે , તેમના શબ્દોમાં.₹મીના કુમારી બોલિવૂડના 'ટ્રેજેડી ક્વીન' તરીકે ઓળખાય છે.મીના કુમારી બોલિવૂડના 'ટ્રેજેડી ક્વીન' તરીકે ઓળખાય છે.હું સત્યનો ઢાંકપિછોડો નહીં કરું કે સત્યથી ભાગીશ પણ નહીંડિરેક્ટરે ઉમેર્યું કે, ₹મેં શરૂઆતથી જ સ્પષ્ટ કરી દીધું હતું કે, આ ફિલ્મ કોઈને વધારી-ચઢાવીને નહીં દેખાડે. હું બે વ્યક્તિઓના સંબંધની વાર્તા કરી રહ્યો છું, જેવી તે હતી.

# અક્ષય કુમારે ઓફિસ વેચી, સૈફે દોહામાં ઘર ખરીદ્યું; આમિરે 9 કરોડ ફ્લેટમાં રોક્યા

બોલિવૂડ કલાકારો ફક્ત તેમની ફિલ્મો માટે જ નહીં પરંતુ તેમના પ્રોપર્ટી ડીલ્સ માટે પણ હેડલાઈન્સમાં રહે છે. તાજેતરમાં અક્ષય કુમાર, આમિર ખાન અને સૈફ અલી ખાને તેમના રિયલ એસ્ટેટ ડીલે સૌનું ધ્યાન ખેંચ્યું છે. ચાલો જાણીએ કે કયા એક્ટરે ક્યાં રોકાણ કર્યું અને તેના નિર્ણય પાછળનું કારણ શું છે.

અક્ષય કુમારે પોતાની ઓફિસ 8 કરોડમાં વેચી બોલિવૂડના ખિલાડી અક્ષય કુમારે મુંબઈના લોઅર પરેલ વિસ્તારમાં આવેલી પોતાની ઓફિસ સ્પેસ 8 કરોડ રૂપિયામાં વેચી દીધી છે. તેણે આ ઓફિસ વર્ષ 2020માં 4.85 કરોડ રૂપિયામાં ખરીદી હતી. આ ડીલથી અક્ષયને લગભગ 3.15 કરોડ રૂપિયાનો નફો થયો છે, એટલે કે લગભગ 65% વળતર મળ્યું છે.આ ઓફિસ સ્પેસ 'વન પ્લેસ લોઢા' નામની બિલ્ડિંગમાં આવેલી છે અને તેનો કાર્પેટ એરિયા 1,146 ચોરસ ફૂટ છે. આ ડીલ 16 એપ્રિલ, 2025ના રોજ નોંધાયેલો હતો. આ ડીલમાં, ખરીદદારો વિપુલ શાહ અને કાશ્મીરા શાહને બે કાર પાર્કિંગ જગ્યાઓ પણ આપવામાં આવી હતી.લોઅર પરેલ એ મુંબઈનો એક હાઈ ક્લાસ રહેણાંક વિસ્તાર છે. અભિષેક બચ્ચન, શાહિદ કપૂર અને મનોજ બાજપેયી જેવા ઘણા સ્ટાર્સનું પણ અહીં પ્રોપર્ટી રોકાણ છે.સૈફ અલી ખાને દોહામાં



લક્ઝરી પ્રોપર્ટી ખરીદી સૈફ અલી ખાને તાજેતરમાં કતારના દોહા શહેરમાં એક લક્ઝરી પ્રોપર્ટી ખરીદી છે, જેનું નામ છે - 'ધ રેસિડેન્સીસ એટ ધ સેન્ટ રેજીસ માર્સા અરેબિયા આઈલેન્ડ' છે. આ મિલકત દોહાના ધ પર્લ વિસ્તારમાં આવેલી છે અને તેને ખૂબ જ વિશિષ્ટ માનવામાં આવે છે.એક પ્રેસ કોન્ફરન્સમાં સૈફે કહ્યું હતું કે- મને લાગે છે કે આ હૉલિડે હોમ માટે બેસ્ટ પેલેસ છે. કતાર ખૂબ જ સુરક્ષિત છે, તે સરળતાથી પહોંચી શકાય તેવું છે. અહીંની લાઈફસ્ટાઈલ પણ ખૂબ સારી છે. મારા પરિવાર સાથે અહીં રહેવું મારા માટે શાંતિપૂર્ણ અનુભવ છે. સૈફે આ મિલકતને પોતાના માટે 'હોમ અવે ફ્રોમ હોમ' ગણાવ્યું. તેણે કહ્યું કે- તેને આ જગ્યા ગમે છે કારણ કે અહીં તેને શાંતિ અને પ્રાઈવસી પણ મળે છે.આમિર ખાને 9 કરોડનો ફ્લેટ ખરીદ્યો આમિર ખાન પણ થોડા સમય માટે પોતાના જૂના ઘરમાંથી શિફ્ટ થઈ રહ્યા છે. બંગલાના રિનોવેશન દરમિયાન તેણે રહેવા માટે મુંબઈના પાલી હિલ વિસ્તારમાં એક નવો એપાર્ટમેન્ટ ખરીદ્યો છે. આ નવો એપાર્ટમેન્ટ બાંદ્રાના પાલી હિલમાં છે. તેની કિંમત 9 કરોડ રૂપિયા છે. આ ડીલ જૂન 2024માં કરવામાં આવી હતી. આમાં 58.5 લાખ રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટી અને 30,000 રૂપિયાની નોંધણી ફી ચૂકવવામાં આવી હતી.

# કોલકાતાને હરાવીને ગુજરાત ટાઇટન્સ ટેબલ ટોપર બન્યું:છઠ્ઠી મેચ જીતી, કેપ્ટન શુભમને 90 રન બનાવ્યા; ફેમસ-રાશિદને 2-2 વિકેટ

શાનદાર બોલિંગના આધારે, ગુજરાત ટાઈટન્સે IPLની 18મી સીઝનમાં છઠ્ઠી મેચ જીતી લીધી. ટીમે કોલકાતા નાઈટ રાઈડર્સને 39 રનથી હરાવ્યું, આ સાથે ટાઈટન્સ પોઈન્ટ ટેબલમાં પણ ટોપ પર પહોંચી ગયું. પ્રસિદ્ધ કૃષ્ણા અને રાશિદ ખાને 2-2 વિકેટ લીધી હતી. કેપ્ટન શુભમન ગિલે 90 રન બનાવ્યા.કોલકાતાએ ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમમાં પહેલા બોલિંગ કરવાનું પસંદ કર્યું. ગુજરાતે 3 વિકેટ ગુમાવીને 198 રન બનાવ્યા. સાઈ સુદર્શને ૫૨ અને જોસ બટલરે 41 રન બનાવ્યા. જવાબમાં, KKR 8 વિકેટ ગુમાવીને માત્ર 159 રન જ બનાવી શક્યું. કેપ્ટન અજિંક્ય રહાણેએ 50 રન બનાવ્યા.મેચ એનાલિસિસ 5 પોઈન્ટમાં...1. પ્લેયર ઓફ ધ મેચટોસ હારીને પહેલા બેટિંગ કરવા આવેલા ગુજરાત ટાઈટન્સે કેપ્ટન શુભમન ગિલની મજબૂત શરૂઆત કરી. તેણે સાઈ સુદર્શન સાથે સદીની ભાગીદારી કરી. સુદર્શનની વિકેટ બાદ ગિલે 90 રન બનાવ્યા અને ટીમને મોટા સ્કોર સુધી પહોંચાડી. તેણે 10 ચોગ્ગા અને 3 છગ્ગા ફટકાર્યા.2. જીતનો હીરોરાશિદ ખાનઃ રાશિદ પાવરપ્લેમાં બોલિંગ કરવા આવ્યો અને પહેલી ઓવરમાં જ સુનીલ નારાયણને પેવેલિયન મોકલી દીધો.




ત્યારબાદ તેણે મિડલ ઓવરોમાં આન્દ્રે રસેલની મોટી વિકેટ લીધી.પ્રસિદ્ધ કૃષ્ણાઃ પ્રસિદ્ધે ડેથ ઓવરોમાં શાનદાર બોલિંગ કરી. તેણે એક જ ઓવરમાં રમનદીપ સિંહ અને મોઈન અલીને પેવેલિયન મોકલી દીધા.સાઈ સુદર્શનઃ શુભમન સાથે ઓપનિંગ કરવા આવતા, સુદર્શને સિઝનની તેની પાંચમી ફિફ્ટી ફટકારી. તેણે કેપ્ટન શુભમન સાથે સદીની પાર્ટનરશિપ પણ કરી.3. ફાઈટર ઓફ ધ મેચ199 રનના લક્ષ્યાંકનો પીછો કરતી વખતે કોલકાતા નાઈટ રાઈડર્સના કેપ્ટન અજિંક્ય રહાણેએ ફિફ્ટી ફટકારી હતી. તેણે પાવરપ્લેમાં ટીમની કમાન સંભાળી, પરંતુ તે 50 રન બનાવીને આઉટ થઈ ગયો. તેમની વિકેટ બાદ ટીમ સ્વસ્થ થઈ શકી નહીં અને મેચ હારી ગઈ.4. ટર્નિંગ પોઈન્ટકોલકાતાને છેલ્લી 5 ઓવરમાં 85 રનની જરૂર હતી. અહીં રાશિદ ખાન બોલિંગ કરવા આવ્યો, તેણે ઓવરમાં ફક્ત 5 રન આપ્યા અને આન્દ્રે રસેલને પણ પેવેલિયન મોકલી દીધો. આગળની ઓવર પ્રસિદ્ધ કૃષ્ણાએ ફેંકી, તેણે પણ ફક્ત 5 રન આપ્યા અને 2 વિકેટ લીધી. પ્રસિદ્ધ અને રાશિદની બોલિંગ સામે KKRની બેટિંગ ટકી શકી નહીં. બંનેએ 2-2 વિકેટ લીધી. શુભમન અને સુદર્શનની ઓપનિંગ ભાગીદારી પણ એક ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ.5. સુદર્શનને ઓરેન્જ કેપ મળીગુજરાતના સાઈ સુદર્શન 417 રન સાથે ટુર્નામેન્ટના સૌથી વધુ રન બનાવનાર ખેલાડી છે.

# બટલરના 2 સ્ટમ્પિંગે મેચ પલટી, પ્રસિદ્ધની એક ઓવરમાં બે વિકેટ; મનીષ- વૈભવે બટલરના કેચ છોડ્યા

IPL-18 ની 39મી મેચમાં ગુજરાત ટાઈટન્સે કોલકાતા નાઈટ રાઈડર્સને 39 રને હરાવ્યું. ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમ ખાતે ગુજરાતે 3 વિકેટ ગુમાવીને 198 રન બનાવ્યા. સાઈ સુદર્શને 52 અને જોસ બટલરે 41 રન બનાવ્યા. જવાબમાં KKR 8 વિકેટ ગુમાવીને માત્ર 159 રન જ બનાવી શક્યું. કેપ્ટન અજિંક્ય રહાણેએ 50 રન બનાવ્યા.જોસ બટલર 2 ઓવરમાં બે કેચ ચૂકી ગયો. પ્રસિદ્ધ કૃષ્ણાએ પોતાના જ બોલ પર રમનદીપ સિંહનો કેચ લીધો. જોસે રહાણે અને આન્દ્રે રસેલને સ્ટમ્પ આઉટ કર્યા GT vs KKR મેચની બેસ્ટ મો[illegible] વાંચો...1. બટલરની 2 ઓવરમાં બે કેચ છૂટ્યાવૈભવ બટલરનો કેચ ચૂકી ગયો 15મી ઓવરના ચોથા બોલ પર જોસ બટલરને જીવનદાન મળ્યું. હર્ષિત રાણાએ 113.8 કિમી/કલાકની ઝડપે ધીમી બોલિંગ કરી. બટલરે ડ્રાઈવ રમ્યો પરંતુ ઠીકથી ટાઈમ લઈ શક્યો નહીં. મિડ-ઓફથી વૈભવ અરોરા



પાછળ તરફ ભાગ્યો, પરંતુ બોલ તેના હાથમાં સરગી ગયો. અહીં બોલ ચોગ્ગા માટે પણ જતો રહ્યો. બટલર આ સમયે 17 રન પર હતો.બટલરને બીજું જીવનદાન, પાંડેએ કેચ છોડ્યો(22) 16મી ઓવરના બીજા બોલ પર જોસ બટલરને બીજી વાર જીવનદાન મળ્યું. વરુણ ચક્રવર્તી બહારની બાજુએ ફુલ લેન્થનો બોલ ફેંક્યો. બટલર એરિયલ શોટ રમ્યો પણ તે તેના બેટની ધારને સ્પર્શે છે. મનીષ પાંડે લોંગ-ઓફથી ડાબી તરફ દોડ્યો, ડાઈવ પણ કર્યો, પણ કેચ પકડી શક્યો નહીં. આ સમયે બટલર 22 રન પર હતો.

# લખનઉમાં આજે LSG Vs DC:સીઝનમાં બીજી વાર સામનો થશે; હેડ ટુ હેડ રેકોર્ડમાં બન્ને ટીમ બરાબરી પર




IPL-2025ની 40મી મેચ લખનઉ સુપર જાયન્ટ્સ (LSG) અને દિલ્હી કેપિટલ્સ (DC) વચ્ચે રમાશે. મેચ લખનઉના ભારત રત્ન શ્રી અટલ બિહારી વાજપેયી એકાના સ્ટેડિયમમાં સાંજે 7:30 વાગ્યાથી શરૂ થશે. બંને ટીમ સીઝનમાં બીજી વાર આમને-સામને થશે.આ સીઝનમાં લખનઉની ટીમ 8 મેચમાં 5 જીત સાથે પોઈન્ટ્સ ટેબલમાં નંબર 5 પર છે. જ્યારે શાનદાર ફોર્મમાં ચાલી રહેલી દિલ્હીએ 7 મેચમાં 5 જીત નોંધાવી છે. ટીમ 10 પોઈન્ટ્સ સાથે પોઈન્ટ્સ ટેબલમાં બીજા નંબરે છે. પ્લેઑફની દૃષ્ટિએ લખનઉ માટે આ મહત્વપૂર્ણ મેચ છે.મેચ ડિટેઈલ્સ, 40મી મેચ મેચઃ LSG Vs DC સ્ટેડિયમઃ એકાના સ્ટેડિયમ, લખનઉ સમયઃ ટૉસ- 7:00 વાગ્યે, મેચ શરૂઆતઃ 7:30 વાગ્યેલાઈવ અપડેટ્સ3 મિનિટ પેહલાહેડ ટુ હેડમાં બંને ટીમ બરાબરી પર4 મિનિટ પેહલાપૂરન સીઝનનો ટૉપ સ્કોરરલખનઉ માટે નિકોલસ પૂરન શાનદાર ફોર્મમાં છે. તેણે ટુર્નામેન્ટમાં રમેલી 8 મેચમાં લગભગ 53ની સરેરાશે 368 રન બનાવ્યા છે. આ દરમિયાન પૂરનનો સ્ટ્રાઈક રેટ 200થી ઉપરનો રહ્યો. પૂરન 4 ફિફ્ટી ફટકારીને IPL-2025માં હાલ ઓરેન્જ કેપ હોલ્ડર છે.ટીમ માટે કેપ્ટન રિષભ પંતની ફોર્મ ચિંતાનો વિષય છે.

તેણે અત્યાર સુધી 8 મેચમાં માત્ર 106 રન બનાવ્યા છે જેમાં 63 રનની એક ઈનિંગ્સ પણ સામેલ છે. તેનો સ્ટ્રાઈક રેટ 98નો છે.બોલિંગ ડિપાર્ટમેન્ટમાં લખનઉ તરફથી શાર્દૂલ ઠાકુરે સૌથી વધુ 12 વિકેટ લીધી છે. ટીમમાં દિગ્વેશ રાઠી, રવિ બિશ્નોઈ, આવેશ ખાન જેવા શાનદાર બોલર્સ પણ છે. આવેશે છેલ્લી મેચમાં ડેથ ઓવર્સમાં સરસ બોલિંગ કરીને ટીમને રાજસ્થાન સામે 2 રનથી જીત અપાવી હતી.5 મિનિટ પેહલાકુલદીપે દિલ્હીને મહત્વપૂર્ણ તકો પર વિકેટ અપાવીદિલ્હી માટે આ સીઝનમાં ચાઈનામેન સ્પિનર કુલદીપ યાદવે સૌથી વધુ 12 વિકેટ લીધી છે. ટીમમાં મિચેલ સ્ટાર્ક, કુલદીપ યાદવ, વિપરાજ નિગમ અને મુકેશ કુમાર જેવા શાનદાર બોલર્સ છે. કેપ્ટન અક્ષર પટેલ પણ બેટિંગમાં સાથ આપી રહ્યો છે, તેણે 159ના સ્ટ્રાઈક રેટથી 140 રન બનાવ્યા છે પરંતુ બોલિંગમાં તેને માત્ર એક જ વિકેટ મળી શકી છે.બેટિંગમાં કેએલ રાહુલ સારા ફોર્મમાં છે. તેણે ટીમ માટે સૌથી વધુ 266 રન બનાવ્યા છે. આમાં તેની 93* રનની મેચ વિનિંગ ઈનિંગ્સ સામેલ છે. ટીમના ઓપનર્સનું ફોર્મ અત્યાર સુધી સારું રહ્યું નથી. ફાફ ડુ પ્લેસીસ, જેક ફ્રેઝર-મેગર્ક, અભિષેક પોરેલ અને કરુણ નાયરને દિલ્હીએ ઓપનર તરીકે અજમાવ્યા છે.5 મિનિટ પેહલાપિચ રિપોર્ટલખનઉના એકાના સ્ટેડિયમની પિચ બેટિંગ ફ્રેન્ડલી છે. આ સ્ટેડિયમમાં અત્યાર સુધી 18 IPL મેચ રમાઈ ચૂકી છે. અહીં પ્રથમ બેટિંગ કરનારી ટીમે 8 અને ચેઝ કરનારી ટીમે 9 મેચ જીતી છે. જ્યારે એક મેચ અનિર્ણીત રહી છે.5 મિનિટ પેહલાવેધર કંડિશન22 એપ્રિલે મેચમાં વરસાદની કોઈ શક્યતા નથી. મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસ અને ન્યૂનતમ તાપમાન 27 ડિગ્રી સેલ્સિયસ રહેવાની અપેક્ષા છે. જોકે ખેલાડીઓને ગરમી પરેશાન કરી શકે છે.

# અમેરિકન સરકારે 2.2 બિલિયન ડોલરનું ભંડોળ રોકી દીધું હતું



અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટીએ સોમવારે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટ સામે કોર્ટમાં અરજી કરી છે. યુનિવર્સિટીએ આરોપ લગાવ્યો છે કે ટ્રમ્પ વહીવટીતંત્ર રાજકીય દબાણ લાવીને યુનિવર્સિટીના શૈક્ષણિક કાર્યને કન્ટ્રોલ કરવા માંગે છે. હાર્વર્ડે આરોપ લગાવ્યો છે કે આ યુનિવર્સિટીના બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન કરે છે.ખરેખરમાં, ટ્રમ્પ વહીવટીતંત્રે હાર્વર્ડનું 2.2 બિલિયન ડોલરનું ભંડોળ રોકી દીધું છે. આ સાથે, યુનિવર્સિટી તરફથી એવી પણ માંગ કરવામાં આવી છે કે તે ઓક્ટોબર 2023 પછી કેમ્પસમાં બનેલી યહૂદી વિરોધી ઘટનાઓ પર તૈયાર કરાયેલા તમામ અહેવાલો અને ડ્રાફ્ટ્સ પણ સરકારને સુપરત કરે.વહીવટીતંત્ર ઈચ્છે છે કે આ અહેવાલો તૈયાર કરનારા તમામ લોકોના નામ જાહેર કરવામાં આવે.પ્રોફેસરોના બે જૂથોએ પણ કેસ કર્યો છેહાર્વર્ડ યુનિવર્સિટીના પ્રોફેસરોએ 12 એપ્રિલના રોજ મેસેચ્યુસેટ્સ ફેડરલ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટ સામે કેસ પણ કર્યો હતો.યુનિવર્સિટીના ભંડોળ રોકવાની ધમકી સામે પ્રોફેસરોના બે જૂથો દ્વારા આ કેસ કરવામાં આવ્યો હતો. ખરેખરમાં તે સમયે, ટ્રમ્પ વહીવટીતંત્ર હાર્વર્ડ યુનિવર્સિટીને આપવામાં આવેલા 9 બિલિયન ડોલરના ફંડની સમીક્ષા કરી રહ્યું હતું.હાર્વર્ડના પ્રોફેસરોએ ટાંક્યું હતું કે ટ્રમ્પનો નિર્ણય યુએસ બંધારણના પ્રથમ સુધારાનું ઉલ્લંઘન કરે છે. પ્રોફેસરોએ આરોપ લગાવ્યો છે કે યુનિવર્સિટીના ભંડોળમાં કાપ મૂકવો એ અભિવ્યક્તિની સ્વતંત્રતાનું ઉલ્લંઘન છે.કોર્ટમાં કરવામાં આવેલી અરજીમાં ટ્રમ્પ પ્રશાસનના નિર્ણય પર રોક લગાવવાની પણ માંગ કરવામાં આવી છે.યુનિવર્સિટી પર યહૂદીઓ સામે નફરત રોકવામાં નિષ્ફળ જવાનો આરોપહાલમાં ટ્રમ્પ વહીવટીતંત્રે હાર્વર્ડને એક પત્ર મોકલ્યો હતો. આ પત્રમાં યુનિવર્સિટીને કેટલીક શરતો પૂરી કરવા કહેવામાં આવ્યું હતું. આમ કરવામાં નિષ્ફળતાથી યુનિવર્સિટીને ફેડરલ ભંડોળ અટકાવવાનો ભય હતો.ટ્રમ્પ વહીવટીતંત્રના દાવાને કારણે આ પગલું ભરવામાં આવ્યું હતું કે હાર્વર્ડ જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓ યહૂદી-વિરોધ (યહૂદીઓ સામે નફરત) રોકવામાં નિષ્ફળ ગઈ છે. વહીવટીતંત્રે આરોપ લગાવ્યો હતો કે કેમ્પસમાં યહૂદી વિદ્યાર્થીઓ અને પ્રોફેસરો સાથે ભેદભાવ કરવામાં આવે છે.યુનિવર્સિટીને મળતું ફંડિંગ રિસર્ચ, વિદ્યાર્થી શિષ્યવૃત્તિ અને ઘણા સાયન્સ અને મેડિકલ પ્રોજેક્ટ્સ માટે મહત્વપૂર્ણ છે.યુનિવર્સિટીમાં પેલેસ્ટિનિયન ઝંડા ફરકાવવામાં આવ્યોગયા વર્ષે, ગાઝામાં ચાલી રહેલા ઈઝરાયલ-હમાસ યુદ્ધ સામે ઘણી અમેરિકન યુનિવર્સિટીઓમાં પેલેસ્ટાઈનના સમર્થનમાં પ્રદર્શનો યોજાયા હતા. આ પ્રદર્શનોમાં હજારો વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. A P ના અહેવાલ મુજબ, 1000થી વધુ વિદ્યાર્થીઓની ધરપકડ પણ કરવામાં આવી હતી.આ દરમિયાન, હાર્વર્ડ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓએ પેલેસ્ટિનિયન ધ્વજ ફરકાવ્યો. યુનિવર્સિટીએ તેને નીતિ વિરુદ્ધ ગણાવ્યું અને કહ્યું કે વિદ્યાર્થીઓ સામે કાર્યવાહી કરવામાં આવશે.ગયા વર્ષે હાર્વર્ડ યુનિવર્સિટીમાં જોન હાર્વર્ડ સ્ટેચ્યુ ઉપર અમેરિકન ધ્વજને બદલે પેલેસ્ટિનિયન ધ્વજ ફરકાવતા વિદ્યાર્થીઓ.ગયા વર્ષે હાર્વર્ડ યુનિવર્સિટીમાં જોન હાર્વર્ડ સ્ટેચ્યુ ઉપર અમેરિકન ધ્વજને બદલે પેલેસ્ટિનિયન ધ્વજ ફરકાવતા વિદ્યાર્થીઓ.ટ્રમ્પ વહીવટીતંત્રે કોલંબિયા યુનિવર્સિટીને 33 અબજ રૂપિયાની સહાય અટકાવીટ્રમ્પ વહીવટીતંત્રે કોલંબિયા યુનિવર્સિટી સામે કડક કાર્યવાહી કરી અને 400 મિલિયન યુએસ ડોલર (લગભગ 33 અબજ રૂપિયા) ની ગ્રાન્ટ રદ કરી.

દેશ - વિદેશ

# હવાઈ ક્ષેત્રમાં પ્રવેશતાં જ અરબના ફાઈટર જેટે સુરક્ષા પૂરી પાડી; મોદી આજથી 2 દિવસના પ્રવાસે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાઉદી અરેબિયાના પ્રવાસે આવી રહ્યા છે. તેમનું વિમાન સાઉદી હવાઈ ક્ષેત્રમાં પ્રવેશી ગયું છે. આ દરમિયાન સાઉદી ફાઈટર વિમાનોએ પીએમ મોદીના વિમાનને સુરક્ષા પૂરી પાડી હતી.તેમની મુલાકાત 2 દિવસની રહેશે. તેમના ત્રીજા કાર્યકાળમાં આ તેમની પહેલી સાઉદી મુલાકાત છે. ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન (MBS) એ પીએમ મોદીને સાઉદીની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું હતું.મોદી 22 એપ્રિલે સાઉદી અરેબિયાના જેદ્દાહ શહેર પહોંચશે. આ પછી તેઓ ક્રાઉન પ્રિન્સને મળશે. બંને નેતાઓ વચ્ચે યોગ, મીડિયા, મનોરંજન અને રમતગમત અંગે એમઓયુ પર હસ્તાક્ષર થઈ શકે છે.આ પછી, આવતીકાલે એટલે કે 23 એપ્રિલે, મોદી સાઉદી અરેબિયાની એક ફેક્ટરીમાં ભારતીય કામદારોને મળશે. તમને જણાવી દઈએ કે મધ્ય પૂર્વમાં કુલ 92 લાખ ભારતીયો કામ કરે છે, જેમાંથી લગભગ 27 લાખ સાઉદીમાં કામ કરે છે.મોદીને લેવા પહોંચેલાં ફાઈટર પ્લેનનો વીડિયો જુઓક્યા મુદ્દાઓ પર ચર્ચા થઈ શકે છે...મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષ- પીએમ મોદી અને એમબીએસ ઇઝરાયલ અને પેલેસ્ટાઈનમાં ચાલી રહેલા સંઘર્ષ અને રેડ સીમાં જહાજો પર હુતી બળવાખોરો દ્વારા કરવામાં આવેલા હુમલા અંગે ચર્ચા કરી શકે છે.સાઉદી જેલમાં બંધ ભારતીય નાગરિકોઃ સરકારના જણાવ્યા અનુસાર, હાલમાં 10,000 થી વધુ ભારતીયો વિદેશી જેલોમાં બંધ છે. સાઉદી



અરેબિયામાં કેદ ભારતીયોની સૌથી વધુ સંખ્યા 2633 છે, જ્યારે યુએઈમાં કેદ ભારતીયોની બીજા ક્રમે 2518 ભારતીયો છે.સંરક્ષણ સહયોગ અને ઊર્જા સુરક્ષા - સાઉદી અરેબિયા ભારતનું ક્રૂડ ઓઈલ અને LPGનો ત્રીજો સૌથી મોટો સપ્લાયર. એપ્રિલ 2016માં મોદીની રિયાધ મુલાકાતથી રાજકીય, આર્થિક, સુરક્ષા અને સંરક્ષણ બાબતોમાં પરસ્પર સહયોગ વધ્યો છે. મોદીની આ મુલાકાત આને વધુ વેગ આપી શકે છે.IMEEC (ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોર) - મુંબઈથી શરૂ થતો આ કોરિડોર 6 હજાર કિમી લાંબો હશે. આમાં 3500 કિમીનો દરિયાઈ માર્ગ શામેલ છે. કોરિડોરના નિર્માણ પછી, ભારતથી યુરોપમાં માલના પરિવહનમાં લગભગ 40% સમય બચશે. જોકે, મધ્ય પૂર્વમાં તણાવને કારણે, આ પ્રોજેક્ટ આગળ વધી શકતો નથી.મુક્ત વેપાર કરાર- પ્રિન્સ સલમાનની છેલ્લી ભારત મુલાકાત દરમિયાન, બંને દેશો વચ્ચે મુક્ત વેપાર કરાર પર ચર્ચા થઈ હતી. મોદીની આ મુલાકાતમાં આ મુદ્દા પર પણ મુખ્ય ચર્ચા થઈ શકે છે. વર્ષ 2023-24માં, ભારતે સાઉદીમાં લગભગ 1 લાખ કરોડ રૂપિયાના ઉત્પાદનોની આયાત કરી હતી.પીએમ મોદીની આ ત્રીજી સાઉદી મુલાકાત આ વડાપ્રધાન મોદીની સાઉદી અરેબિયાની ત્રીજી મુલાકાત છે. અગાઉ તેઓ 2016 અને 2019 માં સાઉદી ગયા હતા. જ્યારે MBS અત્યાર સુધીમાં 2019 અને 2023 માં ભારતની મુલાકાત લઈ ચૂક્યા છે. MBS એ 2022 માં ભારતની મુલાકાત લેવાની યોજના બનાવી હતી, પરંતુ વ્યસ્ત સમયપત્રકને કારણે મુલાકાત મુલતવી રાખવામાં આવી હતી.

# ટોક્યોથી નવી દિલ્હી સુધી ટ્રમ્પની જોખમી ટ્રેડ ડિપ્લોમસીએ નવા ગ્લોબલ ઓર્ડરનો પાયો નાખ્યો

આ અઠવાડિયે, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાપાનના ઈકોનોમિક રિવાઈટલાઈઝેશન મિનિસ્ટર, ર્યોસેઈ અકાઝાવા સાથે રેસિપ્રોકલ ટેરિફ અંગે વાટાઘાટો શરૂ કરવા મુલાકાત લીધી. આ મુદ્દે તેમની આ પ્રથમ આમને-સામનેની બેઠક હતી.આવનાર અઠવાડિયામાં વાટાઘાટો ચાલુ રહેશે પરિણામ નિર્ણાયક છે- માત્ર જાપાન માટે જ નહીં, પરંતુ નવો વૈશ્વિક ક્રમ કેવો હશે તે સમજવા માટે ઉત્સુક દરેક વ્યક્તિ માટે છે.ટ્રમ્પ અને જાપાની ટીમ વચ્ચે જે થશે તે આવનારા સમયની પેટર્ન નક્કી કરશે અમેરિકી રાષ્ટ્રપતિ જાણે છે કે એડજસ્ટમેન્ટ કરવાં બંને પક્ષ માટે સરળ નથી. તેઓ દેશોને તેમની ચલણની કિંમત વધારવા અને વિનિમય દર વાજબી બનાવવા માટે દબાણ કરશે.જાપાનીઝ યેન પહેલેથી જ USD સામે 159થી 143 સુધી મજબૂત થયું છે. શું તેને વધુ આગળ વધવાની જરૂર છે? કદાચ હજુ 10%.ટ્રમ્પ દેશો પાસેથી પસંદગીના ઉદ્યોગોમાં US માં રોકાણની પણ અપેક્ષા રાખશે. જાપાનના કિસ્સામાં, તેઓ ટોયોટા અને અન્ય કંપનીઓને તેમના સપ્લાયર નેટવર્ક સાથે USમાં તાત્કાલિક વિસ્તરણ કરવા માટે દબાણ કરશે. અન્ય કંપનીઓ અને ઉત્પાદનોને પણ અલગ તારવવામાં



આવશે.તેમના કરારો ખર્ચ ઘટાડવા અને ગુણવત્તા સુધારવા માટે સંયુક્ત રીતે કામ કરવા પર ભાર મૂકશે, ખાસ કરીને ચીન સાથેની તુલનામાં.ચીનના હાયપર-સ્કેલ આધારિત માર્જિનલ ખર્ચ વિચારો, સબસિડી અને અનૈતિક વિનિમય દરો બાદ કર્યા પછી. સંયુક્ત રીતે, બંને દેશો સમય જતાં ચીનને પછાડી શકે છે. તે મુશ્કેલ હશે.કોઈ દેશ પર સામાન્ય ટેરિફ નહીં હોય. તે ઉત્પાદન-દર-ઉત્પાદન હશે.વૈશ્વિક બજારોમાં ચીનને પછાડવાનો હેતુ પારસ્પરિક કરારો દ્વારા સંતુલિત વેપાર પારસ્પરિક વૃદ્ધિની દોડ માટે દ્વાર ખોલે છે. તે બંને દેશોને ચીન સાથેના વેપાર યુદ્ધમાં બજાર હિસ્સો મેળવવામાં સક્ષમ બનાવી શકે છે.આ એક નવી વૈશ્વીકરણની પ્રક્રિયા છે.કેટલાક દેશોમાં પેટર્નના અનોખા વેરિએશન્સ હશે. જાપાન અને US એકબીજાના રાજકીય અને લશ્કરી સહયોગીઓ તરીકે જરૂરી છે. ચીનનો ખતરો સામે છે. ચીને ઓસ્ટ્રેલિયા, ફિલિપાઈન્સને ઘેર્યા છે અને તાઈવાનની લગભગ નાકાબંધી કરી હતી.તેથી, જાપાન માટે, કેટલાક ગુપ્ત કરારો પણ કરવામાં આવશે.

## આજે પૃથ્વી દિવસ એટલે પૃથ્વી પ્રકૃતિ બચાવો નિમિત્તે એક ચૈત્ર માસ મા બે ટન થી વધારે ખાખરીયા ગામના.દરેક સમાજ અને પરિવાર સહમત થઈ આ સેવાકાર્ય સંપન્ન કર્યૂ



પ્રાકૃતિક.ખેતિ.કરીએ.અને.જીવદયા વરણ.અને.જલ.બચાવીએ.વુક્ષ. બચાવો.માત્ર નુ કલ્યાણ થાય એ હેતુસર એક પ્રયાસ કરીએ આ સુત્ર ને સાકાર કરતા પાલીતાણા તાલુકા ના ખાખરીયા ગામ ના કાપડ ના ઉદ્યોગપતિ તેમજ સ્ટાર જ્વેલર્સ ના શોરૂમ એક નહી પણ બે બે સુરત જેવા મહાનગરો જેવ.મા બીજનેસ રાત દિવસ મહેનત કરતા કર્તવ્યનિષ્ઠ એવા શ્રી પોપટભાઈ લલ્લુ ભાઈ તેમજ બંધુ ધીરુભાઈ અને ભીખાભાઈ તેમજ તમામ પાલડીયા પરિવાર તરફ થી આજ આ ચૈત્ર માસ મા અ:નિ: વેલજી ભાઈ લલ્લુ ભાઈ પાલડીયા ના મોક્ષમાર્ગે આ સુક્ષ્મ જીવ માટે ખાખરીયા ગામમા.પુરા.ફેમિલી સાથે જઈ આ વેરાણ.વગડામા 600 વિધા જેવા ડુંગરાળ વિસ્તાર મા સંપુર્ણ આજનો ડુંગર ધુમાડાબંધ કહીશકાય કે લાખો જીવ ભરપેટ ભોજન પ્રસાદ 21 મણ જેટલુ કિડયારુ વિતરણ કરી ખરા અર્થ આજ નિસ્વાર્થ સેવાકાર્ય કરી એક મેક ના તાતણે બંધાઈ ને ખાખરીયા ગામ શ્રી મારુતિ.યુવક મંડપ દ્વારા અવિરત સેવા કાર્ય દરેક પરીવાર ની સરાહનીય કામના મા હરહમેશા રાત દિવસ આ ટીમ કિડયારુ બનાવી આપે છે?અત્યાર સુધીમા બે ટન થી વધારે એટલે 100 મણ જેટલુ કિડીયારુ પુરવામા ખાખરીયા ગામના દરેક પરિવાર સહમત થઈ આ ભગીરથ સેવાકાર્ય કરેલ છે?એ પણ કોઈ સામાન્ય સેવા નથી મારા વાલા. તો આ પાલડીયા અને મારુતિ.યુવક મંડળ. અને ગામ પરિવાર નો ખુબખુબ આભાર વ્યક્ત કરીએ છીએ આન સૃષ્ટી ના સમસ્ત જીવાત્મા નુ કલ્યાણ થાય એ હેતુસર એક પ્રયાસ કરીએ સૌવ નો.સાથ.સૌ નો વિશ્વાસખુબ.ખુબ.અભિનંદન


## યુવતી ના નામે ઈન્સ્ટાગ્રામ માં ફેક આઈડી બનાવી તેના ફોટા અપલોડ કરવાના સાઈબર ક્રાઈમના ગુનામાં અમરેલી કોર્ટનો સીમા ચિન્હ રૂપ ચુકાદો આવતા યુવતીઓ ની ઓનલાઈન પજવણી કરનાર તત્વો માં ફફડાટ.



ગઈ તારી 5/10/2022 થી તારીખ 9/11/2022 દરમિયાન ભોગ બનનાર એક યુવતીના નામે ઈન્સ્ટાગ્રામમાં અલગ અલગ ફેક આઈડી બનાવી તેમાં તેના ફોટા અપલોડ કરવામાં આવેલ તે અંગે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ભોગ બનનાર યુવતી દ્વારા ફરિયાદ નોંધાવાવમાં આવેલ હતી જેના અનુસંધાને તપાસના અંતે આરોપી અનિલભાઈ મકાભાઈ સરલિયા વિરુદ્ધ પૂરતા પુરાવા મળી આવતા પીઆઇ શ્રી સી.બી.કુગશીયા દ્વારા ચાર્જશીટ કરવામાં આવેલ જે કેસ નામદાર ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એન જે નાઈ સાહેબની કોર્ટમાં ચાલી જતા કોર્ટમાં રજૂ રાખવામાં આવેલ 17 દસ્તાવેજી અને 9 મૌખિક પુરાવા તેમજ સરકાર પક્ષે એપીપી એસ.જી પંજવાણી ની ધારદાર દલીલો ધ્યાને લઈ કોર્ટ દ્વારા આરોપી અનિલભાઈ મકાભાઈ સરલિયાને ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટની કલમ 66 સી મુજબ ના ગુનામાં તકસીરવાન ઠેરવી છ માસની સાદી કેદ અને રૂપિયા 5000 નો દંડ ભરવાનો હુકમ કરેલ છે અને જો દંડ ન ભરે તો વધુ બે માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવેલ છે. અમરેલી કોર્ટના આ ચુકાદાથી યુવતીઓની ફેક આઈડી બનાવી તેના ફોટા અપલોડ કરનારા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયેલ છે.અહેવાલ ભાવેશ વાઘેલા અમરેલી

## અમરેલી નગરપાલિકાને મહા નગરપાલિકાનો દરજ્જો આપવા ભાજપા મહા મંત્રી રાજેશ માંગરોળીયાએ મુખ્યમંત્રીને રજુઆત





ગુજરાતમાં નવ નગરપાલિકા ને મહાનગરપાલિકાનો દરજ્જો રાજય સરકાર દ્વારા આપવામાં આવ્યો છે. જેમાં ના મોટા ભાગનાં શહેરો ઔધોગિક રીતે તથા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ની રીતે વિકસિત છે.તેમ છતા તેને મહાનગરપાલિકા નો દરજ્જો આપીને તેને વધુ વિકસિત થાય તથા વધુ માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ થાય તેવું આયોજન રાજ્ય સરકારશ્રી દ્વારા કરવામાં આવ્યું છે. તે સારી વાત છે. આમાં નાં અમુક શહેરો તો જીલ્લા બન્યા તેને બોવ લાંબા સમય થયો નથી તે છતાં પણ તેને મહાનગરપાલિકા બનાવીને વિકાસનો માર્ગ ખુલ્લો કરવામાં આવ્યો છે. પરંતુ અમરેલી જીલ્લા પ્રત્યે રાજય સરકારે આ બાબત માં ઓરમાયું વર્તન કર્યું છે. આ જીલ્લા માટે સરકારશ્રી દ્વારા એવિ કોઈ પોલીસી નથી બનાવવામાં આવી કે જેના લીધે કોઈ મોટા ઉધોગો અમરેલીમાં સ્થપાય.આ જીલ્લો કૃષિ આધારિત છે. રાજ્ય સરકાર દ્વાર તેને સિંચાઈ સહીત ની એવિ કોઈ વિશેષ સુવિધાઓ આજદિન સુધી આપવામાંઆવી નથી. જેનાં લીધે જીલ્લામાં કૃષિ વિકાસનાં પણ નવા દ્વાર ખુલે. આવા અલ્પવિકસિ જીલ્લા તથા શહેરનાં લીધેજ જીલ્લાનાં લોકો માઈગ્રેટ થઈને મોટા શહેરો તરફ દોટ લગાવી રહ્યા છે. પરિણામે અમરેલી શહેર અને ગામડાઓ ભાગી રહ્યા છે. જેના લીધે જીલ્લાનું મુખ્ય મથક એવું અમરેલી શહેર પણ વિકાસ થી વંચિત રહી જવા પામેલ છે પરંતુ જો અમરેલી શહેરને મહાનગરપાલિકાનો દરજ્જો આપવામાં આવેતો અમરેલી શહેર નાં વિકાસની શક્યતાઓ ખુબજ ઉજળી છે. રોડ, રસ્તા, વીજળી, પાણી સહિતની લોક સુખાકારીની સગવડતાઓ નો વધારો થઈ શકે તેમ છે. તો આ બાબતે આપ સાહેબ દ્વારા યોગગ્ય ઘટતું કરીને અમરેલી શહેર ના હિતમાં નિર્ણય કરવા રાજુભાઈ માંગરોળીયા એ મુખ્ય મંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને પત્ર લખી જણાવેલ છેઅહેવાલ ભાવેશ વાઘેલા અમરેલી

# ગુજરાતમાં વધુ એક ટ્રેનિંગ સેન્ટરનું પ્લેન ક્રેશ:

## અમરેલીના રહેણાક વિસ્તારમાં પ્લેન ક્રેશ થયા બાદ બ્લાસ્ટ, પાઈલટનું મોત; દોડધામ થતાં 3ને ઈજા







અમરેલીના ગિરિયા રોડ ઉપર રહેણાક વિસ્તારમાં એક દુર્ઘટના ઘટી છે, જ્યાં ખાનગી કંપનીના પાઇલટ ટ્રેનિંગ સેન્ટરના પ્લેનનું ક્રેશ થયું હતું. આ દુર્ઘટનામાં પાઇલટનું મોત થયું છે. ત્યારબાદ પ્લેન ક્રેશ થયા બાદ બે બ્લાસ્ટ થતાં દોડધામ થતાં 3ને ઈજા થઈ હોવાનું પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું હતું.વિઝન ફ્લાઇંગ ઈન્સ્ટિટ્યુટનું પ્લેન ક્રેશ થયા પછી બ્લાસ્ટ થયો હતો, જેના કારણે આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો. ફાયર વિભાગની ટીમ અને પોલીસતંત્ર સહિતનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યો હતો, જ્યાં તેમણે બચાવ કામગીરી શરૂ કરી હતી.ઉલ્લેખનીય છે કે થોડા સમય અગાઉ મહેસાણાના એક ગામની સીમમાં પણ પ્લેન ક્રેશ થયું હતું.એરક્રાફ્ટે ચારવાર ટેકઓફ અને લેડિંગ કર્યુંડીવાયએપી ચિરાગ દેસાઈએ જણાવ્યું હતું કે ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ, જે અમરેલી ખાતે પોતાના સિંગલ એન્જિન પ્લેન્સ દ્વારા તાલીમ આપતી હોય, ત્યારે આજે અનિકેત મહાજન, જે પોતે પોતાની તાલીમ દરમિયાન લેન્ડિંગ એન્ડ સર્કિટ ટ્રેનિંગ દરમિયાન ચારેય વાર ટેકઓફ કર્યું. લેન્ડ કરીને પાછું ફરીવાર ટેકઓફ કર્યું ત્યારે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારના શાસ્ત્રીનગર ખાતે કોઈપણ કારણસર તેનું પ્લેન ક્રેશ થયું હતું. તાત્કાલિક તેમને કોલ આવ્યો હતો, સ્થળ પર પહોંચીને ફાયર, પોલીસ અને ટીમ ડિઝાસ્ટરની ટીમે એરિયા કોર્ડન કર્યો હતો. તેને રેસ્ક્યુ કરવા પ્રયત્નો કર્યા. હાલમાં અનિકેત મહાજનનું મૃત્યુ થયું છે અને આગળ પ્રોસિજર ચાલુ છે. પ્લેનમાં ટ્રેઈની અનિકેત એકલો હતો અને તે જ પ્લેન ઉડાડતો હતો.આગ પર કાબૂ મેળવીને વિસ્તારને કોર્ડન કરાયો ફાયર ઓફિસર એસ. સી. ગઢવીએ જણાવ્યું હતું કે 12:30 કલાકની આસપાસના સમયગાળા દરમિયાન અમરેલી એરપોર્ટની અંદર ચાલી રહેલી ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટના ક્રેશ થવાની દુર્ઘટના બની હતી, જેને ટેલિફોનિક ફાયરિંગ ઈમર્જન્સી સર્વિસની અંદર કરતાં તાત્કાલિક ધોરણે ત્રણ મિનિટ અને 22 સેકંડની અંદર અમારી ટીમ દ્વારા એપ્રોચ કરવામાં આવ્યો હતો. એપ્રોચ કરતાંની સાથે રેસ્ક્યુ ટીમ દ્વારા અંદર એક પાઈલટ ફસાયેલો હતો, જેને બહાર



મૃતક પાયલોટ નામ
અનિકેત મહાજન
રહે.અમદાવાદ

કાઢીને 108ને સોંપવામાં આવેલા હતા અને સંપૂર્ણપણે આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. હાલના તબક્કે કોર્ડન કરીને એરક્રાફ્ટની અંદર ઘણા બધા ઈક્વિપમેન્ટ હોઈ શકે, જેની અંદર મેસેજ પણ આવતા હોય છે, એવા બ્લેકબોક્સને શોધીને અત્યારે અમે વહીવટી તંત્રને સોંપવાના પ્રયત્નો અમે ચાલુ કર્યા છે. આ રેસિડેન્શિયલ એરિયા શાસ્ત્રીનગર છે, જેના કારણે સર્ચિંગ કરતાં અમને જોવા મળ્યું છે કે અકસ્માત એક વાછરડી માટે જીવલેણ બન્યો હતો.પ્લેન ક્રેશ થતાં જ દોડી ગયેલા પ્રત્યક્ષદર્શીપ્લેન ક્રેશની દુર્ઘટના બની ત્યારે ઘટનાસ્થળે હાજર પ્રાગજી બગડાએ જણાવ્યું હતું કે, હું દુકાને બેઠો હતો, ત્યારે આ ઘટના બની હતી. અચાનક ઉપરથી આવીને પ્લેન સીધું પ્લેન ખાબક્યું, એટલે હું અહીંથી દોડીને ગયો અને અન્ય પંદરેક જણા બીજા દોડીને આવ્યા. એક સાઈડથી જોયું તો એક ભાઈ અંદર હતા. એટલે એક સાઈડનું પાંખડું અમે ફેરવ્યું. ફેરવીને અડધે પહોંચ્યા ત્યાં બ્લાસ્ટ થયો, એટલે અમે ભાગ્યા, જેમાં ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયા. ત્યારબાદ વાઘેલા સાહેબ આવ્યા. 10 મિનિટ પછી એરપોર્ટવાળા આવ્યા, પછી બીજો બ્લાસ્ટ થયો. પ્લેનમાં આગ લાગતા બાજુના મકાનમાંથી પાણી લાવીને ડોલોથી પાણી નાખ્યું હતું અને બુઝાવવાની કોશિષ કરી હતી.પંરતુ બુઝાય એમ હતું જ નહીં.શહેરી વિસ્તારમાં પ્લેન ઉડાવવા સામે વિરોધ કરનારઅજય અગ્રવાત નામના એક જાગૃત્ત નાગરિકે જણાવ્યું હતું કે, માણેકપરામાં રહું છું અને આ પાઈલટ ટ્રેનિંગના પ્લેન ઉડવા બાબતે મેં તારીખ 17 12 2024ના રોજ કલેક્ટર અને ડીએસપીને અરજી આપી હતી. ત્યારબાદ કોઈ પ્રત્યુત્તર ન આવતાં 21 2 2025ના રોજ મેં આ અરજી આપેલી હતી. આ ટ્રેઈનિંગના પ્લેન છે, એ શહેરી વિસ્તારની બહાર ઉડાડો અને બીજું કે અત્યારે જે આ દુર્ઘટના બની છે એમાં જે ભાઈ જે વ્યક્તિનું મૃત્યુ થયું છે એને પહેલા આપણે શ્રદ્ધાંજલિ આપીએ છીએ કે ઉપર પ્લેન તૂટ્યું અને બીજું ત્યાં શહેરી વિસ્તારો ઉપર પ્લેન તૂટ્યું અને સદભાગ્ય કોઈ વ્યક્તિનું મૃત્યુ નથી થયું શહેરી વિસ્તારના લોકોનું, એટલું સારું છે અને બીજું કે હવે આ પાઈલટ ટ્રેનિંગ સેન્ટરના પ્લેન અમરેલીમાં ના ઉડે એવી અમારી ખાસ રજૂઆત છે, પહેલેથી જ હતી અને અત્યારે એ જ રજૂઆત છે.પાઈલટ ટ્રેનિંગ સેન્ટરનું પ્લેનઆ પ્લેન ખાનગી કંપની દ્વારા ચલાવવામાં આવતું હતું, પાઇલટ ટ્રેનિંગ માટે ઉપયોગમાં લેવાતું હતું. પાઈલટ ટ્રેનિંગ પ્લેન ઉડાડી રહેલા અનિકેત મહાજનનું મોત થયું છે. દુર્ઘટનામાં માત્ર એક જ વ્યક્તિ સવાર હતી, જેણે દુર્ભાગ્યવશ જીવ ગુમાવ્યો હતો.પ્લેન ક્રેશની તપાસ શરૂપ્લેન ક્રેશનાં કારણો અંગે તપાસ શરૂ કરવામાં આવી છે અને અધિકારીઓ ઘટનાની વિગતવાર તપાસ કરી રહ્યા છે. સ્થાનિક લોકોમાં આ ઘટનાને લઈને ચિંતા વ્યાપી રહી છે, અને અધિકારીઓએ સુરક્ષા વ્યવસ્થાઓને વધુ મજબૂત બનાવવાની ખાતરી આપી છે.અહેવાલ ભાવેશ વાઘેલા અમરેલી

## સુરતમાં વિમા કંપનીમાંથી બોલતા હોવાની ખોટી ઓળખ આપી પોલીસીના રૂપિયા પરત મેળવવાના બહાને રૂપિયા ૨૧,૯૭,૬૫૬/- ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લેવાના ગુનામાં સંડોવાયેલ આરોપીને સુરત શહેર સાયબર ક્રાઈમ સેલ, ઝડપી પાડ્યા



ફરીયાદી એ ફોન કરી પોલીસી કંપનીમાંથી બોલતા હોવાનું જણાવી ખોટી ઓળખ આપી અલગ અલગ વિમા કંપનીઓમાં ફરિયાદી ના નામે તથા તેમના પરિવારના સભ્યોના નામે ૧૦ પોલીસીઓ લેવડાવી પોલીસીના રૂપિયા પરત મેળવવા અલગ અલગ ચાર્જ જણાવી ફરીયાદી પાસેથી રૂપિયા ૨૧,૯૭,૬૫૬/- ઓનલાઈન ટ્રાન્સફર કરાવી છેતરપીંડી કરવામાં આવી હતી ફરીયાદી એ આ બાબતે સાયાબર ક્રાઈમ હેલ્પ લાઈન નં.૧૯૩૦ ઉપર ફોન કરી ફરીયાદ કરતા તે અંગેની વધુ તપાસ સાયબર ક્રાઈમ સેલ સુરત દ્વારા હાથ ધરવામાં આવી હતી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાંછેતરપિંડી નો ગુન્હો દાખલ કરી જેના આધારે બેંકો તરફથી જરૂરી વિગતો એકત્ર કરી આ ગુન્હામાં સંડોવાયેલ આરોપીઓને શોધી કાઢવા ટેકનીકલ વર્ક આઉટ કરી અત્રેથી એક ટીમ દિલ્હી ખાતે તપાસમાં મોકલી આપી ઉપરોક્ત ગુન્હામાં સંડોવાયેલ નીચે જણાવેલ આરોપીઓને સાયબર ક્રાઈમ સેલ દ્વારા શોધી કાઢી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી સંવાદદાતા વિજય મકવાણા સુરત

## સુરતમાં ભાજપના શહેર પ્રમુખે કાર્યકરોને સેટ કરવા પાલિકાના ફાળવેલા પ્લોટ સ્થાનિકો માટે બન્યા આફત



: સુરત શહેર ભાજપના હાલના પ્રમુખ અને તત્કાલિન સ્થાયી સમિતિ અધ્યક્ષે પાલિકાના પ્લોટ ભાડે આપી આવક ઉભી કરવાના નામે ભાજપના કાર્યકરોને સેટ કરવા પ્લોટની ફાળવણી શરૂ કરી હતી. પરંતુ હવે આ ધીકતો ધંધો બની ગયો છે અને પાલિકાએ ફાળવેલા પ્લોટમાં જ અનેક નિયમોનું ઉલંઘન થઈ રહ્યું છે. તેથી પાલિકાના ફાળવેલા પ્લોટથી ત્રાહિમામ થઈ ગયેલા મોટા વરાછાના રહીશોએ પ્લોટ ફાળવણી કેન્સલ કરવા માટે રજૂઆત કરી છે. હાલના શહેર ભાજપ પ્રમુખ પરેશ પટેલ જ્યારે સ્થાયી સમિતિના અધ્યક્ષ હતા ત્યારે પ્લોટ ફાળવણીની શરૂઆત કરવામાં આવી હતી. ભાજપના કાર્યકરોને સેટ કરવા માટેના પ્લોટ હવે સ્થાનિકોને અપસેટ કરી રહ્યાં છે.

પાલિકાના વિવિધ હેતુ અનામત ખુલ્લા પ્લોટો ફુડસ્ટોલ તરીકે ચોક્કસ સમય મર્યાદા માટે નિર્ધારિત પ્રતિ ચો.મી. દીઠ ભાડુ વસુલી ફાળવવાનું શરુ કરાયું હતું. જોકે, આ સિસ્ટમને હવે ભાજપના કાર્યકરો, તેમના સંબંધીઓ તથા કેટલાક ચૂંટાયેલા પ્રતિનિધિઓએ રીતસરનો ગોરખ ધંધો બનાવી દીધો છે જેના કારણે હવે પ્લોટ ફાળવ્યા છે તેની આસપાસના લોકોને રહેવું મુશ્કેલ થઈ રહ્યું છે.

મોટાવરાછાના યમુના ચોક પાસે ભાડેથી આપવામાં આવેલા પાલિકાના પ્લોટમાં ફ્રુટ માર્કેટ શરૂ કરવામાં આવતા ટ્રાફીકની સમસ્યા સર્જાતી હોવાની ફરિયાદ સાથે સ્થાનિકો પાલિકા કચેરી આવ્યા હતા.

# વધતી જતી અગન ગોળા જેવી ગરમીનો કોઈ ઉપાય ખરો?

વરસોથી આપણે ઝાડ વાવવામાં આળસ કરીએ છીએ.જે ઝાડો વાવીએ છે એ પણ આપણી બેકાળજીના પરિણામે ઝાડ મુરઝાય અને કરમાય જાય છે.હમણાં છેલ્લા કેટલા સમયથી ગરમી વધતી જાય છે ગરમી આપણને હેરાન પરેશાન કરી નાખે છે ગરમીમાં આપણને કઈ સમજ પડતી નથી. આપણે ગરમીમાં ઢીલા થઈ જઈએ છે. આપણાથી રહેવાતું નથી.આપણી પાસે ગરમી ઓછી કરવાનો કોઈ ઈલાજ નથી માત્ર બપોરે ટ્રાફિક સિગ્નલ બંધ કરવાથી ગરમીની સમસ્યા કોઈ દિવસ હલ થવાની નથી એને માટે ઠોસ અને સચોટ ઉપાય આપણે બધાએ ભેગા મળીને શોધવા પડશે.હજુ તો એપ્રિલ ચાલે છે. મેં આખો મહિનો આપણે કેમ કરીશું? જુનમાં પણ પંદર વીસ દિવસ ગણવાના કેમ થશે.લીંબુ સરબત છાશ અને દહીં ચાલુ રાખવું પડશે.સૌથી મહત્વની વાત ઉનાળામાં તરસ વધારે લાગે છે. આપણે તરત જ ફ્રીઝ ખોલી ઠંડા પાણીની બોટલ ગટગટાવી દઈએ છે. આ સરાસર ખોટુ છે. ઠંડા પાણીથી કોઈ વખત પણ તમારી તરસ બુઝાવવાની નથી. જરા વાર તમને પલ બે પલ એવું લાગશે પણ વળી પાછી તરસ લાગશે બલકે ઘડી ઘડીએ તરસ લાગશે ઘડીભર ઠંડક લાગશે પણ એ બનાવટી હોય શકે છે .ઉનાળાની



આટલી કરપીણ ગરમીમાં ઘરના પાણીના માટલાનું પાણી જ તમારી તરસ બુઝાવી શકે છે . આપણને ઠંડક અને તૃપ્તિનો અહેસાસ થાય છે ફ્રીઝના ઠંડા પાણીથી શરદી ખાંસી થવાનો ભય પણ રહે છે . સુરતમાં વરસોથી આજે પણ આપણા લાલ ટાવરની પાછળ પોલીસ ચોકી નજીક કુંભારવાડાની માટલામાં મોનોપોલી છે. લોકો દુર દુરથી માટલા લેવા અહીં આવે છે.આ માટલાની ઠંડક બે ત્રણ વરસ સુધી રહે છે. કુંભારવાડામાં માટલા બનાવવાનું કામ બારેમાસ ચાલતું રહે છે આ એક બાપદાદાના જમાનાથી ચાલી આવતો ગૃહઉદ્યોગ છે . ઘર આંગણે પુરુષ વર્ગ અને મહિલા વર્ગ સતત માટલા બનાવ્યા કરે છે .અહીંના માટલા વાજબી ભાવ અને ટકાઉ હોય છે.આપણા ઘરે આવનાર મહેમાન પણ માટલાનું પાણી પીવાનો આગ્રહ રાખે છે.ઠંડું ફ્રીજનું પાણી અને ઠંડા પીણાં કરતા માટલાનું પાણી તંદુરસ્તી માટે લાખ ઘણું સારું વહેલી સવારે માટલું બરાબર ધોઈ ભરેલું પાણી બે કલાકમાં ઠંડું થઈ જાય છે આની ઠંડક લાંબો સમય સુધી રહે છે માટલાનું પાણી પીવાથી તરસ બુઝાય જાય છે સાથોસાથ તમારુ ગળું પણ સુકાતું નથી.પાણી ભરતા પહેલા માટલાને બરાબર પાણીથી ધોઈ સાફ કરીને પછી પાણી ભરવું જોઈએ પછી માટલા પર એક ચોખ્ખું સાફ કપડું વિંટાળીને રાખવું જોઈએ જેથી અંદરનું પાણી ગરમ રહે.તમે ફ્રીજના પાણીના શોખીન છો ને એક બે વખત માટલામાં પાણી લઈ શાંતિથી બેસીને પાણી પી જુવો તમે ફ્રીજનું પાણી પીવાનું ભુલી જશો.અબ્બાસભાઈ સીરાજભાઈ કૌકાવાલા સુરત .૯૩૭૬૯ ૮૧૪૨૭

Printed, Published & owned by Dilip Nanjibhai Patel Printed at Taptilok Publication Plot No. 152/153, Shree Ram Industrial Estate, Pandesara GIDC, Opp Petrol Pumb Surat. Published at Flat No. 301, Building - A Madhav Residency, Near Angan Residency, karadva Road, Dindoli Dist Surat - 314210 Gujarat Editor Dilip Nanjibhai Patel